પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૧-૦૭-૨૦૨૫- શુક્રવાર, સુરત


સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૮૫ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# બર્ફાની બાબા અલોપ થતા હજારો શ્રદ્ધાળુઓ નિરાશ



## માત્ર સાત દિવસમાં બાબા અમરનાથનું શિવલિંગ પીગળી જતા ભારે કષ્ટ વેઠીને બર્ફાની બાબાના દર્શન કરવા પહોંચેલા હજારો શ્રદ્ધાળુઓના મનની ઈચ્છા મનમાં રહી ગઈ

નવી દિલ્હી, તા. ૧૧

૩ જુલાઈ, ૨૦૨૫ને ગુરુવારથી અમરનાથ યાત્રાનો પ્રારંભ થયો હતો. આસ્થાભેર શરૂ થયેલી આ યાત્રામાં શ્રદ્ધાળુઓને નિરાશાજનક અનુભવ થયો છે. બાબા બર્ફાનીનાં ભવ્ય અને દિવ્ય દર્શન કરવા સમગ્ર દેશમાંથી મોટી સંખ્યામાં યાત્રીઓ જમ્મુ-કાશ્મીર તરફ રવાના થયા હતા, પરંતુ યાત્રા શરૂ થયાના માત્ર સાત દિવસમાં જ શિવલિંગ સંપૂર્ણ પીગળી જતાં શ્રદ્ધાળુઓમાં નિરાશા વ્યાપી ગઈ છે. પવિત્ર શ્રાવણ માસ પહેલાં જ શિવલિંગ પીગળી જતાં આવનારા દિવસોમાં યાત્રાએ જવાનું આયોજન કરનારા ભક્તો પણ અસમંજસભરી સ્થિતિમાં મુકાયા છે.

સુરતથી મિત્રો સાથે અમરનાથ યાત્રાએ પહોંચેલા સુરેશ સુહાગિયાએ જણાવ્યું હતું કે ગત ૩ જુલાઈએ આસ્થાભેર અમરનાથ યાત્રા શરૂ થઈ છે. યાત્રીઓનો અવિરત પ્રવાહ પવિત્ર ગુફા તરફ વધી રહ્યો છે. પહેલગામ અને બાલ-તાલ બંને માર્ગ ઉપરથી હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ બાબા બર્ફાનીનાં દર્શને ઊમટી રહ્યા છે. બાલ-તાલના રસ્તે પોતે બુધવારે બપોરે અમરનાથ ગુફા પહોંચ્યા હતા. મનમાં બાબાનાં દર્શન કરવાની અતૂટ શ્રદ્ધા અને તીવ્ર ઈચ્છા વચ્ચે શિવલિંગનું સ્થાન ખાલી જોઈ સૌકોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. બદલાયેલા પર્યાવરણીય પરિબળોને કારણે શિવલિંગ આકસ્મિક રીતે ખૂબ ઝડપથી ઓગળી જતાં અમરનાથ દાદાનાં દર્શન કરવાની મનની ઈચ્છા મનમાં રહી ગઈ હતી. અમરનાથ યાત્રા સમગ્ર હિન્દુ સમુદાય માટે આસ્થા, આરાધના, એકતા અને આત્મવિશ્વાસનું પ્રતીક મનાય છે. દર વર્ષે લાખોની સંખ્યામાં હિન્દુઓ બાબા બર્ફાનીનાં દર્શન કરવા જમ્મુ-કાશ્મીરના પવિત્ર અમરનાથ ધામે યાત્રા કરે છે. જોકે આ વર્ષે શ્રદ્ધાળુઓએ પ્રારંભિક દિવસોમાં જ આસ્થા પર ભાવનાત્મક આઘાતની લાગણી અનુભવી છે. યાત્રા શરૂ થયા બાદ સૌપ્રથમવાર માત્ર સાત દિવસમાં જ શિવલિંગ આકસ્મિક રીતે સંપૂર્ણ ઓગળી ગયું છે, આ વાત પોતે સુરતથી ગયેલા એક શ્રદ્ધાળુએ જણાવી છે. ભક્તિસભર અમરનાથ ગુફાનું આ દશ્ય જોઈ સુરતના શ્રદ્ધાળુઓમાં નિરાશા વ્યાપી ગઈ છે.

શિવલિંગ એકાએક ઓગળી જતાં હજારો યાત્રીઓ નિરાશ ચહેરે ગુફામાંથી પરત ફર્યા હતા. હાલ અમરનાથ, શ્રીનગર સહિતના ટૂરિસ્ટ સ્પોર્ટ પર ક્યાંય બરફ નથી, એવું જણાયું છે. આગામી દિવસોમાં પવિત્ર શ્રાવણ માસ શરૂ થઈ રહ્યો છે અને રક્ષાબંધન સુધી યાત્રા ચાલવાની છે. શિવલિંગ ઓગળી ગયું હોવાનો મેસેજ મળતાં આવનારા દિવસોમાં અમરનાથ જનારા યાત્રીઓ અસમંજસભરી સ્થિતિમાં મુકાયા છે.

# ઓપરેશન સિંદુરમાં ૨૩ મિનિટમાં ૯ લક્ષ્યો પર સચોટ હુમલા કરાયા : અજિત ડોભાલ

### ઓપરેશન સિંદુર ભારતની સૈન્ય તથા ગુપ્તચર શક્તિનું પ્રતિક છે : એન.એસ.એ



નવી દિલ્હી, તા. ૧૧

ચેન્નાઈ, તમિલનાડુ  રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલે શુક્રવારે ચેન્નાઈમાં એક કાર્યક્રમ દરમિયાન 'ઓપરેશન સિંદૂર' વિશે મહત્વપૂર્ણ ખુલાસો કર્યો. ડોભાલે કહ્યું કે આ ઓપરેશન ભારતની સ્વદેશી લશ્કરી ક્ષમતાઓ અને ગુપ્તચર શક્તિનું પ્રતીક છે, જેમાં માત્ર ૨૩ મિનિટમાં ૯ આતંકવાદી લક્ષ્યોને નિશાન બનાવવામાં આવ્યા હતા. ડોભાલે કહ્યું, "આપણે આપણી સ્વદેશી ટેકનોલોજી પર કામ કરવું પડશે. સિંદૂર ઓપરેશનમાં સ્વદેશી સામગ્રી અને ચોકસાઈનું પ્રમાણ ગર્વ કરવા યોગ્ય છે." તેમણે કહ્યું કે બધા લક્ષ્યો સરહદ પર ન હતા, પરંતુ પાકિસ્તાનની અંદર સ્થિત હતા અને ભારતે ફક્ત તે લક્ષ્યોને નિશાન બનાવ્યા હતા જેના વિશે સચોટ માહિતી હતી. ઓપરેશનના સમયસર અને નિર્ણાયક સંચાલનને રેખાંકિત કરતા, NSAએ કહ્યું, "સમગ્ર ઓપરેશનમાં ફક્ત ૨૩ મિનિટ લાગી. અમે કોઈ ભૂલ કરી ન હતી. કોઈ લક્ષ્ય ચૂકી ગયું ન હતું. અમે ફક્ત ત્યાં જ હુમલો કર્યો જ્યાં અમને કોણ અને શું હાજર હતું તેની સ્પષ્ટ માહિતી હતી."

ડોભાલે મીડિયા કવરેજ પર પણ ટિપ્પણી કરી. તેમણે કહ્યું કે ન્યૂ યોર્ક ટાઈમ્સે તેના પર સવાલ ઉઠાવ્યા હોવા છતાં, સેટેલાઈટ છબીઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે

અનુસંધાન પાના ૭ પર

# પાંચ મહિના પછી મ્યુચ્યુઅલ ફંડમાં ૨૪ ટકા રોકાણ વધ્યું

### મ્યુચ્યુઅલ ફંડ્સમાં જૂનમાં રૂ. ૨૩,૫૮૭ કરોડનો ઈનફલો જોવાયો

નવી દિલ્હી, તા. ૧૧

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલાં આંકડા અનુસાર જૂનમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સ (એમએફ)માં ચોખ્ખો પ્રવાહ ૨૪ ટકા વધીને રૂ.૨૩,૫૮૭ કરોડ થયો છે. આનાથી સતત પાંચ મહિનાથી ચાલી રહેલી ઉપાડની પ્રક્રિયાનો ભંગ થયો છે.

એસોસિયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)એ બુધવારે જણાવ્યું હતું કે મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સમાં ચોખ્ખો પ્રવાહ સતત ૫૨મા મહિને સકારાત્મક રહ્યો છે, જે રોકાણકારોના સતત વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં જૂનમાં રૂ.૨૩,૫૮૭ કરોડનો ઈનફ્લો જોવાયો હતો, જે મે મહિનામાં રૂ.૧૯૦૧૩ કરોડ હતો. આ પહેલાં ડિસેમ્બરમાં ૪૧,૧૫૬ કરોડનું રોકાણ થયું હતું.

આ પછી શેરબજારમાં તેજ ગતિવિધીના કારણે તેમણે ઘટાડાનો સમયગાળો શરૂ કર્યો હતો, પરંતુ જૂન મહિના દરમિયાન બજારનું વળતર મળવાને કારણે મ્યુચ્યુઅલ ફંડમાં ફરી એક વખત નેટ રોકાણમાં વધારો થયો છે.

એમ્ફી દ્વારા જાહેર કરવામાં આવેલાં આંકડા અનુસાર, સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન્સ (એસઆઈપી)માં સમીક્ષાધીન

અનુસંધાન પાના ૭ પર

### ઈટાવામાં અતિભારે વરસાદ

# રેલ્વે અંડરપાસમાં વિદ્યાર્થીઓથી ભરેલી બસ ડૂબી : તમામનો બચાવ

### હિમાચલમાં ભૂસ્ખલનના કારણે ૨૦૮ રસ્તાઓ બંધ

નવી દિલ્હી, તા. ૧૧

ઉત્તર પ્રદેશના ઈટાવામાં ભારે વરસાદને કારણે રેલવે અંડરપાસમાં પાણી ભરાઈ ગયું. સૈફઈ મેડિકલ યુનિવર્સિટીના સ્ટાફ અને વિદ્યાર્થીઓથી ભરેલી બસ ૬ ફૂટ ઊંડા પાણીમાં ફસાઈ ગઈ. બસમાં સવાર ૨૪થી વધુ લોકોને એક કલાક પછી બચાવી લેવામાં આવ્યા.

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ ચાલુ છે. છેલ્લા ૯ દિવસમાં વરસાદ, વાદળ ફાટવા અને ભૂસ્ખલનને કારણે ૪૬ લોકોના મોત થયા છે. જોકે, આમાંથી મોટાભાગના લોકોએ વરસાદથી ક્ષતિગ્રસ્ત રસ્તાઓ પર થયેલા અકસ્માતોમાં જીવ ગુમાવ્યા છે.વરસાદને કારણે હિમાચલમાં ૨૦૮ રસ્તા બંધ કરવામાં આવ્યા છે. આમાં મંડી-ધરમપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૩નો સમાવેશ થાય છે જે પંજાબના અટારીને લદ્દાખના લેહ સાથે જોડે છે. આજે હિમાચલના સિરમૌર અને કાંગડામાં વરસાદ માટે ઓરેન્જ એલર્ટ છે.દરમિયાન, સિક્કિમના ગ્યાલશિંગ જિલ્લામાં, છેલ્લા ૨૪ કલાકથી સતત વરસાદ પડી રહ્યો છે. જેના કારણે, દૂરના યુક્સોમ શહેરમાં લાકડાના બે પુલ તૂટી ગયા છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે મધ્યપ્રદેશ અને રાજસ્થાનના પૂર્વી ભાગોમાં ભારે વરસાદ પડશે. બંને રાજ્યોમાં વરસાદ માટે ઓરેન્જ એલર્ટ છે. જ્યારે ઉત્તરાખંડ, હિમાચલ, પંજાબ, હરિયાણા, ચંડીગઢ અને દિલ્હી સહિત ૨૨ રાજ્યોમાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યો છે.

અનુસંધાન પાના ૭ પર

# વર્ષ ૨૦૬૧માં ભારતીય જન સંખ્યા ૧.૭ અબજ થઈ જશે

### છેલ્લા ૭૫ વર્ષમાં દુનિયાની વસ્તી ત્રણ ગણીથી વધુ વધી

નવી દિલ્હી, તા. ૧૧

ભારતની વસ્તી સતત વધતી રહેશે અને તે ૨૦૬૧ માં ૧.૭ અબજ સુધી થઈ જશે.ત્યારબાદ તે ધીરેધીરે ઘટીને ૧.૫ અબજ થઈ જવાની આશા છે. પ્યુ રિચર્સ સેન્ટરનાં સંયુકત રાષ્ટ્રની વિશ્વ વસ્તી રિપોર્ટના આધારે થયેલ વિશ્લેષણમાં આ જાણકારી બહાર આવી છે.

આજે શુક્રવારે વિશ્વ વસ્તી દિન ઉજવવામાં આવે છે. વિશ્લેષણમાં જાણવા મળ્યુ છે કે છેલ્લા ૭૫ વર્ષમાં દુનિયાની વસ્તી ત્રણ ગણીથી વધુ વધી ગઈ છે. સંયુકત રાષ્ટ્રને આશા છે કે હવેથી ૨૧૦૦ દરમ્યાન તેમાં ૧.૯ અબજનો વધારો થશે. જયારે દુનિયાની વસ્તી ૨૦૨૪ માં લગભગ ૧૦.૩ અબજ પર સૌથી વધુ હશે અને પછી સદીનાં અંત સુધીમાં ઘટીને ૧૦.૨ અબજ રહી જશે.

૨૦૨૫ માં દુનિયાનાં ત્રણ સૌથી વધુ વસ્તીવાળા દેશ-ભારત ચીન અને અમેરિકા આવનારા દાયકામાં ઘણા અલગ રસ્તા પર ચાલશે. હાલ ભારતની વસ્તી ૧.૫

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકાના પાડોશી દેશ કેનેડા પર ૩૫ ટકા ટેરિફ ઝીંકતા ટ્રમ્પ

## કેનેડા અમેરિકા પર વળતો ટેરિફ લાગુ કરશે તો વધુ ટેરિફ લાદવા ટ્રમ્પની ધમકી



વોશિંગ્ટન, તા. ૧૧

દુનિયાભરમાં ટેરીફનો ડંડો લઈને સૌને ડરાવી રહેલા અમેરીકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે તેના જ પાડોશી દેશ કેનેડા ઉપર ૩૫ ટકાના નવા ટેરીફની જાહેરાત કરી છે અને તે ઓગસ્ટ માસથી લાગુ થઈ જશે.

હાલમાં જ જી-૭ દેશોની મુલાકાત માટે કેનેડા ગયેલા અને આ બેઠક અધૂરી મુકીને અમેરીકા પરત આવનાર ટ્રમ્પએ ગઈકાલે બ્રાઝીલ ઉપર ૫૦ ટકા ટેરીફ લાગવાની જાહેરાત કર્યા બાદ હવે કેનેડાથી આયાત થતા ઉત્પાદનો ઉપર ૩૫ ટકા ટેરીફની જાહેરાત કરી છે.

કેનેડાએ લાંબા સમયથી ટ્રમ્પના ટાર્ગેટ ઉપર છે અને તે આ દેશને અમેરીકાનું ૫૧મું રાજય પણ બનાવવા માંગે છે પરંતુ કેનેડાએ અમેરીકા સામે ઝુકવાનો ઈન્કાર કર્યો છે જો કે અમેરીકા અને કેનેડા વચ્ચે જંગી વ્યાપાર ખાધ કેનેડાની તરફેણમાં છે.

ટ્રમ્પ માટે તે સતત પ્રશ્નો ઉભા કરી રહ્યું છે તે સમયે ટ્રમ્પે કહ્યું કે, અમેરીકી ડેરી ઉત્પાદનો પર કેનેડા ૪૦૦ ટકા ટેરીફ લગાવે છે પરંતુ અમે હજુ ૩૫ ટકા જ લગાવ્યા છે. ટ્રમ્પે એ પણ ધમકી આપી કે જો કેનેડા જવાબમાં વળતા વધુ ટેરીફ લગાવશે.તો તેટલા જ ટેરીફ અને તેમાં ૩૫ ટકા ઉમેરીને અમે તેનાથી

અનુસંધાન પાના ૭ પર

# ભાજપના રાષ્ટ્ર પ્રમુખની ચૂંટણીનું કાઉન્ટ ડાઉન શરૂ

### ગુજરાત, યુપી, દિલ્હી, હરિયાણા સહિતના રાજ્યોમાં પ્રમુખ મુદ્દે ભાજપ અનિર્ણિત

નવી દિલ્હી, તા. ૧૧

ભાજપના નવા રાષ્ટ્રીય પ્રમુખની પસંદગી કમ ચૂંટણીનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે પરંતુ પક્ષને હજુ ઉતરપ્રદેશ, ગુજરાત, કર્ણાટક, હરીયાણા સહિતના સાત મહત્વના રાજયોમાં નવા પ્રદેશ પ્રમુખ નિમવામાં જે રીતે વિલંબ થઈ રહ્યો છે તે દર્શાવે છે કે પક્ષમાં આંતરીક રીતે જબરી ખેંચતાણ અને અસંતોષ પણ હવે ભાજપને પરેશાન કરી રહ્યો છે.

ભાજપે ૨૯ રાજયોમાં તેની સંગઠનાત્મક ચૂંટણીઓ પૂરી કરી છે. જેમાં પંજાબમાં હજુ કાર્યકારી પ્રમુખ નિયુકત થયા છે. પક્ષ રાષ્ટ્રીય પ્રમુખ નિમવા માટે બંધારણની જોગવાઈઓ મુજબ સક્ષમ થઈ રહ્યો છે. પણ મહત્વપૂર્ણ રાજયને બાયપાસ કરીને રાષ્ટ્રીય પ્રમુખ નીમે તે ભાજપમાં પ્રથમ વખત બની રહ્યું છે.

ગુજરાત કે જયાં છેલ્લા દસકાથી ભાજપનું શાસન છે અને સંગઠનાત્મક રીતે પણ તે મજબુત છે. તે ઉપરાંત તે મોદી અને શાહની હોમ સ્ટેટ પણ છે. આ તમામ ઉપલબ્ધીઓ હોવા છતા પણ ભાજપ એ નિશ્ચિત કરી શકતો નથી કે નવા પ્રદેશ પ્રમુખ કોણ હશે?

અનુસંધાન પાના ૭ પર

### મોરબીમાં રાજકીય આગની જવાળા

# કાંતિલાલ અમૃયિાના વિરુદ્ધ ઈટાલિયાનો જંગ

## સોમવારે રાજીનામા આપવાની ગોપાલ ઈટાલિયા અને કાંતિલાલ અમૃતિયાની તૈયારી

મોરબી, તા. ૧૧

મોરબીના ધારાસભ્યએ ગોપાલ ઈટાલિયાને મોરબીમાં ચૂંટણી લડવા માટે આવવાની ચેલેન્જ કરી હતી. જેને ગોપાલ ઈટાલિયાએ સ્વીકારી હોવાનો વિડીયો સામે આવ્યો હતો. ત્યાર બાદ મોરબીના ધારાસભ્યએ પ્રતિક્રિયા આપી હતી કે, સોમવારે વિધાનસભાના અધ્યક્ષ પાસે હું મારૂ રાજીનામું લઈને જવાનો છું અને ત્યાં ગોપાલભાઈ પણ રાજીનામું લઈને આવી જાય. હવે જો ચૂંટણી લડવામાં તમે પાછા પડ્યા તો તમારા અને હું પાછો પડું તો મારા બાપમાં ફેર છે.

મોરબીમાં છેલ્લા ત્રણ દિવસમાં જુદાજુદા ત્રણ વિસ્તારમાં લોકોએ પ્રાથમિક સુવિધા માટે આંદોલન કર્યા હતા અને ત્યારે આમ આદમી પાર્ટીના લોકો પણ ત્યાં આવ્યા હતા. જો કે, તંત્ર દ્વારા જે વિસ્તારમાં કામ ચાલુ કરવામાં આવ્યું હતું ત્યાં કાંતિભાઈ અમૃતિયા કલેક્ટર અને કમિશનર સહિતના અધિકારીને લઈને ગયા હતા અને ત્યાર બાદ પત્રકારોને કામગીરી વિષેની માહિતી આપતા હતા.

ત્યારે પત્રકારોએ મોરબીમાં છેલ્લા દિવસોમાં થયેલા આંદોલનમાં લોકોને વારંવાર વિસાવદર વાળી થશે તેવી ચીમકી ઉચ્ચારી હતી. તે અંગેનો સવાલ પૂછાયો હતો જેના જવાબમાં તેઓએ કહ્યું હતું કે, ગોપાલભાઈ ચૂંટણી લડવા માટે આવી જાય હું રાજીનામું મૂકી દઈશ અને જો ગોપાલભાઈ ચૂંટણી જીતે તો હું તેને બે કરોડ રૂપિયા આપીશ.

આવી ખુલ્લી ચેલેન્જ આપી હતી જેને ઝીલીને ગોપાલભાઈ ઈટાલિયાએ પણ એક વિડીયો સોશ્યલ મીડિયામાં મૂક્યો હતો અને મોરબીના ધારાસભ્યની ચેલેન્જ તેઓએ સ્વીકારી છે તેવું કહ્યું હતું.

ગોપાલભાઈના વિડીયો સામે પ્રતિક્રિયા આપતા મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ કહ્યું હતું કે, ચોમાસામાં લોકોના પ્રશ્નો હોય તે હું સ્વીકારું છું અને લોકોની માફી માંગુ છું જો કે, ગુજરાતમાં એક માત્ર વિસાવદરની બેઠક આવી ત્યાં તો આખા ગુજરાતમાં ઉપાડો લીધો છે. અને લોકોને ઉશ્કેરવાના અને ભડકાવવાના ધંધા કરવામાં આવી રહ્યા છે જેથી હું આગામી સોમવારે ૧૨ વાગ્યે રાજીનામુ મુકવા માટે વિધાનસભાના

અનુસંધાન પાના ૭ પર

# ગંભીરા બ્રિજ દુર્ઘટના : નદીમાં ખાબકેલી બે ટ્રકો બહાર કઢાઈ

### મહિસાગર નદીમાં ગુમ થયેલા બે લોકોની શોધખોળ ચાલુ

અમદાવાદ, તા. ૧૧

વડોદરા-આણંદ વચ્ચે મહીસાગર નદી પરનો ગંભીરા બ્રિજ તૂટી પડવાની દુર્ઘટનામાં મૃત્યુઆંક ૧૮ પર પહોંચી ગયો છે હજુ બે લોકો લાપતા હોવાથી સર્ચ ઓપરેશન ચાલુ જ રાખવામાં આવ્યું છે.સરકારે દુર્ઘટનાની જવાબદારી ફીકસ કરી હોય તેમ માર્ગ-મકાન વિભાગનાં ચાર અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. અને હજુ વધુ કેટલાંક અધિકારીઓ પર એકશન આવવાના ભણકારા છે.ગંભીરા બ્રિજ દુર્ઘટનાનો આજે ત્રીજો દિવસ છે. છતા તમમ લાપતા લોકોને શોધી શકાયા નથી. આજે સતત ત્રીજા દિવસે એનડીઆરએફ સહીતની એજન્સીઓ દ્વારા સર્ચ ઓપરેશન જારી રાખવામાં આવ્યુ હતું.ગઈકાલે પાંચ મૃતદેહો મળ્યા હતા અને મૃત્યુઆંક ૧૮ પર પહોંચ્યો હતો હજુ બે લોકો ગુમ હોવાની હકીકતને ધ્યાને રાખીને બચાવ અભિયાન ચાલુ જ રાખવામાં આવેલ છે.દુર્ઘટનાને પગલે નદીમાં બે ટ્રક સહીતનાં વાહનો ખાબકયા હતા તેને બહાર કાઢવાનાં પડકારજનક બન્યુ હતું. સૈન્યની ક્રેઈન મારફત લોડેડ ટ્રક બહાર કાઢવાનો પ્રયત્ન ગઈકાલે સફળ થયો હતો.એટલે આજે ફરી પ્રયાસ કરાયો હતો બન્ને ટ્રકને આજે સવારે બહાર કાઢી લેવામાં આવ્યા હતા.

દરમ્યાન ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ રાજયભરનાં તમામ પૂલોનાં ઈન્સ્પેકશ ચકાસણી કરવાનાં આદેશો બાદ ધડાધડ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સતત બીજા દિવસે મીટીંગ કરીને તમામ બ્રીજનાં ફરી ઈન્સ્પેકશનની સુચના આપી હતી.

અનુસંધાન પાના ૭ પર

# ભારત વિકાસ પરિષદ સૂર્યનગરી દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઈ

## શિક્ષકોની વંદના કરી સન્માનીત કરવામાં આવ્યા

સુરત, તા.૧૧

ભારત વિકાસ પરિષદ સૂર્યનગરી શાખા દ્વારા ગુરુ પૂર્ણિમા નિમિત્તે ગુરુવંદન છાત્રાભિનંદન કાર્યક્રમ અંધજન મંડળની શાળાના આચાર્ય , શિક્ષક અને વિદ્યાર્થી સાથે યોજાયો. શાળાના વિદ્યાર્થીઓ પ્રાર્થના રજૂ કરી. ગુરુવંદના ગીત રજૂ કર્યું. ગુરુપૂર્ણિમાનું મહત્વ પર પોતાનું વક્તવ્ય રજૂ કર્યું. વિદ્યાર્થીઓએ આચાર્ય, શિક્ષકો નું કુમકુમ તિલક કરી પૂજન કર્યું. અને સૂર્યનગરી શાખાના અધિકારીઓ અને સભ્યશ્રી દ્વારા શાલ ઓઢાડી સન્માન કર્યું અને ગીતા નું પુસ્તક અર્પણ કર્યું હતું. ગત વર્ષે જે તે શ્રેણી માં પ્રથમ આવનાર વિધ્યાર્થી તથા વિવિધ સ્પર્ધા માં વિજેતા બન્યા હતા તેને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા. ૧૭ વિદ્યાર્થી નું છાત્રાભિનંદન કર્યું હતું. શાળા ના તમામ વિદ્યાર્થીઓ ને બિસ્કીટ આપી. ભારત વિકાસ પરિષદ ના ૭૩ માં સ્થાપના દિન ની ઉજવણી કરી હતી. કાર્યક્રમ માં ભારત વિકાસ પરિષદ ગુજરાત સાઉથ પ્રાંત ના ખજાનચી શ્રી પ્રદ્યુમન જરીવાલા, જિલ્લા કોડિનેટર શ્રી વિપુલ જરીવાલા ઉપસ્થિત રહ્યા હતા. શાખા ના મંત્રી શ્રી રંજના પટેલ, ખજાનચી નીના દેસાઈ, પ્રો.કન્વીનર પ્રહર્શા મહેતા અને ય્ફઝછ કો. ઓ બેલા પટેલ,નર્મદા પટેલ અને અન્ય કારોબારી સભ્યો અને સભ્યો શ્રી ઉપસ્થિત રહી દ્વિવિધ કાર્યક્રમ ની સફળતા થી ઉજવણી કરી હતી.

# સુરત જિલ્લામાં ૬૮.૬૮ કિ.મી.ના રસ્તાની મરામતની કામગીરી પૂર્ણ

## વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓ ખૂબ જ ઝડપથી મોટરેબલ બનતા વાહન વ્યવહાર પૂર્વવર્ત

સુરત, તા.૧૧

છેલ્લા કેટલાક દિવસોથી સુરત જિલ્લામાં પડેલા ભારે વરસાદના કારણે જિલ્લાના સ્ટેટના માર્ગો અસરગ્રસ્ત બન્યા છે. વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓ ખૂબ જ ઝડપથી મોટરેબલ બનાવી વાહન વ્યવહાર પૂર્વવર્ત કરવામાં આવી રહ્યો છે. નાગરિકોને યાતાયાતની સુવિધામાં કોઈપણ પ્રકારની તકલીફ ના પડે તે માટે રોડ રસ્તા રીપેરીંગની કામગીરી જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી રહી છે. માર્ગ અને મકાન વિભાગ-૧ના કાર્યપાલક ઈજનેર નલીન પટેલ-૧ અને કાર્યપાલક ઈજનેર-૨ના પ્રશાંત ચૌધરી દ્વારા યુધ્ધના ધોરણે જિલ્લાઓમાં રસ્તાઓના પેચવર્ક, મરામતની કામગીરી કરવામાં હાથ ધરવામાં આવી છે. લોકોની અવરજવર સરળ બને એ માટે તાત્કાલિક સફાઈ, મટિરિયલ ભરી, મરામત કરી વાહન વ્યવહાર પુનઃ ચાલુ કરવામાં આવી રહ્યા છે. હાલ સુધીમાં સુરત જિલ્લાના મરામત કરવાપાત્ર હોય તેવા ૧૫૮ કિ.મીના રસ્તાઓ પૈકી ૬૮.૬૮ કિ.મી.ના મરામતની કામગીરી પુર્ણ કરવામાં આવી છે. ૯૨૦ માઈનોર ખાડાઓનું પેચવર્ક કરવામાં આવ્યા જયારે પેવર બ્લોકથી ૩૩ જેટલા ખાડાઓ અને ૬૪૫ મેટલથી ખાડાઓની મરામત કરવામાં આવી છે. જયારે ૨૪૦ ડામરથી ખાડાઓની મરામત કરવામાં આવી છે. રસ્તાઓના મરામતની કામગીરી ઝડપથી પૂર્ણ થાય તેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.



# વિમલ ટોરમલ પોદ્દાર કોલેજમાં ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો

## બીસીએ તથા કોમર્સ કોલેજમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

સુરત, તા.૧૧

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત, વિમલ ટોરમલ પોદ્દાર બીસીએ અને કોમર્સ કૉલેજ, પાંડેસરા ખાતે તા. ૧૦/૦૭/૨૦૨૫ ના રોજ ગુરુવંદના કાર્યક્રમ નુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ડો. પ્રતીકભાઈ પટેલ- પ્રચારક, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ- સુરત મહાનગર, ઉપસ્થીત રહ્યા હતા. તેમજ સંસ્થાના પ્રમુખ શ્રી સુધાકારજી માસ્તર, મંત્રીશ્રી નીરજભાઈ પટેલ, વ્યવસ્થાપક શ્રી ચંદ્રકાંતભાઈ શાહ, બી.સી.એ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો. ચેતન રાઠોડ, કોમર્સ કોલેજમાં ઈન્ચાર્જ આચાર્ય શ્રી અજયભાઈ પાટીલ તેમજ અધ્યાપક ગણ અને કુલ ૧૫૦ જેટલા વિધાર્થીઓ આ કાર્યક્રમના ઉપસ્થીત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ભારત માતા તેમજ ગુરુઓનું પૂજન કરીને કરવામાં આવી હતી અને કાર્યક્રમના મુખ્ય અતિથિ દ્વારા વિધાર્થીઓને આજના સમયમાં ગુરુ નું મહત્વ વિશે બોધપાઠ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનુ સંચાલન ડો. પૂજાબેન પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ સંસ્થાના પ્રા. અંકિત જાદવ દ્વારા ખુબજ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# સમયસર ખબર પડે તો કેન્સરનો ઈલાજ શક્ય છે : ડો. મિશલ શાહ

## ચેમ્બર દ્વારા હેલ્થ અવેરનેસ અંગે કેન્સર સ્ક્રીનિંગ વિષે સેશન યોજાયું



સુરત, તા.૧૧

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ અવેરનેસ અંતર્ગત રવિવાર, તા. ૬ જુલાઇ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે કેન્સર સ્ક્રીનિંગ વિષય પર સેશન યોજાયું હતું, જેમાં યુનિવર્સલ હોસ્પિટલના ડિરેક્ટર ડો. મિશલ શાહે વિસ્તૃત જાણકારી આપી હતી. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, હેલ્થ અવેરનેસ અંતર્ગત આયોજિત વિવિધ સેશનનો હેતુ લોકોમાં આરોગ્ય સંબંધિત જાગૃતિ ફેલાવવાનો તથા સ્ક્રીનિંગ વિશેના ભ્રમ દૂર કરીને તેઓને રેગ્યુલર હેલ્થ ચેકઅપ તરફ તેઓને પ્રોત્સાહિત કરવાનો હતો. યુનિવર્સલ હોસ્પિટલના ડિરેક્ટર ડો. મિશલ શાહે જણાવ્યું હતું કે, કેન્સર એ એવી બીમારી છે કે તેના અંગે જો સમયસર ખબર પડી જાય તો તેનો ઈલાજ શકય છે. સ્ક્રીનિંગ એ સમયસર કેન્સર શોધવાનો સૌથી અસરકારક ઉપાય છે. ખાસ કરીને સ્તન કેન્સર, સર્વાઇકલ કેન્સર અને કોકડા (કોલોન) કેન્સર જેવી કેટલીક પ્રકારના કેન્સર માટે રેગ્યુલર સ્ક્રીનિંગ અભ્યાસ જીવન બચાવી શકે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કેન્સર સ્ક્રીનિંગથી ઘણા લોકોને પ્રાથમિક તબક્કે કેન્સર પકડાઈ જતું

અનુસંધાન પાના ૭ પર

# સુરત જિલ્લા સાધુ સમાજ દ્વારા ગુરૂ પૂર્ણિમાની ઉજવણી

## સુંદરકાંડ પાઠ સાથે બાપુના શિષ્યોને કંઠી અર્પણ કરાઈ

સુરત, તા.૧૧

રામજી મંદિર (ખાખી) નાના વરાછા મહંત શ્રી કલ્યાણદાસ બાપુ ના શિષ્ય શ્રી અખિલેશ દાસ બાપુ (પ્રમુખશ્રી સુરત જિલ્લા સાધુ સમાજ) દ્વારા ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવેલ. સવારે સુંદરકાંડના પાઠ કરીને બાપુના શિષ્યો ને કંઠી અર્પણ કરવામાં આવેલ. બહારથી પધારેલા સાધુ સંતો અને બ્રાહ્મણોને દાન દક્ષિણ આપવામાં આવેલ.૧૧.૦૦ કલાકે સદગુરુ શ્રી કલ્યાણદાસ બાપુનું પૂજન અર્ચન કર્યા પછી તમામ ભાવિક ભક્તો માટે મહાપ્રસાદનો આયોજન કરવામાં આવેલ. બાપુએ તમામ શિષ્યોને



વ્યસનથી દૂર રહીને સાચા માર્ગે સમાજની સેવા કરવા માટે હંમેશા ખડે પગે રહેવું જોઈએ. ગુરુ જ્ઞાન અને સેવાની વહેતી નદી જેવા છે. સત્ય અને સનાતનના માર્ગ પર આગળ વધશો તો ક્યારે દુઃખી થશો નહીં તેવી ભાવના વ્યક્ત કરેલ.

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.માં ગુરૂપુર્ણિમા પર્વની ઉજવણી કરાઈ

## ગુરૂનું માર્ગદર્શન અંધકાર દુર કરી જીવનમાં પ્રકાશ ફેલાવે છે : ડો.ભરત ઠાકોર




સુરત, તા.૧૧

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (વી.એન.એસ.જી.યુ) ના પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગમાં ગુરુવારના દિવસે ગુરુ પૂર્ણિમા અને વ્યાસ જન્મ જયંતીનો ઉત્સવ યોજાયો હતો. આ અવસરે વિદ્યાર્થીઓએ પોતાના શિક્ષકોને ફૂલો આપી સન્માન કર્યું હતું. કાર્યક્રમમાં હાજર મહેમાન પત્રકારોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

વિભાગના અધ્યક્ષ ડૉ. ભરત ઠાકોરએ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે ગુરુ પૂર્ણિમાનો ઉત્સવ આષાઢ મહિનામાં ઉજવાય છે, જે વરસાદી ઋતુ હોય છે. આ સમયે આકાશમાં વાદળ છવાયેલા હોય છે જેના કારણે પૂર્ણ ચંદ્રના દ્રશ્યો જોવા મળતા નથી. પરંતુ જયારે ચંદ્ર વાદળોમાંથી બહાર આવે છે ત્યારે તેની પ્રકાશમય પૂર્ણતા દેખાય છે. આવી જ રીતે ગુરુ પણ આપણાના જીવનમાંથી અંધકાર દૂર કરીને પ્રકાશ લાવે છે. તેથી ગુરુ વિના આપણું કલ્યાણ શક્ય નથી. આ દિવસને વ્યાસ જન્મ જયંતીના રૂપમાં પણ ઉજવવામાં આવે છે. મહર્ષિ વેદ વ્યાસે મહાભારતનું વિસતૃત અને સરળ ગ્રંથરૂપે વર્ણન કર્યું હતું, જે ભારતીય જ્ઞાન પરંપરાનો પાયાનો ગ્રંથ માનવામાં આવે છે. ડૉ. ઠાકોરએ કહ્યું કે આ દિવસે આપણે માતા-પિતા અને ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ કે જેમણે હંમેશા સારા કર્મ કરવા પ્રેરણા આપી છે. તેમણે ગુરુદક્ષિણા, ભારતીય જ્ઞાન-દર્શન સહિત અન્ય વિષયો પર પણ ચર્ચા કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને ખાસ જણાવ્યું હતું કે શીખવું પરસ્પર પ્રક્રિયા છે, જેમાં બધા એકબીજાથી

અનુસંધાન પાના ૭ પર

# તીર્થધામ બોચાસણમાં દિવ્ય માહોલમાં ગુરૂપૂર્ણિમાં ઉત્સવ

## પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના પાવન સાનિધ્યમાં ગુરૂવંદના

સુરત, તા.૧૧

અષાઢ સુદ પુનમ, ગુરુવાર, તા. ૧૦ જુલાઇ ૨૦૨૫ : બોચાસણમાં બિરાજતા ગુરુહરિ પ્રગટ બ્રહ્મ સ્વરૂપ શ્રી મહંત સ્વામી મહારાજના પાવન સાનિધ્યમાં "ગુરુપૂર્ણિમા ઉત્સવ" દેશ – પરદેશના હજારો ભક્તો માટે "ગુરુવંદના" નો અમુલ્ય અવસર લઈને આવ્યો હતો. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આર્ધ્ય સ્થાપક બ્રહ્મ સ્વરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજ દ્વારા નિર્મિત આ મહા મંદિરમાં પ્રતિવર્ષે ઉજવાતો "ગુરુપૂર્ણિમા ઉત્સવ" આ વર્ષે કેન્દ્રિય વિચાર અંતર્ગત આયોજીત હતો. બોચાસણ સ્થિત વાસદ – વટામણને જોડતા ધોરીમાર્ગ ઉપર "શ્રી સ્વામિનારાયણ બાગ"ના વિશાળ સભાગૃહમાં ભવ્યતાથી ઉજવાયેલ ઉત્સવનો લાભ લેવા માટે વહેલી સવારથી હરિભક્તો – ભાવિકોની વિશાળ મેદની ઉમટી હતી. આ પ્રસંગે ઉત્સવ સભાનો લાભ ઉપરાંત બોચાસણ મંદિરમાં ઠાકોરજીના દર્શન માટે પણ હરિભક્તોનો પ્રવાહ ઉમટ્યો હતો જે માટે પૂજ્ય સંતોના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોએ ખૂબ સુંદર વ્યવસ્થા સંભાળી હતી. કશ્રી સ્વામિનારાયણ બાગના વિશાળ સભાગૃહમાં સવારે ૮.૧૫ કલાકે સંગીતજ્ઞ સંતો – યુવકો દ્વારા ધૂન – પ્રાર્થના – સ્તુતિગાન- ગુરુ મહિમા ગાન દ્વારા "ગુરુપૂર્ણિમા ઉત્સવ" સભાનો પ્રારંભ થયો હતો. કેન્દ્રિય વિચારને લક્ષમાં રાખી વિવિધ




અનુસંધાન પાના ૭ પર

# બારશાખ રાજપૂત સમાજ જ્ઞાતિપંચનું ગૌરવ



સુરત, તા.૧૧

શિક્ષણ સહાયક ભરતી ૨૦૨૪ સમગ્ર ગુજરાતમાં ૨૮ મો ક્રમાંક મેળવનાર આપણા સમાજનું ગૌરવ અને અમદાવાદ બારશાખ રાજપૂત જ્ઞાતિ પંચ, અમદાવાદ ઘટકના સભાસદશ્રી અતુલભાઈ વીરસિંગભાઈ સોલંકીના સુપુત્ર શ્રી ધવલકુમાર અતુલભાઈ સોલંકી ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષણ સહાયક ભરતી ૨૦૨૪ ની પરીક્ષા પાસ કરી સમગ્ર ગુજરાતમાં ૨૮ મો ક્રમાંક મેળવી સમાજ અને માતા પિતાનું નામ રોશન કર્યું છે. ત્યારે હર્ષ અને ગૌરવની લાગણી અનુભવતા શ્રી ધવલકુમાર અતુલભાઈ સોલંકી તેમજ તેમના પરિવારને સમાજ લોકો ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી

# પ્રોસેસ ફુડ્સ અને વેજીટેબલ સેગમેન્ટમાં વર્ષે ૫ ટકાની વૃદ્ધિ

## ચેમ્બર દ્વારા એક્ષ્પોર્ટ રેડીનેસ એન્ડ ગ્લોબલ ફૂડ કોમ્પ્લાયન્સ વિષય પર અવેરનેસ સેશન

સુરત, તા.૧૧

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના કનહહય ગ્લોબલ કનેકટ દ્વારા સોમવાર, તા. ૭ જુલાઇ ૨૦૨૫ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે એક્ષ્પોર્ટ રેડીનેસ એન્ડ ગ્લોબલ ફૂડ કોમ્પ્લાયન્સ વિષય પર અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિષ્ણાત વક્તા તરીકે The Acheson Group (TAG)ના ફૂડ સેફટી ડિરેકટર મીસ રણજીત કલેરે ફૂડ એક્ષ્પોર્ટ માટે જરૂરી ગુણવત્તા ધોરણો અને આંતરરાષ્ટ્રીય નિયમોનુસાર ઉત્પાદન પ્રક્રિયાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં કૃષિની સાથે સાથે ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રી ડેવલપ થઇ રહી છે. દક્ષિણ ગુજરાતમાંથી વિવિધ ફળો તેમજ પ્રોસેસ્ડ ફૂડ મોટા પ્રમાણમાં એક્ષ્પોર્ટ થઇ રહયું છે ત્યારે આંતરરાષ્ટ્રીય નિયમો, ગુણવત્તાના ધોરણો અને તેના સંબંધિત પ્રક્રિયાઓ અપનાવવા જરૂરી છે, આથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઉદ્યોગ સાહસિકોને વૈશ્વિક સ્તરે આગળ વધવા માટે વિવિધ કાર્યક્રમો થકી પ્લેટફોર્મ પૂરુ પાડી તેઓને માર્ગદર્શન આપવામાં આવે છે. The Acheson Group (TAG)ના ફૂડ સેફટી ડિરેકટર મીસ રણજીત કલેરે જણાવ્યું હતું કે, યુરોપિયન યુનિયન અને યુનાઈટેડ સ્ટેટસ જેવા વિકાસશીલ બજારોમાં ફૂડ એક્ષ્પોર્ટ કરવા ઈચ્છતા ઉત્પાદકો માટે ફૂડ સેફટી પ્રમાણપત્રો (જેમ કે HACCP, ISO 22000, FSSAI) જરૂરી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ફક્ત ઉત્પાદન નહીં, પણ આખી સપ્લાય ચેઈન એટલે કે મટિરિયલની ખરીદીથી લઈને પેકેજિંગ અને શિપમેન્ટ સુધીમાં ગુણવત્તા અને સલામતીના માપદંડોનું પાલન થવું અનિવાર્ય છે, નહીં તો આંતરરાષ્ટ્રીય બજારમાં નિર્માતાઓને પ્રતિસાદ મળવો મુશ્કેલ બની શકે છે, આથી તેમણે ઉદ્યોગ સાહસિકોને વ્યાવસાયિક રીતે નિકાસ માટેની તૈયારી અને જરૂરી પગલાં વિશે સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪માં યુએસએનો પ્રોસેસ્ડ ફ્રૂટ્સ અને વેજિટેબલ્સ સેગમેન્ટ ૯૮.૪ બિલિયન ડોલરનો

અનુસંધાન પાના ૭ પર



# ગટ્ટુ વિદ્યાલયમાં સીબીએસઈ સ્કૂલના આચાર્યો માટે વર્કશોપ

## માસ્ટર ટ્રેનર મિશેલ ગણેશાલી દ્વારા માર્ગદર્શન અપાયું

અંકલેશ્વર, તા.૧૧

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ સોસાયટી સંચાલિત શ્રી ગટ્ટુ વિદ્યાલયના CBSE વિભાગમાં તા ૧૦/૭/૨૦૨૫ ના રોજ Bharuch District Level Deliberation (DLD) îkhk STEM EDUCATION અંગે ની કાર્યશાળા નું આયોજન કરવામાં આવ્યું હતું. Center of Ex-cellence, CBSE અજમેર ના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યશાળા માં ભરૂચ જિલ્લા ની CBSE શાળાના આચાર્યો ઉપસ્થિત રહ્યાં હતા.ઉપસ્થિત આચાર્યશ્રીઓ ને STEM DLD અંગે ની માહિતી આપવા માં આવી હતી. શ્રી ગટ્ટુ વિદ્યાલય ના કેમ્પસ ડાયરેક્ટર અને ISTM CBSE માસ્ટર ટ્રેનર અને ડિસ્ટ્રિક્ટ ટ્રેનિંગ કોઓર્ડિન્ટર શ્રીમતી મિશેલ ગણેશાણી દ્વારા આ કાર્યશાળા નું સંચાલન કરવામાં આવ્યું હતું. NEP ની પ્રણાલી મુજબ પ્રણાલી

અનુસંધાન પાના ૭ પર

# સુરત શહેર ભાજપ દ્વારા તમામ વોર્ડમાં ગુરૂવંદના કાર્યક્રમ યોજાયા



સુરત, તા.૧૧

ગુરુ પૂર્ણિમાના પાવન દિવસે ભારતીય જનતા પાર્ટી - સુરત મહાનગર દ્વારા પ્રત્યેક વોર્ડમાં ભારતીય જનતા પાર્ટીના આગેવાનશ્રીઓ અને ચૂંટાયેલા લોકપ્રતિનિધિશ્રીઓ તથા કાર્યકર્તાઓ સાથે મળીને પોતાના વોર્ડમાં વિવિધ સંપ્રદાયના વડાઓ, ધર્મગુરુઓ, સાધુ સંતો, ગાદીપતિ, સન્માનિત શિક્ષકશ્રીઓ, સ્કૂલ કોલેજના વરિષ્ઠ આચાર્યશ્રીઓ અને મઠાધીશોનું પૂજન કરવાના કાર્યક્રમનું આયોજન કર્યું હતું .ગુરૂભગવંતોનું સન્માન શાલ તથા ફૂલોથી કરવામાં આવ્યું હતું અને સન્માનિત ગુરૂભગવંતો દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો .

# માંડવી-શેરૂલા રસ્તા પર ખાડા પુરાતા વાહનવ્યવહાર સુગમ બન્યો

સુરત, તા.૧૧

માંડવીથી શેરૂલા જતા માર્ગ પર સતત વરસાદને કારણે ર પડેલા ઉંડા ખાડાઓથી વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. હવે માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઝડપભેર ખાડા પૂરવાની કામગીરી હાથ ધરાતા વાહન વ્યવહાર સરળ બન્યો છે અને અકસ્માતોની શક્યતા પણ ઘટી છે. માંડવી તાલુકાના પીપલવાલા ગામના ખેડૂત ગોતુભાઈ રૂપલાભાઈ ચૌધરી જણાવે છે કે, "હું ખેડૂત છું અને ખેતી માટેનો સામાન લેવા માટે વારંવાર માંડવીથી શેરૂલા જતા આ માર્ગનો ઉપયોગ કરું છું. અનેક વખત ખાડા અને કાદવને કારણે મુશ્કેલી પડી છે, પરંતુ હાલ રસ્તાઓનું સમારકામ થઇ રહ્યું છે, જે સરાહનીય છે. અગાઉ દરરોજ નાના મોટા અકસ્માતના બનાવો બનતા હતા. વરસાદી મોસમમાં રસ્તા પર પાણી ભરાતા ખાડા દેખાતા નહોતાં, જેના કારણે બાઈકસવારો અને વાહનચાલકો માટે માર્ગ જોખમી બની જતો હતો. પરંતુ માર્ગ મકાન વિભાગે પેચવર્ક શરૂ કર્યું છે. જેમાં નેશનલ હાઈવે કે ગ્રામીણ માર્ગ હોય, તમામ ખાડાઓને પૂરી ટ્રાફિક વ્યવસ્થાને સરળ બનાવાઈ છે. આ નિર્ણય ગ્રામજનો માટે આશાજનક બની રહ્યો છે. ખેડૂતો, વ્યાપારીઓ તેમજ રોજિંદા અવરજવર કરતા લોકોને હાશકારો થયો છે.

# ઓલપાડ સાહોલ ૧૯ કિમીના રસ્તા પર પેચવર્કની કામગીરી

## રસ્તાઓ પરની હેર ક્રેકને સીલ કરવા સાથે ખાડાઓનું પેચવર્ક કરાયું

સુરત, તા.૧૧

સુરત જિલ્લામાં વરસાદે વિરામ લેતા જ મુખ્યમંત્રીશ્રીએ આપેલી સૂચના હેઠળ વિવિધ વિભાગો દ્વારા શહેર તેમજ જિલ્લાના વરસાદથી અસરગ્રસ્ત રસ્તાઓના સમારકામની કામગીરી હાથ ધરાઈ છે. ત્યારે માર્ગ અને મકાન વિભાગ ૨ હેઠળ આવતા ઓલપાડ સાહોલના ૧૯ કિમીના રસ્તા પર પેચવર્કની કામગીરી કરાઈ હતી. જે અંગે માર્ગ અને મકાન વિભાગ-૨ના આસિ. ઈજનેરશ્રી બ્રિજેશભાઈ માંગુકિયાએ જણાવ્યું કે, સુરત ઓલપાડ સાહોલ રોડ ૧૯.૪ કિમીની લંબાઈ ધરાવતો ઓલપાડ તાલુકાને નેશનલ હાઈવે સાથે જોડતો રાજ્ય ધોરીમાર્ગ છે. જેના પર હજીરા તરફ આવતા જતાં ભારે વાહનો મોટી સંખ્યામાં હેરફેર કરતાં હોય છે. ગત મહિને પડેલા ભારે વરસાદને કારણે આ રસ્તા પર નાના મોટા ખાડા તેમજ માઈનોર ક્રેક પડ્યા હતા. જેથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા હેર ક્રેકને સીલ કરવાની તેમજ ખાડાઓના પેચવર્કની કામગીરી કરી નાગરિકો માટે રોજિંદું યાતાયાત સુગમ અને સરળ બને તેવી સુવિધા ઊભી કરાઈ છે. ઓલપાડ તાલુકાના સ્થાનિક રહેવાસીશ્રી પરેશભાઈ પરમારે જણાવ્યું કે, હું રોજ વ્યવસાય અર્થે આ રસ્તેથી યાતયાત કરતો હોઉં છું. અને તે રસ્તો ખૂબ સરસ છે. પરંતુ ભારે વરસાદને કારણે તેના પર નાના મોટા ખાડા પડ્યા હતા. જો કે, તંત્ર દ્વારા તાત્કાલિક રસ્તાના સમારકામને પરિણામે રોજીંદી અવરજવરમાં સરળતા રહે છે.

# સુરતના વિવિંગ અને એમ્બ્રોઈડરી મશીનના ઉપયોગકર્તાઓ સાથે ચેમ્બરની મિટીંગ મળી

## મશીનરી પર કોઈ રોક લગાવવી જોઇએ નહીં તેમ મિટીંગમાં નક્કી કરાયું

સુરત, તા.૧૧

સુરત ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ હેવી ઈન્ડસ્ટ્રીઝના સૂચનને પગલે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ખાતે તા. ૮ જુલાઇ ૨૦૨૫ના રોજ ટેક્ષ્ટાઇલ મશીનરી મેન્યુફેકચરર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયા તથા સુરતના વિવિંગ અને એમ્બ્રોઇડરી મશીનના ઉપયોગકર્તાઓ સાથે મિટીગ મળી હતી, જેમાં ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી, ટેક્ષ્ટાઇલ મશીનરી મેન્યુફેકચરર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયાના એકઝીકયુટીવ ડિરેકટર શ્રી સચિન અરોરા તથા ગુજરાતના મોટા ભાગના ટેક્ષ્ટાઇલ મશીનરી મેન્યુફેકચરર્સ ઉપસ્થિત રહયા હતા.ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા ટેક્ષ્ટાઇલ મશીનરી પર QTR રેગ્યુલેશનની અમલવારીને એક વર્ષ માટે લંબાવવામાં આવી છે ત્યારે ટેક્ષ્ટાઇલની આખી વેલ્યુ ચેઇન સાથે સમન્વય સાધીને કેન્દ્ર સરકારને કયા કયા મુદ્દાઓ પર રજૂઆત કરી શકાય તે બાબતે આ મિટિંગમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ટેક્ષ્ટાઇલ મશીનરીના ઉપયોગકારો દ્વારા આયાત કરવામાં આવતી ટેક્ષ્ટાઇલ મશીનરી સારી કવોલિટીની અને સસ્તી હોય છે એટલે તેઓ એના પર નિર્ભર હોય છે ત્યારે સુરતમાં વાર્ષિક ૧૫ હજાર મોડર્ન વિવિંગ મશીનની જરૂર છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ટેક્ષ્ટાઇલ ઉદ્યોગની માર્કેટ સાઇઝ ૩૫૦ બિલિયન ડોલરની આંકવામાં આવી છે ત્યારે આ લક્ષ્યાંકને પહોંચી વળવા માટે ટેક્ષ્ટાઇલ વિવિંગ

અનુસંધાન પાના ૭ પર





'જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન' દ્વારા ૧૪૬૧૦ ગ્રામ પંચાયતોને આવરી લેવાનો પ્રયાસઃ અગ્રણી જિલ્લા પ્રબંધક

# ત્રણ મહિનાના જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન પર પત્રકારોને માહિતગાર કરાયા

ભારત સરકારના નાણા મંત્રાલયના નાણાકીય સેવાઓ વિભાગ (DFS) દ્વારા ૦૧.૦૭.૨૦૨૫થી ૩૦.૦૯.૨૦૨૫ સુધી શરૂ કરાયેલા ત્રણ મહિનાના નાણાકીય સમાવેશ અને સામાજિક સુરક્ષા યોજના અંતર્ગત આયોજિત જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનની પ્રગતિ અને ઉદ્દેશ્યો વિશે મીડિયાને માહિતી આપવા માટે આજે બેંક ઓફ બરોડા, અમદાવાદમાં એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. પત્રકાર પરિષદને સંબોધતા શ્રી અશ્વિની કુમાર, કન્વીનર, SLBC ગુજરાત અને અગ્રણી જિલ્લા પ્રબંધક, બેંક ઓફ બરોડા દ્વારા કરવામાં જણાવવામાં આવ્યું હતું કે આ અભિયાનનો રાજ્ય સ્તરીય પ્રારંભ ૦૧ જુલાઈ ૨૦૨૫ના રોજ ગુજરાતના ગાંધીનગર જિલ્લાના પુંધરા ગામમાં યોજાયો હતો. તેનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને ગુજરાતના માનનીય નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, તમામ ૩૩ જિલ્લા કલેક્ટરો અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં થયું હતું, જેઓ ભૌતિક અને વર્ચ્યુઅલી બંને રીતે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન SLBC ગુજરાત દ્વારા બેંક ઓફ બરોડાના કન્વીનરશિપ હેઠળ કરવામાં આવ્યું હતું.

તેમણે અભિયાનના ઉદ્દેશ્યો, અમલીકરણ વ્યૂહરચના વિશે વિગતવાર સમજ આપી હતી. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો હતો કે આ અભિયાન ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ફેલાયેલા તમામ PSB, ખાનગી બેંકો, સહકારી બેંકો, ગ્રામીણ બેંકોનો સામૂહિક પ્રયાસ દ્વારા ૧૪૬૧૦ ગ્રામ પંચાયતોને આવરી લેવાનો છે. દરેક ગ્રામ પંચાયતમાં મુખ્ય જિલ્લા મેનેજરો સંબંધિત બેંક શાખાઓ દ્વારા શિબિરોનું આયોજન કરવામાં આવશે અને સ્થાનિક વસ્તીને PMSBY માટે રૂ. ૨૦/- ના નજીવા પ્રીમિયમ અને MJJBY માટે રૂ. ૪૩૬/- ના પ્રીમિયમ પર ઉપલબ્ધ દરેક સામાજિક સુરક્ષા જે રૂ. ૨ લાખના કવરેજ સાથે ઉપલબ્ધ છે. આ યોજનાઓનો લાભ લેવા અને નોંધણી કરાવવા માટે લોકોને જાગૃત કરવામાં આવશે.

શ્રી અશ્વિની કુમારે જણાવ્યું કે આ ઝુંબેશ મુખ્ય નાણાકીય સમાવેશ અને સામાજિક સુરક્ષા યોજનાઓ હેઠળ ૧૦૦% કવરેજ પ્રાપ્ત કરવા પર કેન્દ્રિત છે. જેમાં પ્રધાનમંત્રી જન ધન યોજના (PMJDY) હેઠળ ખાતું ખોલવું, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY), પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY) અને અટલ પેન્શન યોજના (APY) હેઠળ નોંધણીનો સમાવેશ થાય છે. વધુમાં, આ ઝુંબેશ નિષ્ક્રિય પ્રધાનમંત્રી જન ધન ખાતાઓને ફરીથી ્દ્વરૂઝ અને સક્રિય કરવા, ડિપોઝિટ ખાતાઓમાં બાકી નામાંકન વિગતો અપડેટ કરવા અને સઘન નાણાકીય સાક્ષરતા સત્રો પૂરા પાડવાનો સમાવેશ કરે છે. આ સત્રો સાયબર અને ડિજિટલ છેતરપિંડીને રોકવા, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)માં ટ્રાન્સફર કરાયેલા દાવા વગરની થાપણોને પરત મેળવવાની પ્રક્રિયા અને બેંકિંગ લોકપાલની ભૂમિકા અને લાભો અંગે જાગૃતિ લાવશે.

પરિષદ દરમિયાન, શ્રી અશ્વિની કુમારે ઉલ્લેખ કર્યો કે ૩૦.૦૬.૨૦૨૫ સુધીમાં, સામાજિક સુરક્ષા યોજનાઓ હેઠળ, ૨૯ લાખ અટલ પેન્શન યોજના (APY) નોંધાયેલા છે. ૯૨ લાખ PM જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY) રજિસ્ટર્ડ છે અને જેમાંથી ૫૫૫૮૯ દાવાઓનું સમાધાન અને ચૂકવણી કરવામાં આવી છે. ૧૯૪ લાખ PM સુરક્ષા વીમા યોજના (PMSBY)ની નોંધણી કરવામાં આવી છે અને ૪૯૪૩ દાવાઓનું સમાધાન અને ચૂકવણી કરવામાં આવી છે. તેમજ ૧૯૪ લાખ PM જન ધન યોજના (PMJDY) અંતર્ગત ખાતા ખોલવામાં આવ્યા છે.આ ઝુંબેશ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા રજૂ કરાયેલા 'વિકસિત ભારત'ના વિઝન સાથે સુસંગત છે અને તેનો ઉદ્દેશ્ય સમાવેશી નાણાકીય સશક્તિકરણ અને સામાજિક સુરક્ષાને પ્રોત્સાહન આપવાનો છે એમ જનરલ મેનેજરે જણાવ્યું હતું. વધુમાં માહિતી પ્રસારમાં મીડિયા અસરકારક ભૂમિકા ભજવે છે અને ઝુંબેશના ઉદ્દેશ્યોના વ્યાપક આઉટરિચને ટેકો આપવા માટે તેમના સક્રિય સહયોગ માટે અપીલ કરી હતી. સાથે જ તેમણે ખાતરી કરવાના મહત્વ પર ભાર મૂક્યો કે કોઈ પણ પાત્ર નાગરિક મુખ્ય નાણાકીય અને સામાજિક સુરક્ષા યોજનાઓના લાભો મેળવવાથી પાછળ ન રહી જાય.આ પત્રકાર પરિષદમાં બેંક ઓફ બરોડાના વરિષ્ઠ અધિકારીઓ શ્રી અશ્વિની કુમાર, કન્વીનર SLBC ગુજરાત અને જનરલ મેનેજર; શ્રી વિપિન કુમાર ગર્ગ, ડેપ્યુટી જનરલ મેનેજર; શ્રી રણજીત રંજન દાસ, ડેપ્યુટી જનરલ મેનેજર; શ્રીમતી વીણા કે. શાહ, ડેપ્યુટી જનરલ મેનેજર અને બેંકના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વસ્થ રહેવા તહેવારોની ઉજવણી જરૂરી

એક સમય હતો કે, ભારતીય સંસ્કૃતિમાં, દરરોજ કોઈને કોઈ તહેવાર મનાવાતો, આખું વર્ષ તહેવારો મનાવવાને કારણે જીવનમાં ઉત્સાહ અને ઉમંગ આવે છે. માટે જ તહેવારોનું અધિક મહત્ત્વ હતું. આપણી સંસ્કૃતિ એ સંપૂર્ણ ઉત્સવ પ્રેમી છે. ખેતર ખેડવાથી લઈ વાવણી અને લણણી સુધી વિવિધ તહેવારો, ઉત્સવો મનાવતા હતા. આજે પણ આપણે ઉત્સવ મનાવીએ છીએ, પરંતુ તેમાં લાગણીને અને મૂળ વાતને ધ્યાન નથી અપાતું. ફોટા પાડવા, સારા કપડાંનો દેખાવ વધી ગયો છે. તહેવારો મનાવવાના મૂળમાં સ્વાસ્થ્ય જળવાતું હતું. તહેવારો નથી મનાવી શકતા તેના બીજા પણ કારણો છે. સમયનો અભાવ, તહેવાર મનાવવાની જાણકારી નથી. આર્થિક ઉપાજન માટે ઘરથી દૂર, સાધનોની કમી જેવાં કારણોને લીધે તહેવાર મનાવવામાં નથી આવતાં.





તહેવારોની બહુ મોટી ઉજવણીની જરૂરિયાત નથી. તેમાં વપરાતી સ્વાસ્થ્યને લગતી વસ્તુઓ, કે ખાદ્ય-પદાર્થનો ઉપયોગ કરી સ્વાસ્થ્યને ઠીક રાખી શકાય છે જેથી ઉમંગ, ઉત્સાહ અને સ્વાસ્થ્ય જળવાઈ રહે. જીવન આનંદમય બનાવી શકાય. આ આજની યુવા પેઢી માટે ખૂબ જરૂરી છે ભણતરનો બોજ અને પછી કામકાજનો બોજ શારીરિક અને માનસિક રીતે સ્વાસ્થ્ય બગાડી રહ્યું છે. આપણી સંસ્કૃતિમાં પાછા લાવવા ઘણા લોકો મહેનત કરી રહ્યા છે.


ચોમાસાના દિવસો એટલે આધ્યાત્મિક સફર ચાલુ થાય. તહેવારો ક્રમબધ આવે છે. સ્વાસ્થ્ય અને માનસિક શાંતિ માટે ચાતુર્માસ મહત્ત્વનું છે આમાં આવતા તહેવારો શરીરમાં ઉમંગ અને ઉત્સાહ ભરી દે છે. લોકો સાથે હળવા-મળવા મળે છે.

વર્ષાઋતુની શરૂઆતમાં આવતા તહેવાર એટલે મોળાકાત, ગૌરીવ્રત, દિવાસો, જયાપાર્વતી, નાગપંચમી, શીતળા સાતમ, ગોકુળ અષ્ટમ વગેરે તહેવારો સ્વાસ્થ્યને લગતા તહેવાર છે. મોળાકાત એ નાની બાળાઓ કરે છે જેમાં પાંચ દિવસના વ્રત છે જેમાં મીઠા વગરનું ભોજન લેવામાં આવે છે. પાંચમના દિવસે જવારા રોપવામાં આવે છે. અગિયારસથી પૂનમ સુધીનો તહેવાર છે, જેમાં મોરશની ભાજી ખાવામાં આવે છે. સાથે દહીંનો ઉપયોગ થાય છે. મોરશની ભાજી એ થાઈરોઈડની ભાજી પણ કહેવાય છે. થોડી નમકીન છે. સમુદ્રની આસપાસ ઊગે છે, જેમાં ભરપૂર માત્રામાં આયોડિન છે. ઓમેગા છે. એન્ટિઓક્સિડેન્ટ છે. ઉચ્ચ પ્રકારનું કેલ્શિયમ છે. તહેવારમાં આનો વપરાશ થાય છે જેથી ભવિષ્યમાં થાઈરોઈડ ન થાય. આ વ્રત પાંચ વર્ષ ચાલે છે. જે શરીરમાં આયોડિનની માત્રા જાળવી રાખે છે. વ્રત ન પણ કરતાં હોઈ તો પણ આ ભાજીનો ઉપયોગ મુઠિયા, પરોઠા, રાયતું કે શાક બનાવી ખાઈ શકાય છે જેથી આયોડિન મળી રહે. થાઈરોઈડની સમસ્યાવાળાઆને ભરપૂર ઉપયોગ કરવો જોઈએ. આ ભાજી લૂણી ભાજી, ડુંગર ભાજી જેવાં અન્ય નામો પણ છે. આ ભાજી બહુ થોડો જ સમય મળે છે. ફૂલકાજળી કે જયાપાર્વતી વ્રતમાં પણ નમકનો ત્યાગ હોય છે. જેમાં જવારાનો રસ, ફળો, દૂધનો ઉપયોગ થાય છે, જેથી શરીરમાં ઊર્જાનો સંચાર થાય છે. દિવાસો વ્રતમાં પણ નમકનો ત્યાગ એકટાણુંથી કે ઉપવાસથી કરે છે.

નમકના ત્યાગને કારણે શરીરમાં સોડિયમની માત્રા પર કાબૂ થવાનો છે. સોડિયમ વધી જવાથી બી.પી., સોજા કે કિડનીની સમસ્યાઓ થાય છે. આ વ્રતો અને ખાવાપીવાના નિયમને કારણે શરીરમાં સુખાકારી જળવાય છે.

ભારત ખેતી પ્રધાન દેશ છે જે જમીનથી જોડાયેલા છે સર્પ કે નાગનું રહેવાનું જમીન છે. ખેતી વરસાદમાં થાય છે તેથી સર્પ કે નાગ અંદરની જમીનમાંથી બહાર આવે છે તેમાં વિષ હોય છે તેથી લોકોને ડર કે ભય લાગે છે. આ ડરથી મુક્તિ માટે નાગપંચમ ઉજવાય છે. સર્પ કે નાગ પણ આપણા મિત્ર જેવા છે. શરીરમાં ઝેરી તત્ત્વોનો નાશ પમાડવા માટે નાગપાંચમ તહેવાર ઉજવાય છે તે દિવસે લોકો એકટાણું કરે છે.

# અરે, મૌનને પણ ક્યારેક બોલવા દો



હું નઈ હોઉ તો આ પરિવાર, સમાજ, જગતનું શું થશે એવા ભ્રમમાં જીવતા માણસની જેમ હું નહી હોઉ તો આ શરીરનુ શું થશે એવુ વિચારી શરીરનાં બધાં જ અંગો 'ઈશ્વર માટે સૌથી મોટું કોણ?' એ વિષય પર પાર્લામેન્ટના પ્રધાનોની જેમ મંદિરમાં જ લડી પડ્યા. બધા અંગના અહંકાર ટકરાયા એમાં સૌ પહેલા હાથ બોલ્યા :

'અલ્યા બધા સાંભળો, મંદિરમાં ઈશ્વરે હાથ જોડી વંદન-નમસ્કાર કરવાનો અધિકાર અમને આપ્યો છે એટલે

ઈશ્વર માટે સૌથી મોટા અમેપ'

'હાયલા.. એય ટોપા, તારું ઠેકાણે તો છે ને?' પગની છટકીઃ

'તને જ નઈ પણ આ બધા અંગની ટોળકીને મંદિર સુધી ખેચી લાવે છે કોણ? અમે બંને પગ. અને અહી મંદિરમાં આવી ભલે બંને હાથ જોડી નમસ્કાર કરો તો પણ દુનિયા પગે લાગ્યો એમ જ બોલે છેપ કોઈ બોલ્યું કે હાથે લાગ્યો? યુઝ કોમનસેન્સ. એ અમારા માટે ઈશ્વરની લાગણી છે એટલે મોટા અમે બંને પગ..સો સિમ્પલ.'

'એય સો સિમ્પલની સગલી, બિલકુલ ચૂપ અહી આવી ઈશ્વરના દર્શન કરે છે કોણ? હું. અરે આ માણસે ત્રણ વાર 'આંખે' ફિલ્મ બનાવી, પણ એક પણ વાર 'નાક' કે 'કાન' બનાવી? અરે, માણસો 'તેરી આંખોકે સિવા દુનિયામેં રખ્ખા ક્યા હૈ' ગાય છે પણ આ નાક-કાન ગમે તેટલા સુંદર હોય તોય કોઈ ભાભોભાઈ એ ગાતો નથી તેરે નાક કે કાન કે સિવા દુનિયામેંપ સી ધ વેલ્યૂ એટલે ઈશ્વરની નજરે સૌથી મોટી અમે' આંખો બોલી

'અરે એક મિનિટ, સાંભળો બધા આ ઈશ્વરને ધરાવેલો પ્રસાદ ખાય છે કોણ? હું' જીભ બોલી :

'એની પ્રાર્થના કોણ ગાય છે? હું. એટલે સૌથી મોપ''એ જીભડી, ખોટી ટે ટે નઈ કરવાની. પ્રાર્થના સાંભળે છે કોણ? ઈશ્વર? ના. અમે. મંદિરમાં પ્રાર્થના ને બહાર નીકળી બધાની નિંદા. કૂથલી..ઈશ્વર બોલતા નથી એટલેપ કેમ હવે તારી બોલતી બોલતી બંધ થઈ ગઈ?!' કાન તો ભડક્યા

'અલી ડોંબી' નાક ઉવાચ : 'વાસી પ્રસાદ તારા સુધી ન પહોંચે એનું ધ્યાન કોણ રાખે છે? હું. પણ તે જિંદગીમાં કોઈ દિવસ મારો આભાર માન્યો? નાપ અને નાક વગરના માણસની ઈજ્જત પણ નથી. અરે , હું ઉચ્છવાસ ન છોડું તો ઈશ્વર શ્વાસ પણ ન આપે આખા જીવતરના શ્વાસ મારા દ્વારા જ લેવાય છે. હવે બોલો બધાપ મોટું કોણ?'

'શું છે? શેનો વિવાદ ચાલે છે?' દરમાંથી ઉંદર ડોકી બહાર કાઢે એમ અખરોટના ફાડિયા જેવા મગજે ખોપરીમાંથી ફટ્ટ કરતી ડોકી બહાર કાઢી 'આ ઈશ્વરદર્શન માટેનો વિચાર તો હું આપું છું સમજ્યા? પણ મેં કોઈ દિવસ બહાર આવી દેખાડો કર્યો? અહંકાર કર્યો? અરે, શરીર તો સૌથી નજીકનું મિત્ર છે આમ લડશો તો શરીર ટકશે કેમ? ને આપણું શરીર કઈ ભારતની પ્રજા નથી કે બધુ સહન કરેપ હવે ધ્યાનથી સાંભળોપ આ આખા શરીરમાં કામ કોણ નથી કરતું એ શોધો' મગજનો હુકમ છૂટયો ને સંશોધનના અંતે મગજે શેઠને રિપોર્ટ આપ્યો : 'શેઠ , આ પેટ કઈ કામ કરતું દેખાતું નથી' 'ઠીક છે જે કામ ન કરે એને પગાર ન મળે એમ પેટને ભોજન આપવાનું બંધ કરો' મગજે ઓર્ડર છોડ્યો 'હા હા બંધ કરો તો જ એની સાન ઠેકાણે આવશે' બધા અંગોનો એક જ સૂરપ

બીજા દિવસથી પેટે ખાવાનું બંધ કર્યું, ને સ્વમાની પેટે માગ્યું પણ નઈપ પણ જેમ જેમ સમય જતો ગયો એમ એમ બધા જ અંગ વગર મગજે વિચારે ચડયા 'આ મારું બેટુ કેવું? પેટને ખાવાનું ન મળે એમાં આપણે કેમ નબળા પડતાં ગયા? પેટ જાદુગર છે? '

થોડા વખત પછી બધાએ પેટને પૂછ્યું : 'ભાઈ પેટ, સાલું સમજાતુ નથી કે તને ખાવાનું ન મળે એમાં અમે કેમ નબળા પડતા જઈએ છીએ?'

'સાંભળો, વ્હાલા' પેટ બોલ્યું : 'તમે બધા હુંસાતુંસીમાં એ ભૂલી જ ગયા કે તમે બધા મારા પર નભો છો, અરે તમારા બોસ મગજને પણ વિચાર કરવાની શક્તિ હું આપું છું. તમે નગુણા એ ભૂલી ગયા કે હું ભોજન પચાવી, લોહી બનાવી તમને બધાને કામ કરવાની શક્તિ પૂરી પાડું છું. આ માણસ જાણે છે કે ભોજનમાંથી લોહી બને છે પણ હજી સુધી લોહી બનાવવાનું મશીન શોધી શક્યો નથી. અરે વ્હાલા, લોહી બનાવવા મારી અંદર બેઠેલા હોજરી અને આંતરડાને કેટલી મજૂરી કરવી પડે છે એ તો રામબાણ વાગ્યા હોય એ જાણે, એ જાદુની માત્ર મને જ ખબર છે. છતાં મેં કોઈ દિવસ અભિમાન કર્યું?. યાદ રાખોપ

કેટલાંક કાર્યોની નોંધ જાતે ન લેવાય. લોકો લે. આપણે નઈ, આપણુ કામ બોલવું જોઈએ.. અને ઈશ્વર માટે મોટું કોણ? સાચું કઉ? ઈશ્વર સામે મોટા થવાના ધખારામાં તમે બધા એ જ ભૂલી ગયા કે ઈશ્વર જ આપણા બધા કરતાં મોટો છેપ એ છે તો આપણે બધા છીએપઅને તમે'

**'સાંભળો, વ્હાલા' પેટ બોલ્યું : 'તમે બધા હુંસાતુંસીમાં એ ભૂલી જ ગયા કે તમે બધા મારા પર નભો છો, અરે તમારા બોસ મગજને પણ વિચાર કરવાની શક્તિ હું આપું છું. તમે નગુણા એ ભૂલી ગયા કે હું ભોજન પચાવી, લોહી બનાવી તમને બધાને કામ કરવાની શક્તિ પૂરી પાડું છું.**

# હઠયોગ માટે સૌથી મહત્ત્વનું છે કુંડલિની જાગરણ

યોગમાં અનેક પ્રકારના યોગાસનો છે. જો વ્યક્તિના શારીરિક કઢંગાપણાનું નિરીક્ષણ કરી તેને આવશ્યક એવાં યોગાસનોનો અભ્યાસ ઉચિત રીતે અને લાંબા સમય સુધી કરવામાં આવે તો તે વ્યક્તિનું શારીરિક કઢંગાપણું તો દૂર કરી શકાય. એટલું જ નહિ પણ તેની સાથે સંબંધિત મનોસ્થિતિમાં પણ સુધારણા થઈ શકે છે. દા.ત. કેટલીક વ્યક્તિઓ ચાલતી વખતે કે બેસતી વખતે એક બાજુનો ખભો નીચે નમેલો રાખે છે. આવા પ્રકારની વ્યક્તિ વિરુદ્ધ દિશામાં વળવાનું ચક્રાસન આપવામાં આવે તો ફાયદો થાય છે.

(શરીરના કઢંગીપણાને મનના કઢંગીપણા સાથે સંબંધ છે. શરીરના કઢંગીપણાને દૂર કરવાથી મનના કઢંગીપણાને અમુક હદ સુધી દૂર કરી શકાય છે.)

આ વિશે નિશ્ચિત કાર્યક્રમ આપી શકાય, તે માટે ઘણાં નિરીક્ષણ, પ્રયોગો, સંશોધનો અને અનુભવની આવશ્યકતા છે.

આપણે આગળ જોઈ ગયા છીએ કે યોગાસનનો અભ્યાસ કરતી વખતે શરીરની સ્થિતિ સમરૂપ (Symmetrical) રહેવી ઘટે. આમ હોવાનું કારણ ઉપરોક્ત હકીકતના વર્ણનથી વધુ સ્પષ્ટ રીતે સમજી શકાય છે.

(૪) યોગાસનના અભ્યાસ દરમિયાન શરીરના સ્નાયુઓનું વિશિષ્ટ પદ્ધતિથી ખેંચાણ થાય છે અને તે જ રીતે વિશિષ્ટ પદ્ધતિથી તેં ખેંચાણ ચાલુ રાખવામાં આવે છે તથા તે ખેંચાણને વિશિષ્ટ રીતે દૂર કરવામાં આવે છે.

આ આખી પ્રક્રિયા દરમિયાન સ્નાયુઓમાંથી જ્ઞાનતંતુઓના સંદેશાઓ મગજ તરફ જાય છે. આ સંદેશાઓને વિશિષ્ટ પદ્ધતિથી પ્રતિક્રિયા આપવામાં આવે છે. આ પ્રક્રિયાને પરિણામે આપણા જ્ઞાનતંત્રના પ્રતિક્રિયા- બંધારણ ((Reflex arc)નું નવસંસ્કરણ (Reconditioning) થાય છે.

સાધારણ રીતે આપણું મગજ જે સંદેશાઓની તીવ્ર અને તુરત અનાવશ્યક પ્રતિક્રિયા આપે છે, એવા જ સંદેશાઓઓને શાંતિથી ઝીલતા અને શાંત પ્રતિક્રિયા આપતા અને અનાવશ્યક પ્રતિક્રિયા ન આપતાં આપણું મગજ યોગાસનના અભ્યાસથી શીખે છે.

કેટલાયે સંદેશા જે સાધારણ રીતે મગજ સુધી પહોંચે છે, તેનો પ્રત્યુત્તર મગજને બદલે કરોડરજ્જુ જ આપી દે છે, તેવી તાલીમ જ્ઞાનતંત્રને મળે છે. પરિણામે મગજના મહત્ત્વનાં કેન્દ્રો પરનો બોજ ઘટે છે, જે માનસિક શાંતિ માટે ઉપરાકર બને છે.

જ્ઞાનતંત્રને માનસિક અવસ્થા સાથે ગાઢ સંબંધ છે અને જ્ઞાનતંત્રનું આ રીતે



નવસંસ્કરણ થતાં તેની માનસિક બંધારણ પર ઘણી અસર થાય છે.

આધ્યાત્મિક વિકાસમાં યોગાસનનું પ્રદાનઃ

યોગ મૂલતઃ અધ્યાત્મવિદ્યા છે. યોગાસન

યોગનું એક અંગ છે. યોગના અંગ તરીકે સ્વાભાવિક રીતે જ યોગાસનનું મુખ અધ્યાત્મ તરફ જ છે. અને આધ્યાત્મિક વિકાસમાં પણ યોગાસનનનું પ્રદાન ક્યાં સ્વરૂપનું છે અને યોગાસન આ પ્રદાન કઈ રીતે આપે છે, તે હવે આપણે જોઈએઃ

(૧) કુંડલિની જાગરણ હઠયોગની સૌથી મહત્ત્વપૂર્ણ ઘટના છે. કુંડલિનીના જાગરણ માટે હઠયોગમાં યોગાસન, પ્રાણાયમ અને મુદ્રાઓનો અભ્યાસ કરવામાં આવે છે. આ સમગ્ર કાર્યક્રમમાં યોગાસનનું પણ પ્રદાન છે. હઠયોગ પ્રદીપિકા, ઘેરંડસિંહિતા આદિ હઠયોગના પ્રમાણભૂત ગ્રંથોમાં કુંડલિનીના જાગરણમાં આસનોના પ્રદાન અંગે વારંવાર ઉલ્લેખો જોવા મળે છે. ખાસ કરીને પશ્ચિમતાનાસન, મત્સ્યેન્દ્રાસન, પદ્માસન, સિદ્ધાસન આદિ આસનો આમાં વિશેષ ઉપયોગી છે.

(૨) કુંડલિની જાગરણ સાધકના જીવનમાં બનતી ભારે મહત્ત્વપૂર્ણ ઘટના છે. તેનાથી સાધકના જીવન અને સાધનામાં આમૂલ ક્રાંતિ સર્જાય છે. સમગ્ર ચેતનાના રૂપાંતરની આ પ્રક્રિયા છે. આટલી મોટી ઘટના ઘટે એટલે સાધકનાં શરીર, પ્રાણ અને ચિત્તમાં આમૂલ પરિવર્તન થવા માંડે છે અને તે દરમિયાન સાધકનાં શરીર પર ભારે મોટો બોજો આવી પડે છે. આ બોજો ઝીલી શકે તેવી તૈયારી ન હોય તો સાધકનું શરીર અનેક વિકૃતિઓનો ભોગ થઈ પડે છે. અને શરીર કાયમી ધોરણે વિકૃત અવસ્થામાં સરી પડે તેવી પણ શક્યતા રહેલી છે. આ જ રીતે પ્રાણમય શરીર પણ તૈયાર બને તે પણ આવશ્કય છે જ, અન્યથા પ્રાણમય શરીર પણ વિકૃતિઓનો ભોગ બની શકે છે. તે જ રીતે ચિત્તશુદ્ધિ પણ આવશ્કય છે, અન્યથા ચિત્ત પણ અનેક વિકૃતિઓનો ભોગ બની શકે છે.

આ પૂર્વતૈયારીને જ યૌગિક પરિભાષામાં નાડીશોધન કહેવામાં આવે છે. નાડીશોધન પછી જ પ્રાણાયામનો ગંભીર અભ્યાસ અને કુંડલિની જાગરણ માટે પ્રયત્ન કરવાનું વારંવાર સૂચવવામાં આવેલ છે. તેનું કારણ એ જ છે કે તો જ સાધકનાં શરીર-પ્રાણ-મન કુંડલિની જાગરણનો બોજ ઝીલી શકે.

નાડીશોધન માટે યોગમાં વિશેષતઃ નાડીશોધન પ્રાણાયામ સૂચવવામાં આવે છે, પરંતુ તેની સાથે યોગાસનનો અભ્યાસ પણ ખૂબ ઉપયોગી છે. આ વિશે સૌ એકમત છે.

આધુનિક વિજ્ઞાનની પરિભાષામાં કહીએ તો કુંડલિની જાગરણના બોજને ઝીલી શકે તેવાં મજબૂત, મગજ, કરોડરજ્જુ અને જ્ઞાનતંતુઓ યોગાસનના અભ્યાસથી થઈ શકે છે.

(૩) પ્રાણાયામ, ધારણા, ધ્યાન અને સમાધિ જેવા આગળના અભ્યાસ માટે સાધકે લાંબા સમય સુધી સ્થિરભાવે બેસવાનું હોય છે. સાધારણ રીતે આપણે જે અવસ્થામાં બેસીએ છીએ તેમાં હલનચલન વિના લાંબા સમય સુધી સુખપૂર્વક બેસી શકાતું નથી. આ હકીકત થોડા નિરીક્ષણથી સમજી શકાય તેમ છે. લાંબા સમય સુધી હલનચલન વિના, સુખપૂર્વક બેસી શકાય તેનાં ધ્યાનોપયોગી યોગાસનો છે.પદ્માસન, સિદ્ધાસન, સમાસન, સ્વસ્તિકાસન- આ ચાર પ્રમુખ ધ્યાનોપયોગી યોગાસનો છે.આ ધ્યાનોપયોગી યોગાસનો પણ સાધકના આધ્યાત્મિક વિકાસમાં સહાયક બની શકે છે.હવે આપણે જોઈએ કે આ ધ્યાનોપયોગી યોગાસનો શું કરે છે?

(i) ધ્યાન આદિ ઉચ્ચ યોગાભ્યાસ માટે કોઈ એક સ્થિર આસનમાં દીર્ઘસમય સુધી બેસવાનું હોય છે. ધ્યાનોપયોગી યોગાસનો આ કાર્ય સારી રીતે કરી શકે છે. કોઈપણ ધ્યાનોપયોગી યોગાસન ઉચ્ચ યોગાભ્યાસ માટે એક ઉપયુક્ત આસન બની શકે છે.

(ii) ધ્યાનોપયોગી યોગાસનમાં બેસતી વખતે કરોડરજ્જુ સીધી અવસ્થામાં રહે છે અને પેટનાં અવયવો પરનું દબાણ દૂર થાય છે. પરિણામે શરીરમાં પ્રયત્ન શૈથિલ્યનો અનુભન થાય છે. આમ બનવાથી ચેતનાને શરીરથી મુક્ત થવામાં મદદ મળે છે.

તંત્રી લેખ...-

શુક્રવાર, તા.૧૧ જુલાઈ ૨૦૨૫

## પડોશી દેશોનાં ત્રેખડથી ભારત રહે સાવધાન

ઓપરેશન સિંદૂર પછી ઘોર પરાજયથી છોભીલા પડેલા પાકિસ્તાન અને તેનું હિતરક્ષક ચીન ભારતના વધતા પ્રભાવમાં વિઘ્ન ઊભા કરવાની એક પણ તક જતી કરતા નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અનેક દેશોની યાત્રામાં ભારતનું ગૌરવ વધારી રહ્યા છે. પશ્ચિમ એશિયામાં પોતાને એકમાત્ર મહાસત્તા સમજનારું ચીન આનાથી અકડાયું છે. પાકિસ્તાન, બાંગલાદેશ જેવા રાષ્ટ્રો સાથે મળીને જુદું સંગઠન રચવાની હિલચાલ તેણે આદરી છે. લશ્કરી તાકાતમાં ભારતના સામર્થ્યને કોઇ ઓછું આંકી શકે નહી. આધુનિક હથિયારો, યુદ્ધ સામગ્રીથી ભારતનાં દળો સુસજ્જ થઇ રહ્યાં છે. એટલું જ નહી આપણા દેશમાં બનેલા 'મેક ઈન ઈન્ડિયા' શત્ર-સરંજામ બીજા રાષ્ટ્રોને નિકાસ થઇ રહ્યા છે. ભારતની સંરક્ષણ નિકાસ એક દાયકા પૂર્વે ૨૦૦૦ કરોડની હતી, જે આજે વધીને ૨૧ હજાર કરોડના વિક્રમી આંકે પહોંચી છે. તાજેતરમાં ઓપરેશન સિંદૂર દરમ્યાન ભારતીય દળોએ ઘરઆંગણે બનેલા શત્રો-મિસાઈલોથી દુશ્મન છાવણીમાં કાળો કેર વર્તાવ્યો હતો. ડિફેન્સ ક્ષેત્રને મોદી સરકાર પ્રાથમિકતા આપી રહી છે. આપણા વિજ્ઞાનીઓ, સંરક્ષણ નિષ્ણાતો કામે લાગ્યા છે, એને આધારે ૨૦૨૯ સુધી સંરક્ષણ સાધન સરંજામની નિકાસનો આંક ૫૦ હજાર કરોડને પાર કરી જવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. ભારત સક્ષમ રાષ્ટ્ર છે. આપણી ફોજનું શૌર્ય-ક્ષમતા અદ્વિતીય હોવા છતાં પડોશી દેશોની મેલી મુરાદથી ચેતવાની જરૂર છે. ભારતીય સશત્ર દળોની ત્રણે પાંખના વડા (સીડીએસ) અનિલ ચૌહાણે તાજેતરમાં ચીન, પાકિસ્તાન અને બાંગલાદેશની ધરી સામે લાલબત્તી ધરી છે. આ ત્રણે દેશો પોતાની સામેના આંતરિક પડકારો અને મહત્ત્વાકાંક્ષાને લઇને એકબીજા તરફ ઢળી રહ્યા છે. ભારતની સુરક્ષા અને પ્રાદેશિક સ્થિરતા સામે આ પરિમાણથી ગંભીર પડકાર ઊભો થશે. લદ્દાખમાં એલએસી પર ભારતની તાકાતનો પરચો જોઇ ચૂકેલું ચીન સીમા વિવાદ ઉકેલવા માટે મંત્રણાની હિમાયતની ભલે ડાહી ડાહી વાતો કરતું હોય, ઇતિહાસ કહે છે કે, ડ્રેગન પર ભરોસો મૂકવા જેવો નથી. એનું પ્રમાણ શોધવા માટે મહેનત કરવાની જરૂર નથી. પાકિસ્તાને એવો ભ્રામક દાવો કર્યો હતો કે, ઓપરેશન સિંદૂર દરમ્યાન તેણે ભારતના રાફેલ, સુખોઇ અને મિગ સહિતનાં કેટલાય વિમાન તોડી પાડયાં હતાં. ચીને રાફેલ મુદ્દે અપપ્રચાર ફેલાવવા પોતાના દૂતાવાસને સક્રિય કર્યું હતું. બીજિંગનો હેતુ ફ્રાંસ દ્વારા નિર્મિત સૌથી સફળ યુદ્ધવિમાનની પ્રતિષ્ઠા ખરડવાનો પ્રયાસ હતો. ફ્રાંસની જાસૂસી સંસ્થાના હેવાલ મુજબ આમ કરવા પાછળ ચીનનો હેતુ એ હતો કે, રાફેલ ખરીદવા માટે આતુર ઈન્ડોનેશિયા સહિતના દેશો પોતાનો ઓર્ડર પડતો મૂકે અને તેને બદલે ચીન દ્વારા નિર્મિત્ત યુદ્ધવિમાન ખરીદવા આગળ આવે. આ વિશે ફ્રાંસ વાયુદળના વડા જનરલ જેરોમ બેલગરે કહ્યું હતું કે, રાફેલ તોડી પડાયાની વાત સરાસર જૂઠી છે. આ વિમાનમાં ટેકનિકલ ક્ષતિ આવી હતી. પાકિસ્તાન દળો તે માટે કોઇ યશ લઇ શકે તેમ નથી. આ ત્રણ દેશની મનસા ભારતને નુકસાન પહોંચાડવાની હોય એમાં કંઇ નવું નથી. આપણી સશત્ર સેનાઓએ ટેકનિકલ પરિવર્તન અનુસાર શત્ર સરંજામને અત્યાધુનિક બનાવવાની જરૂર છે. એ યાદ રહે કે, ચીન અને પાકિસ્તાન અણુશક્તિ સંપન્ન દેશો છે. છેલ્લાં પાંચ વર્ષમાં બંને દેશની સંરક્ષણ ભાગીદારી ગાઢ બની છે. પાકિસ્તાન તેના ૭૦થી ૮૦ ટકા શત્રો-ઉપકરણો ચીન પાસેથી ખરીદે છે. હવેનાં યુદ્ધ ભૂમિ કે આકાશ પૂરતાં જ સીમિત નથી. પરંપરાગત લડાઇ સાથે સાયબર યુદ્ધ, અંતરિક્ષ યુદ્ધ અને માહિતી યુદ્ધ જેવા પડકારોનો સામનો કરવાની આપણે સજ્જતા કેળવવી પડશે. નવા સિનારિયોમાં ભારતે તેની રણનૈતિક સ્થિતિનું મૂલ્યાંકન કરીને યોગ્ય બદલાવ લાવવો જરૂરી છે.

## મોદીનો આતંક વિરોધી મોરચો

આતંકવાદ સામે વૈશ્વિક મંચો પર ભારતની ઝુંબેશ અવિરત ચાલી રહી છે. હવે બ્રિક્સ દેશોનાં શિખર સંમેલનમાં પણ ભારતે આતંકના મામલે પાકિસ્તાન, ચીન, અને તુર્કીના કારસાનો પર્દાફાશ કર્યો હતો. બ્રાઝિલના રિયો ડી જાનેરો ખાતે યોજાયેલા બ્રિક્સના આ ૧૭મા શિખર સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલગામના આતંકી હુમલા અને પછી આદરાયેલાં ઓપરેશન સિંદૂરની સ્થિતિની વિગતો આપવાની સાથોસાથ પાકિસ્તાન, ચીન અને તુર્કીનાં નામ આપ્યાં વગર આકરી ઝાટકણી કાઢી હતી. ઉલ્લેખનીય છે કે, ઓપરેશન સિંદૂર દરમ્યાન ચીન અને તુર્કીનો પડદા પાછળ દોરીસંચાર રહ્યો હોવાની ચોંકાવનારી હકીકતો સામે આવ્યા બાદ વડાપ્રધાન મોદીએ બ્રિક્સની બેઠકમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો. આતંકવાદની ટીકા કરવાનો બ્રિક્સ સિદ્ધાંત હોવો જોઈએ એવો સ્પષ્ટ મત પણ મોદીએ વ્યક્ત કર્યો હતો. મહત્ત્વની બાબત એ છે કે, બ્રિક્સમાં ચીન સામેલ હોવા છતાં આતંકવાદના મામલે મોદીના મતનું ભારે વજન પડયું હતું. આમ તો ભારત લગભગ દરેક વૈશ્વિક મંચ પર પહેલગામના હુમલા અને તેમાં પાકિસ્તાન પ્રેરિત આતંકીઓની સીધી સંડોવણીનો મુદ્દો સતત ઉઠાવી રહ્યંઅ છે, પણ તાજેતરમાં મળેલી શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકમાં ચીને પોતાના પ્રભુત્વનો ઉપયોગ કરીને પાકિસ્તાન સાથે મળીને આતંકવાદના મામલે વહાલાદવલાનું વલણ લેવાની ફરજ પાડવાનો પ્રયાસ કર્યો હતો. આ તો ભારતનાં ભારે આકરાં વલણને લીધે આ કારસો વિફળ રહ્યો હતો અને સંગઠનની બેઠક કોઈ પણ સંયુક્ત નિવેદન વગર આટોપી લેવાઈ હતી. આજે જ્યારે દુનિયા વિકાસની ખેવના રાખી રહી છે ત્યારે તેને સાકાર કરવા માટે શાંતિ અને સલામતી અનિવાર્ય છે. સંઘર્ષના સમયમાં શાંતિ સ્થાપવા માટે વૈશ્વિક મંચોએ હવે નિર્ણાયક ભૂમિકા ભજવવાનો સમય પાકી ગયો છે. વક્રતા એ છે કે, રણમેદાનમાં ખેલાતા જંગોને નાથવા પર ધ્યાન કેન્દ્રિત થાય છે, પણ આતંકવાદના લોહિયાળ પડકારને પહોંચી વળવા માટે વૈશ્વિક પ્રયાસમાં અધૂરપ સતત સામે આવતી રહી છે. આખી દુનિયા માને તો છે કે, આતંકવાદને નાથવાની તાતી જરૂરત છે, પણ આ દેશો સાથે મળીને કોઈ નક્કર સંકલિત કાર્યવાહી કરવાનો સતત છોછ અનુભવતા રહ્યા છે. પાકિસ્તાન સહિતના અમુક દેશ એવા છે જે પોતાનાં રાજદ્વારી હિતો માટે આતંકવાદને સીધો કે આડકતરો સહયોગ આપતા રહે છે. આવા દેશોને ખરેખર વાસ્તવિક્તાનું ભાન કરાવવા માટે બ્રિક્સ કે એસસીઓ જેવા મંચે હવે આગળ આવવાની ખાસ જરૂરત છે. આવનારા સમયમાં આવા મંચ અને સંગઠનો પરસ્પર સહયોગ અને વિકાસના એજન્ડાની સાથોસાથ આતંકવાદની સામેની અસરકારક કાર્યયોજના બનાવીને તેના પર અમલ કરે એવી અપેક્ષા ભારત જેવા દેશોએ રાખવાની રહી.

ઈલેક્ટ્રોનિક ઉપકરણોને કારણે આપણે આપણી રોજિંદી જિંદગીને જેટલી સરળ બનાવી છે

# બિહારમાં મતદાર સુધારણા

### આને કારણે કેન્સર થવાની શક્યતા પણ રહેલી છે, એવું તારણ નિષ્ણાતો દ્વારા તારવવામાં આવ્યું હતું.

બિહારમાં વિધાનસભાની ચૂંટણીને ગણીને ચાર મહિના બચ્યા છે ત્યારે એ પહેલાં જ કેન્દ્રીય ચૂંટણી પંચે વોટર વેરિફિકેશન શરૂ કરતાં બબાલ થઈ ગઈ છે. કૉંગ્રેસ અને આરજેડી સહિતના વિરોધ પક્ષોએ ચૂંટણી પહેલા થઈ રહેલા વોટર વેરિફિકેશનના વિરોધમાં બાંયો ચડાવી છે અને વિપક્ષોએ સંયુક્ત રીતે બુધવારે બિહાર બંધ પણ પળાવ્યો. વિપક્ષોનો આક્ષેપ છે કે, ભાજપના ઈશારે ચૂંટણી પંચ વોટર વેરિફિકેશનનું તૂત ચલાવીને આરજેડી અને કૉંગ્રેસ સહિતના વિપક્ષોના સમર્થક મતદારોનાં નામ મતદાર યાદીમાંથી દૂર કરવાનો કારસો કરી રહી છે.

મહારાષ્ટ્રમાં ભાજપ આ જ ખેલ કરીને ચૂંટણી જીતેલો ને બિહારમાં પણ હવે એ જ દાવ અજમાવી રહ્યો છે. ભાજપનો આ કહેવાતો દાવ સફળ ના થાય એટલે વિપક્ષો રસ્તા પર ઉતરી આવ્યા છે અને ચૂંટણી માટે એક મોટો મુદ્દો ઊભો કરવા મથામણ કરી રહ્યા છે. આમ તો હવે પહેલાંની જેમ બંધ સફળ થતા નથી, કેમ કે લોકો પાસે પોતાની રોજિંદી હાડમારીઓમાંથી ઊંચા આવવાનો સમય જ નથી.

બુધવારે જ ડાબેરી મોરચાનાં યુનિયનોએ ભારત બંધનું એલાન આપેલું, પણ થોડાંક રાજ્યોને બાદ કરતાં તેની ક્યાંય અસર ના વર્તાઈ પણ બિહારમાં આરજેડી એકદમ મજબૂત છે તેથી બંધની વ્યાપક અસર જોવા મળી. ઠેર ઠેર ઉગ્ર દેખાવો થયા. આરજેડીના નેતા તેજસ્વી યાદવ અને કૉંગ્રેસના રાહુલ ગાંધી સહિતના નેતાઓ બંધમાં જોડાયા તેના કારણે ફોર્મમાં આવી ગયેલા આરજેડી-કૉંગ્રેસના કાર્યકરોએ તોડફોડ ને હિંસા પણ કરી.

કૉંગ્રેસ-આરજેડી કાર્યકરોએ નેશનલ હાઈવે ચક્કાજામ કરી દીધા ને રેલવે ટ્રેક પણ બ્લોક કરીને ટ્રેન વ્યવહાર પણ ઠપ્પ કરી દીધો. બિહારમાં ઠેર ઠેર વિપક્ષોના કાર્યકરો દ્વારા રસ્તા બંધ કરવામાં આવ્યાં તેમાં સેંકડો વાહનો જામમાં ફસાઈ ગયાં ને ટ્રેનો રોકવામાં આવી તેમાં હજારો મુસાફરો રઝળી પડ્યા.બંધના કારણે લાખોને તકલીફો પડી પણ રાજકીય પક્ષોને લોકોની પરવા હોતી નથી. તેમને ચૂંટણી જીતવામાં રસ હોય છે ને ચૂંટણી જીતવા માટે મુદ્દા ઊભા કરવામાં રસ હોય છે તેથી લોકોની તકલીફોની પરવા કર્યા વિના વિપક્ષી કાર્યકરોએ બરાબર ધમાધમી કરીને નવેમ્બરમાં યોજાનારી ચૂંટણી માટે એક મુદ્દો ઊભો કરી દીધો.

બિહારમાં વિપક્ષો હિંસા પર ઉતરીને ખોટું કરી રહ્યા છે તેમાં બેમત નથી પણ કેન્દ્રીય ચૂંટણી પંચ પણ સાવ નિર્દોષ નથી જ. બલ્કે ચૂંટણી પંચે પેટ ચોળીને આ શૂળ ઊભું કર્યું છે. સામાન્ય રીતે કોઈ પણ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી થાય એ પહેલાં મતદાર સુધારણાનું કામ થતું હોય છે. બિહારમાં પણ કેન્દ્રીય ચૂંટણી પંચે પણ નવેમ્બરમાં થનારી ચૂંટણી માટે મતદાર સુધારણાનું જ કામ હાથ ધર્યું છે પણ તેમાં જે શરતો રાખી છે તેના કારણે બબાલ થઈ ગઈ છે.

કેન્દ્રીય ચૂંટણી પંચે તમામ મતદારોને એક ફોર્મ આપ્યું છે. દરેક મતદારે પોતે મતદાર છે એ સાબિત કરવા માટે આ ફોર્મ ભરીને પાછું આપવાનું છે. વિરોધનો મુદ્દો એ છે કે, આ વેરિફિકેશન માટે રેશન કાર્ડ કે આધાર કાર્ડ જેવા દસ્તાવેજો માન્ય નહીં ગણાય.

વેરીફિકેશન માટે ચૂંટણી પંચે ૧૨ દસ્તાવેજોને માન્ય ગણ્યા છે. આ દસ્તાવેજોમાં સરકાર દ્વારા જમીનની ફાળવણી, બર્થ સર્ટિફિકેટ, પાસપોર્ટ, જ્ઞાતિનું પ્રમાણપત્ર, બોર્ડ કે યુનિવર્સિટીનું ડિગ્રી સર્ટિફિકેટ સહિતના દસ્તાવેજોને માન્ય ગણવામાં આવશે.આ શરત વિચિત્ર કહેવાય કેમ કે દેશમાં કોઈ પણ પ્રકારના દસ્તાવેજ માટે આધાર કાર્ડ માન્ય ગણાય છે. ચૂંટણી પંચે જેને માન્ય દસ્તાવેજ ગણ્યો છે એ પાસપોર્ટ પણ માત્ર આધાર કાર્ડને આધારે કાઢી અપાય છે પણ મતદાર યાદીમાં સમાવેશ કરવા માટે એ જ આધાર કાર્ડ માન્ય નહીં ગણાય. સામાન્ય લોકો પાસે આધાર કાર્ડ જ મુખ્ય દસ્તાવેજ છે પણ ચૂંટણી પંચ તેને જ માન્ય નથી ગણતું એ વિચિત્રતા કહેવાય.

ચૂંટણી પંચે વેરિફિકેશનમાંથી ૨૦૦૩ની મતદાર યાદીમાં સમાવેશ કરાયો હોય તેમને મુક્તિ આપી એ પણ વિચિત્ર છે. પંચનું કહેવું છે કે, વિદેશી ઘૂસણખોરો સહિત જે લોકોનાં નામ ખોટી રીતે મતદાર યાદીમાં ઉમેરવામાં આવ્યા છે તેમનાં નામ કાઢી નાખવામાં આવશે પણ એ સિવાય કોઈનાં નામ કાઢી નહીં નંખાય. સવાલ એ છે કે, ૨૦૦૩ને આધાર કેમ બનાવાયો? ૨૦૦૩ પહેલાં ખોટી રીતે કોઈનાં નામ દાખલ નહીં કરાયાં હોય એવું માની લેવા માટે કોઈ તાર્કિક આધાર નથી. પંચમાં બેઠેલાં લોકોને તુક્કો સૂઝ્યો એટલે ૨૦૦૩ની મતદાર યાદીને આધાર બનાવી દીધો પણ તેના માટે કોઈ કારણ નથી.પંચ હવે સુધારણાની ક્વાયત કરી રહ્યું છે ત્યારે તેણે ખરેખર બધા મતદારોની ચકાસણી કરી લેવાની હતી. તેના બદલે આ અડધીપડધી ક્વાયત દ્વારા પંચ શું સાબિત કરવા માગે છે એ ખબર નથી. હાલમાં, બિહારમાં લગભગ ૭ કરોડ ૮૯ લાખ મતદારો છે. આમાંથી લગભગ ૪ કરોડ ૯૬ લાખ મતદારોનો પણ ૨૦૦૩ની મતદાર યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમનું વેરિફિકેશન કરવામાં આવશે નહીં.ચૂંટણી પંચનું કહેવું છે કે, વિપક્ષો નકામો હોબાળો કરી રહ્યા છે કેમ કે વાસ્તવમાં બાકીના ૨ કરોડ ૯૩ લાખ મતદારોનું જ વેરિફિકેશન કરવાનું છે. આ વાત ખોટી છે કેમ કે ૨૨ વર્ષમાં જે મતદારો ગુજરી ગયા હશે કે દેશ છોડીને જતા રહ્યા હશે તેમનાં નામ યાદીમાંથી નિકળી ગયાં હશે. તેમની સંખ્યા નાનીસૂની નહીં હોય એ જોતાં લગભગ ૫૦ ટકા મતદારોનું વેરિફિકેશન કરવાનું થશે જ, એ જોતાં વેરિફિકેશન બધા મતદારોનું જ કરી લેવું જોઈએ ને? બીજું એ કે, ખોટા મતદારોને કાઢવા હોય તો આખા દેશમાં કાઢવા જોઈએ. એક રાજ્યમાં શું કરવા?

વિપક્ષોને પણ આ મુદ્દાનો ચૂંટણીમાં લાભ લેવામાં રસ છે એટલે જ તેમણે હોહા આદરી છે. બાકી મતદાર યાદી સુધારણાના મામલામાં સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ૧૦ જુલાઈએ થવાની જ છે. ૫ જુલાઈએ એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ્સ (અઉછ) એ સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને બિહારમાં મતદાર યાદીમાં સુધારો કરવાના ચૂંટણી પંચના આદેશને રદ કરવાની માગ કરી જ છે.

વિપક્ષો સુપ્રીમ કોર્ટના ચુકાદા સુધી રાહ જોવાની જરૂર હતી પણ ત્યાં સુધી રાહ જોવા જાય તો હાથમાંથી મુદ્દો જતો રહે એટલે સુનાવણીના એક દિવસ પહેલાં જ તેમણે બંધનું એલાન આપીને મુદ્દાને ગરમ કરી દીધો. આશા રાખીએ કે, સુપ્રીમ કોર્ટ ન્યાયી વલણ અપનાવીને આ મુદ્દાને મોટો ના બનવા દે કેમ કે મુદ્દો મોટો બનશે તો હિંસા થશે ને લોકોને તકલીફ થશે.

ટેરિફ ઘટાડીને તેમના માટે ભારતીય બજાર ખોલવાની માગ કરી રહ્યું છે

# ટ્રમ્પના ટૅરિફની જાળમાંથી નીકળવા હવાતિયાં

• ટ્રમ્પે ટેરિફ લાધા પછી અમેરિકાના નાણાં મંત્રી સ્કોટ બેસન્ટે દાવો કરેલો કે, ૯૦ દેશો અમેરિકા સાથે વેપાર સોદો કરવા તૈયાર છે

ગુજરાતીમાં કહેવત છે કે, વાર્યા ના વળે એ હાર્યા વળે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને આ કહેવત બરાબર લાગુ પડી રહી છે. ટ્રમ્પે મોટા ઉપાડે ભારત, ચીન સહિતના દેશોના અમેરિકામાં આવતા માલ પર ટૅરિફ લાદવાની જાહેરાત કરેલી પણ તેના કારણે અમેરિકાના અર્થતંત્રની વાટ લાગવા માંડી પછી ટ્રમ્પ પોતે જ બનાવેલી ટૅરિફની જાળમાંથી બહાર નીકળવા ફાંફાં મારી રહ્યા છે. તેના ભાગરૂપે એક તરફ ટ્રમ્પ નવા ટૅરિફના અમલની મુદત લંબાવતા જાય છે તો બીજી તરફ દુનિયામાં આર્થિક રીતે મહત્ત્વના કહેવાય એવા દેશો સાથે ટ્રેડ ડીલ એટલે કે વ્યાપાર સોદાબાજી કરી રહ્યા છે. અમેરિકાના પ્રમુખ બન્યા પછી તાત્કાલિક ટૅરિફ લાદવાની જાહેરાત કરનારા ટ્રમ્પે બ્રિટન (યુકે) અને ચીન સાથે ટ્રેડ ડીલ કરીને પહેલાં જ પીછેહઠ કરી લીધી છે. હવે ભારત સાથે ટ્રેડ ડીલ માટે મથી રહ્યા છે.ટ્રમ્પે બે એપ્રિલે વિશ્વભરના દેશો સાથે જેવા સાથે તેવા બનવાનું એલાન કરીને રેસિપ્રોકલ ટૅરિફ લાદ્યો હતો. મતલબ કે, અમેરિકાના માલ પર જે દેશમાં જેટલો ટૅરિફ હોય એટલો જ ટૅરિફ અમેરિકાએ એ દેશના અમેરિકામાં આવતા માલ પર ઠોકી દીધો હતો. આ રેસિપ્રોકલ ટૅરિફને પાછળથી ૯૦ દિવસ માટે મુલતવી રાખવામાં આવ્યો હતો. આ ૯૦ દિવસની સમયમર્યાદા નવ જુલાઈ, ૨૦૨૫ના રોજ સમાપ્ત થઈ રહી છે તેથી ટ્રમ્પ શું કરે છે તેના પર સૌની નજર હતી. ટ્રમ્પે એલાન કરી દીધું છે કે, અમેરિકા દ્વારા લદાયેલો વૈશ્વિક ટૅરિફ વધારો નવ જુલાઈથી નહી પણ એક ઓગસ્ટથી અમલી બનશે. ટ્રમ્પનું એલાન એ વાતનો પુરાવો છે કે, ટ્રમ્પની ટૅરિફની ધમકીઓ પછી દુનિયાના દેશો બીજા રસ્તા શોધીને વ્યાપાર કરવા માંડ્યા તેમાં અમેરિકા ફફડી ગયું છે. ટ્રમ્પને એમ હતું કે, ટૅરિફના ડરે દુનિયાના દેશો અમેરિકાના પગ પકડી લેશે પણ એવું થયું નથી. ટ્રમ્પે ટૅરિફ લાદ્યા પછી અમેરિકાના નાણાં મંત્રી સ્કોટ બેસન્ટે દાવો કરેલો કે, ૯૦ દેશો અમેરિકા સાથે વેપાર સોદો કરવા તૈયાર છે અને વ્હાઈટ હાઉસનું મેઈલ ઈનબોક્સ જુદા જુદા દેશોની ટ્રેડ ડીલ ઓફરોથી ભરેલું છે. ૧૦ એપ્રિલે અમે ટૅરિફ મોકૂફ રાખીને ૯૦ દિવસમાં ૯૦ દેશો સાથે ટ્રેડ ડીલનું ટાર્ગેટ નક્કી કરેલું. આ ટાર્ગેટ પૂરું થવામાં છે અને મોટાભાગના દેશો અમેરિકન શરતો સ્વીકારીને શક્ય તેટલી વહેલી તકે ડીલ કરવા તૈયાર છે.હવે સ્કોટ બેસન્ટ શું કહે છે એ પણ સાંભળવા જેવું છે. બેસન્ટને હવે ડહાપણ આવ્યું છે કે, અમેરિકા માને છે કે કોઈપણ દેશ સાથેના ટ્રેડ ડીલના દરવાજા ક્યારેય બંધ ન થવા જોઈએ અને બે દેશો વચ્ચે હેલ્થી ટ્રેડ એટલે કે સ્વસ્થ વ્યાપાર થવો જોઈએ. દુનિયાભરના દેશોને ધમકી આપનારું અમેરિકા હવે હેલ્થી ટ્રેડનું જ્ઞાન પિરસી રહ્યું છે એ પાછળનું કારણ શું એ કહેવાની જરૂર નથી.ટ્રમ્પે એવું એલાન પણ કર્યું છે કે, ભારત-અમેરિકા ટ્રેડ ડીલ થવાની તૈયારીમાં છે અને અમે ભારત સાથે ડીલ કરવાની બહુ નજીક છીએ. ભારત સાથે ટ્રેડ ડીલ ક્યાં સુધીમાં થઈ જશે તેની ચોખવટ ટ્રમ્પે કરી નથી પણ બે-ચાર દિવસમાં આ જાહેરાત થવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે.આ ટ્રેડ ડીલ કયા પ્રકારનું હશે તેની ચોખવટ પણ નથી કરાઈ. ભારતે તો અમેરિકા સાથે મુક્ત વેપાર કરાર (ઋઝઅ)ની તૈયારી પણ બતાવી છે પણ અમેરિકા તેના માટે તૈયાર નથી એ જોતાં ચોક્કસ સેક્ટર આધારિત ટ્રેડ ડીલ થશે પણ આ ડીલથી ભારત અને અમેરિકા બંનેને ફાયદો થશે તેમાં બેમત નથી.અત્યારે બહાર આવેલી વિગતો પ્રમાણે અમેરિકા ભારતના કાપડ, દવાઓ, ઝવેરાત પર ટૅરિફ ઘટાડવા તૈયાર છે તેથી આ ઉત્પાદનોને અમેરિકન બજારમાં વધુ પ્રવેશ મળશે. અમેરિકા ૨૬ ટકા પારસ્પરિક ટૅરિફ દૂર કરે તેના કારણે ભારતીય નિકાસ સસ્તી થશે અને બીજા દેશોનાં ઉત્પાદનો સામે ભારત ટકી શકશે. સામે પેકન નટ્સ, બ્લૂબેરી અને ઓટોમોબાઈલ્સ જેવાં ઉત્પાદનોને ભારતમાં ઓછા ટૅરિફ પર વેચવાની તક મળશે તેથી અમેરિકાને ફાયદો થશે.ભારત અને અમેરિકાની ટીમો વચ્ચે ટ્રેડ ડીલ અંગે વોશિંગ્ટનમાં સતત વાટાઘાટો ચાલી રહી છે. લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે પણ કશું નક્કી થયું નથી તેનું કારણ ભારતનાં હિતો અંગે નરેન્દ્ર મોદી સરકારનું મક્કમ વલણ છે. અમેરિકા પોતાના કૃષિ અને ડેરી ઉત્પાદનોની આયાત પર ટૅરિફ ઘટાડીને તેમના માટે ભારતીય બજાર ખોલવાની માગ કરી રહ્યું છે. ઓટો સહિત અન્ય ક્ષેત્રોમાં તેના ટૅરિફ ઘટાડવાની માગ પણ કરી રહ્યું છે. અમેરિકા ભારતને જીએમ પાક અને ડેરી ઉત્પાદનો વેચવા માગે છે પણ ભારત અમેરિકાનો માલ લેવા તૈયાર નથી. ભારત અને અમેરિકા વચ્ચે ટૅરિફ અંગે પણ મતભેદો છે. ભારત ઈચ્છે છે કે અમેરિકા ૨૬ ટકા પારસ્પરિક ટૅરિફ અને ૧૦% બેઝલાઈન ટૅરિફને સંપૂર્ણપણે નાબૂદ કરે પણ અમેરિકા ૧૦ ટકા ટૅરિફ નાબૂદ કરવા તૈયાર નથી. ભારતને ઝૂકાવવા માટે ટ્રમ્પે ધમકી આપેલી જે દેશો નવ જુલાઈ સુધીમાં અમેરિકા સાથે કરાર પર હસ્તાક્ષર નહીં કરે તેમણે આકરા ટૅરિફનો સામનો કરવો પડશે.મોદી સરકાર કોઈ મુદ્દે નમતું જોખવા તૈયાર નથી અને ભારતે સ્પષ્ટ કર્યું કે કોઈ પણ દબાણ સામે ઝૂકશે નહીં. ભારત સરકારે એ પણ સ્પષ્ટ કર્યું છે કે, કૃષિ અને ડેરી ક્ષેત્ર ખોલવામાં નહીં આવે કે ટૅરિફ ઘટાડવામાં પણ નહીં આવે. કૃષિ-ડેરી સેક્ટરમાં કરાર અને ટૅરિફ અંગે અમેરિકાની શરતો સ્વીકારવાના ભારતના સ્પષ્ટ ઈનકારના પગલે કોકડું ગૂંચવાયેલું છે. મોદી સરકારનું વલણ યોગ્ય છે કેમ કે ભારતમાં કૃષિ અને ડેરી સેક્ટર પર કરોડો પરિવારો નભે છે. આ બંને સેક્ટર આજે પણ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે. ભારતમાં સૌથી વધારે રોજગારી આપતાં આ બંને ક્ષેત્રોનાં હિતોનું રક્ષણ કરવું જરૂરી છે. ટૅરિફ ઘટાડીને અમેરિકાની કંપનીઓ માટે આ બંને સેક્ટર ખોલી દેવાય તો ભવિષ્યમાં કરોડો પરિવારો પર તેની ખરાબ અસર પડે. મોદી સરકાર એ નકારાત્મક અસર નથી પડવા દેવા માગતી તેથી અડી ગઈ છે. ટ્રમ્પે જાત જાતનાં નાટકો કરીને મોદી સરકારને ભીસમાં લેવા પ્રયત્ન કર્યો પણ મોદી સરકારે મચક આપી નથી. ભવિષ્યમાં પણ મોદી સરકાર આ મક્કમ વલણ ચાલુ રાખશે એવી આશા રાખી શકાય.

હવે બર્મિંગગમની જીત અત્યાર સુધીની સૌથી મોટી જીત બની છે.

# બર્મિંગગમની જીત, રોહિત-વિરાટની ખોટ જરાય ના સાલી

• ભારતની જીત એ રીતે મહત્ત્વની છે કે, ભારત એકદમ તરોતાજા અને યુવા ખેલાડીઓની બની ટીમની તાકાત પર જીત્યું છે.

ભારતીય ક્રિકેટ ટીમે બર્મિંગગમના એજબેસ્ટન ગ્રાઉન્ડમાં બીજી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડને ૩૩૬ રનથી હરાવીને ઈતિહાસ રચી દીધો. ભારત અત્યાર લગી એજબેસ્ટનમાં કદી જીત્યું નહોતું. એજબેસ્ટનમાં રમાયેલી આઠ ટેસ્ટમાંથી ભારત સાત હાર્યું હતું અને એક મેચ ડ્રો રહી હતી તેથી ભારતની જીતની કોઈને આશા નહોતી પણ શુભમન ગિલની યુવા ટીમે બીજી ટીમો નહોતી કરી શકી એ કરીને ઈતિહાસ રચી દીધો. ૫૮ વર્ષમાં બર્મિંગગમમાં પોતાનો પહેલો વિજય નોંધાવીને ભારતે પાંચ ટેસ્ટ મેચની સિરીઝ ૧-૧ થી બરાબર તો કરી જ પણ પોતાના ટેસ્ટ ઈતિહાસનો સૌથી મોટો વિજય પણ મેળવ્યો. ભારતે અગાઉ ૧૯૮૬માં લીડ્સમાં ઈંગ્લેન્ડ સામે ૨૭૯ રને મેળવેલી જીત રનની દ્રષ્ટિએ ભારતની સૌથી મોટી જીત હતી. હવે બર્મિંગગમની જીત અત્યાર સુધીની સૌથી મોટી જીત બની છે. ભારતની જીત એ રીતે મહત્ત્વની છે કે, ભારત એકદમ તરોતાજા અને યુવા ખેલાડીઓની બની ટીમની તાકાત પર જીત્યું છે. વિરાટ કોહલી અને રોહિત શર્મા નિવૃત્ત થયા પછી ભારતીય બેટિંગનું શું થશે એવા નિસાસા નખાતા હતા પણ શુભમન ગિલ, રિષભ પંત, યશસ્વી જયસ્વાલ જેવા યુવા ખેલાડીઓએ સાબિત કર્યું છે કે, કોઈના વિના કશું અટકતું નથી. વિરાટ અને રોહિત હતા ત્યારે નહોતી મળી એવી જબરદસ્ત જીત ભારતે મેળવી છે. રોહિત અને વિરાટ જતાં ઝાડ પડ્યું ને જગા થઈ એવી હાલત છે.બર્મિંગગમની જીત એ રીતે પણ મહત્ત્વની છે કે ભારતે જસપ્રિત બુમરાહની ગેરહાજરીમાં ઈંગ્લેન્ડને પછાડ્યું છે. બુમરાહ ભારતીય બોલિંગનો કર્ણધાર છે અને અત્યારે જ નહી પણ ભારતીય ક્રિકેટ ઈતિહાસના શ્રેષ્ઠ બોલરોમાંથી એક છે તેમાં બેમત નથી. છેલ્લા કેટલાંક વરસોથી તો વિદેશની ધરતી પર બુમરાહ જ ભારતને જીતાડતો રહ્યો છે પણ આ વખતે બુમરાહની ગેરહાજરીમાં ભારત જીત્યું એ મોટી વાત છે. ભારત માટે આ સારો સંકેત છે કેમ કે બુમરાહ વિના ભારત જીતી શકે તો બૂમરાહ હોય તો ભારત વર્લ્ડ ચેમ્પિયન પણ બની શકે.ભારતીયોની માનસિકતા ટીમ સ્પિરિટની નહી પણ વ્યક્તિગત જશ ખાટવાની ને આપવાની છે. બર્મિંગગમની જીતમાં પણ એ જ માનસિકતા બતાવીને શુભમન ગિલને હીરો બનાવીને સૌ તેના પર વરસી રહ્યા છે પણ આ જીત માત્ર શુભમન ગિલની નથી.બીજી ટેસ્ટમાં ગિલે જોરદાર રમત બતાવી અને બધા ઈંગ્લિશ બોલરો ગિલ સામે લાચાર થઈ ગયા તેમાં બેમત નથી. ગિલે પહેલી ઈનિંગમાં ૩૮૭ બોલમાં ૨૬૯ રન બનાવ્યા અને બીજી ઈનિંગમાં વધુ આક્રમક બેટિંગ કરીને ૧૬૨ બોલમાં ૧૬૧ રન બનાવ્યા.ગિલે મેચમાં ૪૩ ચોગ્ગા અને ૧૧ છગ્ગા ફટકાર્યા એ જોતાં ૨૩૮ રન તો બાઉન્ડ્રીથી જ કર્યા છે. ટેસ્ટ મેચના હિસાબે આ આક્રમક બેટિંગ કહેવાય તેથી ગિલને વખાણવો જ પડે. એક ટેસ્ટની બંને ઈનિંગ્સમાં સદી ને કુલ મળીને ૪૩૦ રન ખડકવા એ નાની વાત નથી જ તેથી ગિલ ભારતની જીતનો હીરો છે જ પણ ગિલને ટીમના બીજા ખેલાડીઓનો પણ એવો જ સાથ મળ્યો એ ના ભૂલવું જોઈએ.નીતિશ કુમાર રેડ્ડી બંને ઈનિંગ્સમાં ના ચાલ્યો પણ એ સિવાયના બધા ખેલાડીઓએ કંઈ ને કંઈ યોગદાન આપ્યું જ છે. રવિન્દ્ર જાડેજાએ બંને ઈનિંગ્સમાં અડધી સદી ફટકારીને ભારતને મોટો સ્કોર ખડકવામાં મદદ કરેલી. યશસ્વી જયસ્વાલે પહેલી ઈનિંગમાં તો કે.એલ. રાહુલ ને રિષભ પંતે બીજી ઈનિંગ્સમાં અડધી સદી ફટકારી છે. જાડેજા બાપુએ તો બંને ઈનિંગ્સમાં થઈને ૧૫૦ રન ફટકાર્યા તો યશસ્વીએ ૧૧૫ રન ફટકાર્યા. પંતે પણ ૯૦ રન કર્યા છે. કરુણ નાયર અને વોશિંગ્ટન સુંદરે પણ બંને ઈનિંગ્સમાં મળીને ફિફ્ટી પ્લસ રન કર્યા છે. ગિલની બેટિંગ અવિસ્મરણિય છે તેમાં શંકા નથી પણ બીજા બેટ્સમેનના યોગદાનને પણ નજરઅંદાજ ના કરી શકાય.ભારત પહેલી ટેસ્ટમાં સારી બેટિંગ છતાં હારેલું કેમ કે કેચ છોડીને ઈંગ્લેન્ડના ખેલાડીઓને જીવતદાનોની હારમાળા સર્જી દીધેલી. બીજી ટેસ્ટમાં ભારતની ફીલ્ડિંગ પણ સારી રહી અને બોલિંગ પણ સારી રહી. મોહમ્મદ સિરાજ અને આકાશ દીપે જાન રેડીને બોલિંગ કરી તેમાં બેમત નથી એ જોતાં શુભમન ગિલ જેટલું યોગદાન તેમનું પણ છે. આકાશ દીપે ૧૦ અને સિરાજે સાત વિકેટો લીધી એ જોતાં ઈંગ્લેન્ડની ૨૦માંથી ૧૭ વિકેટો તો આ બંને જ લઈ ગયા.પહેલી ઈનિંગમાં બેટિંગ માટે સ્વર્ગ સમાન પીચ સિરાજે ઈંગ્લેન્ડની ૭૦ રન આપીને ૬ વિકેટ લીધી હતી. સિરાજનું યોગદાન એ રીતે મહત્વનું કે, ઈંગ્લેન્ડના લોઅર ઓર્ડરને ધરાશાયી કરી દીધું. હેરી બ્રુક અને જેમી સ્મિથે ૩૦૩ રનની તોતિંગ ભાગીદારી કરીને ઈંગ્લેન્ડને ઉગાર્યું પછી ઈંગ્લેન્ડ ભારતના સ્કોરની લગોલગ પહોંચી જશે એવું લાગતું હતું કેમ કે આક્રમક બેટિંગ કરતો જેમી સ્મિથ ઊભો હતો. સિરાજે સામો છેડો ખાલી કરી નાખીને જેમી સ્મિથને તક જ ન આપી. ૩૮૭ રને બ્રુક આઉટ થયો પછી બીજા ૨૦ રનના ઉમેરામાં ઈંગ્લેન્ડની ટીમ સમેટાઈ ગઈ તેનો યશ સિરાજને જતો હતો. સિરાજે ઈંગ્લેન્ડની બીજી ઈનિંગમાં પણ એક વિકેટ લીધી. ઓપનર ક્રાઉલીને આઉટ કરીને ઈંગ્લેન્ડના પતનની શરૂઆત જ સિરાજે કરી હતી. આકાશ દીપનું યોગદાન પણ મોટું છે કેમ કે આકાશ દીપ તો રિપ્લેસમેન્ટ બોલર હતો. આકાશને પહેલી ટેસ્ટમાં તક મળી ન હતી કેમ કે જસપ્રિત બુમરાહ ટીમમાં હતો. આ વખતે બુમરાહને આરામ અપાતાં આકાશને તક મળી ને બંને ઈનિંગ્સમાં શાનદાર બોલિંગ કરીને આકાશે આ તક બેઉ હાથે ઝડપી લીધી. પહેલી ઈનિંગ્સમાં આકાશ દીપે ૮૮ રન આપીને ચાર વિકેટ લીધી હતી જ્યારે બીજી ઈનિંગ્સમાં ૯૯ રન આપીને ૬ વિકેટ લીધી હતી. આકાશ આ પહેલાં સાત ટેસ્ટમાં ૧૫ વિકેટો લઈને સામાન્ય બોલર સાબિત થયેલો પણ આ વખતે આકાશ દીપે પોતાની સીમ મૂવમેન્ટથી ઈંગ્લેન્ડના બેટ્સમેનને હતપ્રભ કરી દીધા.

# સૈયામીએ બીજી વખત આયર્નમેન ૭૦.૩ ટ્રાયથ્લોન રેસ પૂરી કરી

## સૈય્યામી કહે છે, આ રેસ મારી પોતાની શંકાઓ વિરુદ્ધ છે



એક્ટ્રેસ અને સ્પોર્ટ્સમાં ઊંડો રસ ધરાવતી સૈયામી ખેરે સફળતાપૂર્વક એક વર્ષમાં બીજી વખત આયર્નમેન ૭૦.૩ ટ્રાયથ્લોન રેસ પૂરી કરી છે, આ રેસ ૬ જુલાઈએ યોનકોપિંગ, સ્વીડન ખાતે યોજાઈ હતી. આ સિદ્ધિ સાથે સૈયામી એવી પહેલી એક્ટ્રેસ બની ગઈ છે, જેણે એક વર્ષની અંદર બીજી વખત આ રેસ પૂરી કરી છે. આ એક એવી પડકારજનક અને અઘરી રેસ છે, જેમાં ૧.૯ કિમી. તરવાનું હોય છે, ૯૦ કિમી. સાઈકલ ચલાવવાની હોય છે અને ૨૧.૧ કિમી. હાફ મેરેથોન દોડવાની હોય છે, આ બધું જ ખેલાડીઓએ એક જ દિવસમાં પૂરું કરવાનું હોય છે. સૈયામીએ પોતાની પહેલી રેસ સપ્ટેમ્બર ૨૦૨૪માં પૂરી કરી હતી, જે વખતે તેણે પહેલી વખત આ રેસમાં ભાગ લીધો હતો. હવે તેણે બીજી વખત સ્વીડનમાં ભાગ લીધો ત્યારે તે પહેલાં કરતાં પણ વધુ પડકારજનક રેસ હતી કારણ કે આમાં ઠંડુ પાણી, સીધું ચઢાણ અને ભારે પવન પણ સામેલ હતો. સૈયામી આ પડકારજનક રેસ પણ અગાઉ કરતાં ૩૨ મિનિટ વહેલી પૂરી કરી દીધી હતી.

સૈયામીએ સફળતા અંગે પોસ્ટ કરતાં કહ્યું, "લોકો મને ઘણી વખત પુછે છે કે હું મારી જાતને આવો ત્રાસ કેમ આપું છું. હકિકત એવી છે કે આવું કરીને હું દુનિયા સામે કંઈ જ સાબિત કરવા માગતી નથી. મને ક્યારેય બહારના લોકોનાં પ્રમાણની જરૂર પડી નથી. મારા માટે રમત-ગમતમાં જોડાવું એ અતિ અંગત બાબત છે – આ મારી પોતાની શંકાઓ સામેની રેસ છે. આ વર્ષે મારું લક્ષ્ય ગયા વર્ષ કરતાં સારું બનવાનું હતું. મેં બસ એવું જ કર્યું."સૈયામીએ આગળ લખ્યું, "એક સ્ત્રી તરીકે, ખાસ તો પિરીયડ્ઝની પીડા સાથે આ પ્રકારના શારિરીક પડકારોનો સામનો કરવો એ ઘણી વધુ પીડાદાયક બાબત હોય છે, પરંતુ એ ફરી યાદ અપાવે છે કે મુદ્દાઓ કરતાં મનની શક્તિ મહત્વની હોય છે. તેમાં એક વિચિત્ર, શાંત ગૌરવ સમાયેલું હોય છે, આવું કશુંક અશક્ય લાગતું કામ તમે પૂરું કર્યું. એક ઊંડો આનંદ."સૈયામીએ આ પહેલાં પણ તેની જીવનમાં ખેલકૂદના મહત્વ વિશે વાત કરી છે, જે તમારા પડકારો માટેના વિચારો અને વલણ પર અસર કરે છે.



# અજય દેવગન સાથે 'દ્રશ્યમ ૩'માં અક્ષય ખન્ના અને તબ્બુ પણ જોડાયાં

## ૨ ઓક્ટોબરે અજયની ફિલ્મનું શૂંટિંગ શરૂ થશે

અજય દેવગનની ફિલ્મ 'દશ્યમ ૩'નું ત્રીજું પ્રકરણ શરૂ થવા જઈ રહ્યું છે. આ ફિલ્મના પહેલા ભાગમાં ૨ ઓક્ટોબરની તારીખ ઘણી મહત્વની હતી, તે આ ફ્રેન્ચાઈઝીના દર્શકો જાણે જ છે. તેથી આ મહત્વની તારીખે જ હવે તેના ત્રીજા પ્રકરણનું શૂટિંગ શરૂ થશે. મહત્વની વાત એ પણ છે કે મોહનલાલની મલયાલમ ફિલ્મ અને અજય દેવગનની હિન્દી ફિલ્મનું શૂટિંગ એકસાથે જ ચાલશે. હિન્દી વર્ઝન આ વખતે પણ અભિષેક પાઠક જ ડિરેક્ટ કરશે. ડિરેક્ટરની સાથે કાસ્ટમાં પણ કોણ કોણ હશે, એ પણ હવે નક્કી થઈ ગયું છે.

નવા અહેવાલોને આધારે હવે તબુ અને અક્ષય ખન્ના, જેઓ પહેલાં બે ભાગમાં પોલિસ ઓફિસર્સના રોલમાં હતાં, તેઓ ફરી ત્રીજા ભાગમાં પણ આ રોલમાં જોવા મળશે. અભિષેક પાઠક તાજેતરમાં જ આ રોલ માટે તબુ અને અક્ષય ખન્નાને પણ મળ્યા હતા અને તેમની સાથે આ ફિલ્મનાં આઈડિયા અને સ્ક્રિપ્ટ અંગે ચર્ચા કરી હતી. બંને કલાકારોને ફિલ્મનો સ્ક્રિનપ્લે ખૂબ ગમ્યો છે અને તેઓ તરત જ આ ફિલ્મ માટે રાજી થઈ ગયાં છે. ટૂંક સમયમાં જ આ ફિલ્મની સ્ક્રિપ્ટ ફાઈનલ કરવાનું કામ શરૂ થઈ જશે.

આ અહેવાલો તરફથી માહિતી મળે છે કે હવે 'દશ્યમ ૩' સાથે આ ફ્રેન્ચાઈઝીનો અંત આવી જશે. તેથી ફિલ્મના ત્રણેય મુખ્ય પાત્રો આ ફિલ્મમાં કેન્દ્રમાં હશે – અજય દેવગન, અક્ષય ખન્ના અને તબુ. જ્યાંથી બીજી ફિલ્મનો અંત આવ્યો હતો, ત્યાંથી જ તરત ત્રીજી ફિલ્મની વાર્તા શરૂ થશે. જેમાં હવે એક દૃઢનિશ્ચયી પોલિસ ઓફિસર અને પોતાના પરિવારને બચાવવા માગતા એક માણસનો સીધો આમનો-સામનો જોવા મળશે. શ્રિયા સરન પણ આ ફિલ્મમાં અજયની પત્નીના રોલમાં ફરી એક વખત જોવા મળશે.

૨ ઓક્ટોબરથી ફિલ્મનું કામ શરૂ થઈ રહ્યું છે, એક જ શિડ્યુલમાં ફિલ્મનું શૂટિંગ પૂરું થઈ જશે. સુત્રએ આગળ જણાવ્યું કે

મહત્વના પાત્રો માટેનું કાસ્ટિંગ હાલ થઈ રહ્યું છે, પરંતુ વિજય સલગાંવકરના પરિવારની આ છેલ્લી સફર હશે, તેવી શક્યતા સૌથી વધુ છે.

અજય દેવગન હાલ 'ધમાલ ૪' અને 'રેન્જર'ને જ પ્રાથમિકતા આપવા માગે છે, પછી તે 'દશ્યમ ૩'નું કામ શરૂ કરશે. તેના પછી તે 'ગોલમાલ ૫'નું કામ શરૂ કરશે. ત્યાર બાદ 'શૈતાન રિટર્ન્સ' કરશે, આમ અજય આવનારા વર્ષમાં પણ સતત વ્યસ્ત રહેવાનો છે.

# અક્ષય-અર્શદ ની 'જોલી LLB ૩' ગાંધી જયંતિએ રિલીઝ થઈ શકે


## ફિલ્મને ૧૯ સપ્ટેમ્બરે રિલીઝ કરવાનું આયોજન હતું

અક્ષય કુમારની 'જોલી એલએલબી ૨' રિલીઝ થઈ હતી, તેને આઠ વર્ષ વિતી ચુક્યા છે, ત્યારે હવે ફ્રેન્ચાઈઝીનું નવું અને ત્રીજું પ્રકરણ રિલીઝ થવા માટે તૈયાર છે. જેમાં આગળની બંને ફિલ્મના જોલી એટલે કે અક્ષય કુમાર અને અર્શદ વારસી બંને લીડ રોલમાં જોવા મળશે. ત્યારે હવે એવા અહેવાલો છે કે ફિલ્મની ટીમ ગાંધી જયંતિ પર ફિલ્મ રિલીઝ કરવાનું વિચારે છે.

આ અંગેના કેટલાંક અહેવાલો અનુસાર આ ફિલ્મની રિલીઝ પાછી ઠેલાય એવી શક્યતા છે, જે હવે ૧૯ સપ્ટેમ્બરના બદલે ૨ ઓક્ટોબરે લઈ જવાય એવી શક્યતા છે. સુત્રના જણાવ્યા અનુસાર મેકર્સની ઈચ્છા આ ફિલ્મ ગાંધી જયંતિ પર રિલીઝ કરવાની છે.

સુત્રએ એવું પણ જણાવ્યું કે અક્ષય કુમાર અને ફિલ્મના ડિરેક્ટર સુભાશ કપૂરને પણ વિશ્વાસ છે કે તેમણે મનોરંજનથી ભરપુર ફિલ્મ બનાવી છે, આ પારિવારીક ફિલ્મ રજાઓમાં રિલીઝ થાય એ વધુ યોગ્ય છે. જોકે, આ અંગે કોઈ ઓફિશિયલ જાહેરાત કરવામાં આવી નથી. આ ફિલ્મ ૧૯ સપ્ટેમ્બરે રિલીઝ થશે, અગાઉ એવી જાહેરાત થઈ હતી. જો આ ફિલ્મ ૨ ઓક્ટોબરે રિલીઝ થાય તો તેને ચાર દિવસ લાંબા વીકેન્ડનો લાભ મળી શકે તેમ છે.

એક ઈન્ટરવ્યુમાં અક્ષય કુમારે અર્શદ વારસી સાથે કામ કરવા અંગે વાત કરી હતી. આ ફિલ્મનો પહેલો ભાગ ૨૦૧૩માં આવ્યો હતો, જેમાં અર્શદ વારસી લીડ રોલમાં હતો અને બીજો ભાગ ૨૦૧૭માં આવ્યો હતો, જેમાં અક્ષય કુમાર લીડ રોલમાં હતો. અક્ષયે કહ્યું હતું, "હું અને અર્શદ સાથે આવી રહ્યા છીએ, જોલી ૧ અને જોલી ૨ બંને સાથે જોવા મળશે. એની સાથે કામ કરવામાં મને બહુ મજા આવી. એ બહુ પ્રેમાળ વ્યક્તિ છે, તેની સાથે કામ કરવું બહુ મજાનો અનુભવ હોય છે, તેનું સેન્સ ઓફ હ્યુમર અને ટાઈમિંગ ઘણા સારા છે." આ ફિલ્મમાં અમૃતા રાવ અને હુમા કુરેશી સાથે સૌરભ શુક્લા અને અનુ કપૂર પણ હશે. આ ઉપરાંત અક્ષય અને અર્શદ 'વેલકમ ટુ ધ જંગલ'માં પણ સાથે જોવા મળશે.






# આમિર અને મનસૂર ખાન ૧૭ વર્ષ પછી સાથે ફિલ્મ કરશે

## જુનૈદ ખાન અને સાઇ પલ્લવીની ફિલ્મ 'એક દિન' ૭ નવેમ્બરે રિલીઝ થશે

આમિર ખાન આખરે દિકરા જુનૈદ માટે એક ફિલ્મ પ્રોડ્યુસ કરી રહ્યો છે, 'એક દિન' ગુપચુપ બનાવીને ૭ નવેમ્બરે રિલીઝ કરી દેવાશે. આ ફિલ્મ અંગે કોઈ ઓફિશિયલ જાહેરાત થઈ નથી.


'એક દિન' સુનિલ પાંડે દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે, જે જુનૈદ ખાન અને સાઈ પલ્લવી માટે મહત્વની ફિલ્મ બની શકે છે, જેની ફિલ્મની સફર પર ઘણા લોકોની નજર છે.


આ ફિલ્મની લીડ જોડીથી પણ મહત્વની વાત એ છે કે, દિકરા જુનૈદની આ ફિલ્મ માટે ૧૭ વર્ષે આમિર ખાન અને મનસૂર ખાન એક સાથે કામ કરી રહ્યાં છે, આ બંને કઝીન ભાઈઓએ છેલ્લે 'જાને તું યા જાને ના'માં સાથે કામ કર્યું હતું. મનસૂર ખાન આમિરનો એ કઝીન ડિરેક્ટર છે, જેણે આમિરની 'કયામત સે કયામત તક' અને 'જ જિતા વૌહી સિકંદર' ફિલ્મ પણ બનાવી હતી. તેઓ બંને સાથે આવવાની વાતથી જ ઈન્ડસ્ટ્રીમાં આ ફિલ્મ અંગે ઘણી અપેક્ષાઓ છે.

સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, 'સિતારેં ઝમીન પર'ની સફળતા પછી આમિરની ઈચ્છા ઊંડાણપૂર્વકની વાર્તાઓ ધરાવતી ફિલ્મ બનાવવાની જ છે, 'એક દિન'ની વાર્તા પણ આવી જ હશે. જોકે, કોઈ તહેવાર કે રજાઓ પર આ ફિલ્મ રિલીઝ થતી નથી, તે દર્શાવે છે કે ફિલ્મની ટીમને ફિલ્મના કન્ટેન્ટમાં વિશ્વાસ છે અને વર્ડ ઓફ માઉથથી જ આ ફિલ્મ ચાલશે.

# આલિયા સાથે આસિસ્ટન્ટે ૭૭ લાખની છેતરપિંડી કરી

## વેદિકા પ્રકાશ શેટ્ટીએ ખોટા બિલ બનાવીને નાણાં પોતાના બેંક ખાતામાં જમા કરાવ્યા





આલિયા ભટ્ટની પર્સનલ આસિસ્ટન્ટ રહી ચુકેલી વેદિકા પ્રકાશ શેટ્ટીએ આલિયા સાથે ૭૬.૯ લાખની છેતરપિંડી કરીને વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ જુહુ પોલિસ સ્ટેશનમાં કરવામાં આવી છે. મે ૨૦૨૨થી લઈને ઓગસ્ટ ૨૦૨૪ દરમિયાન તેણે આલિયા સાથે વ્યક્તિગત રીતે અને તેની કંપની ઈટર્નલ સનશાઈન પ્રોડક્શન્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે છેતરપિંડી કરી છે.


૨૩ જાન્યુઆરી, ૨૦૨૫એ આલિયાની માતા સોની રાઝદાન દ્વારા આ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જેમાં વેદિકા વિરુદ્ધ ગુનાઈત પ્રવૃત્તિ અને છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. જુહુ પોલિસે વેદિકાની શોધખોળ શરૂ કરી હતી, જે લગભગ પાંચ મહિના ચાલી. અંતે વેદિકા બેંગ્લોરમાં તેની બહેનના ઘરે મળી આવી હતી. તેને કાયદાકીય કાર્યવાહી માટે મુંબઈ લાવવામાં આવી હતી.


પોલીસનો દાવો છે કે ૨૦૨૧થી ૨૦૨૪માં તેના કાર્યકાળ દ્વારા વેદિકાએ કેટલાક ખોટા બિલ બનાવ્યા હતા કેટલાંક ખર્ચ વધારીને કર્યા હતા, જેમાં પ્રવાસ, મીટિંગ, વ્યવસ્થાઓ, તૈયારીઓનો સમાવેશ થાય છે. તેણે આ બધાં બિલ અને દસ્તાવેજો સાચા લાગે તે માટે એક સોફ્ટવેરનો ઉપયોગ કર્યો હતો. તેના પર આલિયાની સાઇન મેળવીને પછી, તે પોતાના ઓળખીતાઓના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરતી હતી, જે પછી વેદિકાના ખાતામાં આવી જતાં હતાં.

એક ભતપૂર્વ સેક્રેટરી અને વિશ્વાસુ સભ્ય તરીકે વેદિકા પાસે આલિયાના કાર્યક્રમો અને આર્થિક વ્યવસ્થાઓનો ઉપયોગ કરવાના કેટલાક અધિકારો હતા. આ છેતરપિંડીએ સક્રિયપણે સેલેબ્રિટીના અંગત જીવનથી લઈને આર્થિક બાબતો પર ખતરો ઉભો કર્યો છે. વેદિકા હાલ જુહુ પોલિસની કસ્ટડીમાં છે. તેઓ બારિકાઈથી આ કેસની તપાસ કરી રહ્યા છે. વેદિકા પર ૪૨૦, ૪૦૬ અને આઈટી એક્ટ અંતર્ગત ખોટા દસ્તાવેજો બાવવાના આરોપ સર ફરિયાદ દાખલ થઈ છે.

# 'ડોન ૩'માં શાહરૂખ અને પ્રિયંકાના સરપ્રાઈઝ કેમિયોની શક્યતા

શાહરૂખ ખાન માટે લાંબો સમય રાહ જોયા પછી ફરહાન અખ્તરે આખરે 'ડોન ૩'નું શૂટિંગ શરૂ કરી દીધું છે. આ ફિલ્મમાં રણવીર સિંહનો લીડ રોલ છે, પરંતુ ફરહાનને શાહરૂખ વગર આ ફિલ્મ અધૂરી લાગી રહી છે. જેથી ફરહાને સરપ્રાઈઝ કેમિયો માટે શાહરૂખને રાજી કરી લીધો હોવાનું કહેવાય છે. ફિલ્મમાં આકર્ષણ વધારવા માટે શાહરૂખ ઉપરાંત પ્રિયંકા ચોપરાને પણ સ્પેશિયલ રોલ ઓફર થયો હોવાની ચર્ચા છે. 'ડોન ૩'માં શાહરૂખની જગ્યાએ રણવીર સિંહની પસંદગી થઈ છે, પરંતુ ઓડિયન્સને સરપ્રાઈઝ આપવા ડાયરેક્ટર ફરહાન અખ્તરને શાહરૂખની જરૂર છે. શાહરૂખને સાંકળવા માટે ફિલ્મમાં ડ્રામેટિક ટવિસ્ટ લાવવાનો વિચાર થયો છે. શાહરૂખ ખાનના 'ડોન' કેરેક્ટરને ધ્યાનમાં રાખીને ફિલ્મની સ્ટોરીમાં પણ ટ્વિસ્ટ લવાયો છે. શાહરૂખના રોલ અંગે કોઈ જાણકારી બહાર આવી નથી. જો કે સરપ્રાઈઝ કેમિયોની ઓફર સાથે ફરહાને શાહરૂખ સાથે મુલાકાત કરી હોવાનું કહેવાય છે. શાહરૂખ હાલ તો 'કિંગ'ના શૂટિંગમાં બિઝી છે, પરંતુ ફરહાન સાથેના ગાઢ સંબંધોને ધ્યાને રાખી શાહરૂખે ઓફર સ્વીકારી હોવાનું કહેવાય છે. કેટલાક લોકોનું માનવું છે કે, રોમાના રોલમાં પ્રિયંકા ચોપરા પણ આવી શકે છે. 'ડોન ૩'માં શાહરૂખની જેમ પ્રિયંકાને પણ કેમિયો ઓફર થયો છે. પ્રિયંકા તરફથી આવેલા જવાબ અંગે કોઈ માહિતી મળી શકી નથી.






# ઈંગ્લેન્ડે પહેલા દિવસે ૪ વિકેટ ગુમાવીને ૨૫૧ રન બનાવ્યા



ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે એન્ડરસન-તેંડુલકર ટ્રોફી ૨૦૨૪-૨૫ની ત્રીજી મેચ લંડનના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાઈ રહી છે. ઈંગ્લેન્ડે પહેલા દિવસે ચાર વિકેટ ગુમાવીને ૨૫૧ રન બનાવ્યા હતા. જો રૂટ ૯૯ અને બેન સ્ટોક્સ ૩૯ રન બનાવીને અણનમ છે. બંને દેશો વચ્ચે શ્રેણીની પહેલી મેચ લીડ્સમાં રમાઈ હતી, જેમાં યજમાન ટીમે ૫ વિકેટથી જીત મેળવી હતી. ત્યારબાદ ભારતીય ટીમે શાનદાર વાપસી કરી અને એજબેસ્ટન ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડને ૩૩૬ રનથી હરાવીને પાંચ મેચની શ્રેણી ૧-૧થી બરાબર કરી હતી. હવે આ લોર્ડ્સ ટેસ્ટ બંને ટીમો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

ઈંગ્લેન્ડની પહેલી ઈનિંગમાં શરૂઆત સારી રહી હતી. બેન ડકેટ (૨૩ રન) અને જેક ક્રોલી (૧૮ રન)એ મળીને પહેલી વિકેટ માટે ૪૩ રનની ભાગીદારી કરી હતી. જો કે, નીતિશ કુમાર રેડ્ડીએ આ બંને ઓપનરોને એક જ ઓવરમાં આઉટ કરીને પેવેલિયન ભેગા કર્યા હતા. અહીંથી જો રૂટ અને ઓલી પોપે સદીની ભાગીદારી કરીને ઈંગ્લેન્ડની કમાન સંભાળી હતી. રૂટે ભારત સામે પોતાનું શાનદાર ફોર્મ ચાલુ રાખ્યું અને ૧૦૨ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી. એટલું જ નહીં, રૂટ ભારત સામે ટેસ્ટમાં ૩૦૦૦ રન પૂર્ણ કરનાર પ્રથમ બેટ્સમેન બની ગયો છે.બીજા સત્ર દરમિયાન પંતને આંગળીમાં ઈજા થતાં મેદાન છોડવું પડ્યું હતું. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ જણાવ્યું કે, ભારતીય વિકેટકીપર રિષભ પંત મેડિકલ ટીમની દેખરેખ હેઠળ છે. પંતની જગ્યાએ વિકેટકીપર તરીકે ધ્રુવ જુરેલને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ઈનિંગની ૩૪મી ઓવરમાં જસપ્રીત બુમરાહે ફેંકેલા બોલને રોકવા માટે પંતે ડાઈવ મારી હતી. ત્યારે તેણે ડાબા હાથની આંગળીમાં ઈજા થઈ હતી. ત્યારબાદ ભારતીય સપોર્ટ સ્ટાફ દ્વારા પંતના હાથની સારવાર કરવામાં આવતા રમત થોડીવાર માટે રોકવામાં આવી હતી.

# MCC મ્યુઝિયમમાં સચિનના પેઈન્ટિંગનું અનાવરણ




લોર્ડ્ઝના લોન્જ રૂમ અને સ્ટેડિયમના વિવિધ ભાગમાં ત્રણ હજાર પેઈન્ટિંગ્સ છે. જેમાં ગુરુવારે વધુ એકનો ઉમેરો થયો હતો. ક્રિકેટના કાશી મનાતા લોર્ડ્ઝ ખાતે શરૂ થયેલી ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચેની ત્રીજી ક્રિકેટ ટેસ્ટ મેચના પ્રથમ દિવસની રમત અગાઉ મેરિલબોર્ન ક્રિકેટ ક્લબ (એમસીસી) મ્યુઝિયમમાં ભારતના દિગ્ગજ બેટ્સમેન સચિન તેંડુલકરના પેઈન્ટિંગનું અનાવરણ કરવામાં આવ્યું હતું. કલાકાર સ્ટુઅર્ટ પિયર્સન રાઈટ દ્વારા આ પિક્ચર તૈયાર કરવામાં આવ્યું છે જે વર્ષના અંત સુધી મ્યુઝિયમમાં રહેશે અને ત્યારબાદ પેવેલિયનમાં શિફ્ટ કરી દેવામાં આવશે. આ તસવીર કલાકાર દ્વારા ૧૮ વર્ષ અગાઉ મુંબઈ સ્થિત સચિનના ઘરમાં લેવાયેલી એક તસવીરમાંથી લીધી છે. પેઈન્ટિંગનું જેમ કામ આગળ વધ્યું તેમ રાઈટનો દ્રષ્ટિકોણ પણ બદલાયો હતો અને એલ્યુમિનિયમ ઉપર ઓઈલ પેઈન્ટ પૂર્ણ કરવામાં આવ્યું હતું. એમસીસીના મ્યુઝિયમમાં કોઈ ભારતીય ખેલાડીનું આ ચોથું પિક્ચર છે. આ અગાઉ કપિલ દેવ, બિશનસિંઘ બેદી, દિલીપ વેંગસરકરની તસવીરો લગાવવામાં આવી હતી.લોર્ડ્ઝ પોર્ટ્રેટ કાર્યક્રમ પોતાના વર્તમાન સ્વરૂપને ત્રણ દાયકાથી ચલાવી રહ્યું છે પરંતુ એમસીસી વિક્ટોરિયન સમયથી કલા અને કલાકૃતિઓને એકત્રિત કરી રહ્યું છે. ૧૯૫૦ના દાયકામાં એક સમર્પિત સંગ્રહાલય તરીકે સ્થાપના થઈ હતી અને ઐતિહાસિક ગ્રાઉન્ડની લોન્જ રૂમ ગેલેરી રમતજગતની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત ગેલેરી છે. વર્તમાન સમયમાં લગભગ ત્રણ હજાર પેઈન્ટિંગ છે જેમાંથી લગભગ ૩૦૦ ઓઈલ પેન્ટિંગવાળા છે.


# ભારતીય મહિલા ટીમે ઈંગ્લેન્ડ સામે પ્રથમ ટી-૨૦ સિરીઝ જીતી

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ઈંગ્લેન્ડ સામે ઐતિહાસિક જીત નોંધાવીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે. માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ મેદાન પર રમાયેલી ચોથી T20I મેચમાં ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડ ટીમને ૬ વિકેટથી હરાવીને ૫ મેચની શ્રેણીમાં ૩-૧ની અજેય લીડ મેળવી હતી. પહેલા બેટિંગ કરતા ઈંગ્લેન્ડની ટીમ ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને માત્ર ૧૨૬ રન જ બનાવી શકી હતી. જવાબમાં ટીમ ઈન્ડિયાએ ૧૭ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કર્યું હતું. કૌર અને કંપની હાલ શાનદાર ફોર્મમાં છે. શ્રેણીની શરૂઆતની મેચમાં ભારતે ઈંગ્લેન્ડને ૯૭ રનથી જ્યારે બીજી મેચમાં બ્રિસ્ટલમાં ૨૪ રનથી જીત મેળવી હતી. પરંતુ ત્રીજી ટી૨૦માં ભારતે ૫ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો.સિરીઝની છેલ્લી મેચ શનિવારે બર્મિંગહામમાં રમાશે.ભારતે છેલ્લે ૨૦૦૬માં ડર્બીમાં રમાયેલી એકમાત્ર T20I મેચમાં ઈંગ્લેન્ડને હરાવ્યું હતું. ત્યારથી, 'વિમેન્સ ઈન બ્લુ' ઈંગ્લેન્ડ સામેની દરેક મહિલા ૨૦ૈ શ્રેણીમાં નિષ્ફળ રહી હતી. ચોથી ટી૨૦ મેચમાં ભારતની જીતમાં સ્પિન બોલરોએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. રાધા યાદવ (૧૫/૨), ૨૦ વર્ષીય શ્રી ચારણી (૩૦/૨) અને દીપ્તિ શર્મા (૨૯/૧)એ સંયુક્ત રીતે પાંચ વિકેટ લીધી હતી, જેના કારણે યજમાન ટીમ ૭ વિકેટે ૧૨૬ રનના સામાન્ય સ્કોર પર રોકાઈ ગઈ હતી. ત્યારબાદ ઓપનર શેફાલી વર્મા (૩૨) અને સ્મૃતિ મંધાના (૩૧)એ ૫૬ રનની ભાગીદારી કરીને જીતનો પાયો નાખ્યો હતો.



# સ્ટેટ ટીટીમાં તક્ષ કોઠારી મેઈન ડ્રોમાં પ્રવેશ્યો





ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશન (જીએસટીટીએ)ના નેજા હેઠળ અને આણંદ ડિસ્ટ્રિક્ટટ ટેબલ ટેનિસ એસોસિયેશન (એડીટીટીએ)ના ઉપક્રમે દસથી ૧૩મી જુલાઈ દરમિયાન આણંદના યુગપુરુષ વિવેકાનંદ સ્પોર્ટ્સ કોમ્પલેક્સ (બાકરોલ) ખાતે યોજાયેલી રોટોમેગ ત્રીજી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં ગુરુવારે પ્રથમ દિવસે પોતાની બંને ક્વોલિફાઈંગ રાઉન્ડની મેચો જીતીને સુરતના પ્રતિભાશાળી ખેલાડી તક્ષ કોઠારીએ મેઈન ડ્રોમાં પ્રવેશ કરી લીધો હતો. ટુર્નામેન્ટના પ્રથમ દિવસે બે સ્થાનિક ખેલાડી પાર્થ પંજાબી અને આદિત્ય ભારદ્વાજે પણ પોતપોતાની ક્વોલિફાઈંગ મેચમાં પ્રભાવશાળી દેખાવ કરીને મેઈન ડ્રોમાં સ્થાન હાંસલ કર્યું હતું. અંડર-૧૯ બોયઝ કેટેગરીમાં ગાંધીધામ રેન્કિંગ્સના ડબલ ટાઈટલ વિજેતા રાજકોટના દેવ ભટ્ટે પણ તેની ક્વોલિફાઈંગ મેચો જીતવામાં ખાસ મહેનત કરવી પડી ન હતી.

ગુરુવારે સંખ્યાબંધ મહાનુભાવોની હાજરીમાં ત્રીજી સ્ટેટ રેન્કિંગ ટુર્નામેન્ટનો શુભારંભ થયો હતો. આ પ્રસંગે સરદાર પટેલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર નિરંજન પટેલ, ઉમેશ બાલાણી, મેહુલ પટેલ, શ્યામ સુંદર રાથી, જીએસટીટીએના વાઈસ પ્રેસિડેન્ટ કાંતિભાઈ ભુવા, એડીટીટીએના પ્રમુખ અને જીએસટીટીએના માનદ ખજનાચી રુજુલ પટેલ, દિલીપ માકડિયા ઉપસ્થિત રહ્યા હતા.

# રિયલ મેડ્રિડને ૪-૦થી હરાવી PSG ફાઈનલમાં, ચેલ્સી સામે મુકાબલો



સ્ટાર ખેલાડી ફેબિયન રૂઈઝે નોંધાવેલા બે ગોલની મદદથી ફ્રાન્સની ફૂટબોલ ક્લબ પેરિસ સેન્ટ જર્મેને રિયલ મેડ્રિડને એકતરફી અંદાજમાં ૪-૦થી હરાવીને ફિફા ક્લબ વર્લ્ડ કપ ફૂટબોલ ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. રવિવારે મોડી રાત્રે રમાનારી ફાઈનલમાં પીએસજીનો મુકાબલો ઈંગ્લિશ ક્લબ ચેલ્સી સામે થશે.મેટલાઈફ સ્ટેડિયમ ખાતે રમાયેલી બીજી સેમિફાઈનલની પ્રારંભિક દસ મિનિટમાં જ પીએસજીએ મુકાબલો લગભગ પોતાની તરફેણમાં કરી લીધો હતો. વર્તમાન વર્ષે યુએઈએફએ ચેમ્પિયન્સ લીગ જીતનારી પીએસજી ટીમે રૂઈઝે છઠ્ઠી મિનિટે નોંધાવેલા ગોલની મદદથી ૧-૦ની સરસાઈ મેળવી લીધી હતી. ત્યાર બાદ ડેમ્બેલે નવમી મિનિટે ગોલ કરીને પીએસજીને ૨-૦થી આગળ કરી દીધી હતી.રિયલ મેડ્રિડે મેચમાં પરત ફરવા માટે વધારે આક્રમક રમત દાખવી હતી પરંતુ તેના પ્રયાસ નિષ્ફળ રહ્યા હતા. રૂઈઝે ૨૪મી મિનિટે પોતાનો બીજો અને ટીમનો ત્રીજો ગોલ કરીને હાફટાઈમે સ્કોર ૩-૦નો કર્યો હતો. ત્યાર બાદ પીએસજી ટીમે પોતાની ડિફેન્સિવ રમત ઉપર વધારે ધ્યાન આપ્યું હતું. મેચની નિર્ધારિત ૯૦ મિનિટમાં ત્રણ મિનિટ બાકી હતી ત્યારે ગોકાલો રામોસે ૮૭મી મિનિટે ગોલ કરીને પીએસજીને ૪-૦થી આગળ કરીને ટીમનો ફાઈનલમાં પ્રવેશ પણ નિશ્ચિત કરી દીધો હતો.દરમિયાન યુરોપિયન ક્લબ ચેલ્સીએ પ્રથમ સેમિફાઈનલમાં ગયા વખતની રનર્સ-અપ ક્લુમિનેન્સને ૨-૦થી હરાવીને ૧૩ વર્ષ બાદ ક્લબ વર્લ્ડ કપની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. આ મેચમાં ૨૩ વર્ષીય જાઓ પેડ્રોએ બે ગોલ કર્યા હતા. ચેલ્સી અગાઉ ૨૦૧૨માં ફાઈનલ સુધી પહોંચી હતી પરંતુ બ્રાઝિલિયન ક્લબ કુરન્થિયન સામે પરાજય થયો હતો. બ્રાઝિલની ક્લબ બોટાફોગોએ પોતાની નેશનલ ટીમના કોચ કાર્લો એન્સેલોટીના પુત્રને પોતાનો નવો મેનેજર બનાવ્યો છે. ૩૫ વર્ષીય ડેવિડ એન્સેલોટીનો કરાર ૨૦૨૯ સુધીનો રહેશે.



# રવિન્દ્ર જાડેજા એ જો રૂટની કરી મેદાન પર જોરદાર મજાક

લોર્ડ્સના મેદાનમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલ ત્રીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ભારતના સ્ફોટક ખેલાડી સર રવીન્દ્ર જાડેજાએ કઈક એવી હરકત કરી કે મેદાન પર હાજર તમામ ખેલાડીઓ અને દર્શકો આ હરકત જોતાં જ રહી ગયા.ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે હાલ પાંચ મેચની ટેસ્ટ શ્રેણી ચાલી રહી છે. આ ટેસ્ટ શ્રેણી હાલ ઈંગ્લેન્ડના ઘર આંગણે ચાલી રહી છે જ્યાં હાલ બંને ટીમના ખેલાડીઓ જોરદાર પરફોર્મન્સ કરી રહ્યા છે ત્યારે લોર્ડ્સ ખાતે ગઈકાલથી શરૂ થયેલ ત્રીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ઈંગ્લેન્ડ તરફથી પ્રથમ બેટિંગ કરવાનું નક્કી કર્યા બાદ યજમાન ટીમના સ્ફોટક ખેલાડીએર શાનદાર ૯૯ રન ફટકાર્યા હતા. જો રૂટ જ્યારે ૯૯ રન પર રમી રહ્યો હતો ત્યારે લોર્ડ્સના મેદાન પર કઈક એવું થયું કે બધા પેટ પકડીને હસવા લાગ્યા.ક્રિકેટ જગતના વિશ્વ પ્રખ્યાત લૉર્ડ્સના મેદાન ખાતે ચાલી રહેલ ત્રીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે જો રૂટ શાનદાર ૯૯ રન અને બેન સ્ટોક્સ ૩૯ રન બનાવીને અણનમ પેવેલિયન તરફ પરત ફર્યા હતા. જો કે આ મેચમાં ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો જે બાદ યજમાન ટીમે પ્રથમ દાવની રમતમાં ૪ વિકેટના ભોગે ૨૫૧ રન બનાવવામાં સફળતા મેળવી હતી. આ રસપ્રદ મેચમાં ઈંગ્લેન્ડના સ્ટાર ખેલાડી જો રુટ તેમની સદીથી એક રન દૂર ૯૯ રન સુધી પહોંચી ગયા હતા તે દરમિયાન જાડેજાએ જો રૂટને ચીડવ્યો હતો જે વિડીયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.રવીન્દ્ર જાડેજાએ જો રુટ સાથે હળવા અંદાજમાં કરેલી એક મજાક મસ્તીનો વિડીયો હાલ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો છે. આ વિડીયોમાં સ્પષ્ટ પણે દેખાઈ રહ્યું છે કે ૯૯ રન પર રમી રહેલ જો રુટ રવીન્દ્ર જાડેજા તરફ બોલ ફટકારીને રન લેવા ભાગે છે ત્યારે એક રન તો સફળતાથી લઈ લે છે પરંતુ બીજા રન માટે ભાગવાનો પ્રયાસ કરે છે ત્યારે જાડેજા રુટ ને બીજા રન માટે ભાગવા માટે ઈશારો કરીને મજાક કરે છે. જાડેજા જમીન પર બોલ મૂકીને રૂટને ભગવા માટે મજાકમાં ઈશારો કરે છે.

# જો રૂટે લોર્ડ્સ ગ્રાઉન્ડ પર બનાવ્યા ૪ ઐતિહાસિક રેકોર્ડ

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી પાંચ મેચની ટેસ્ટ સીરિઝની ત્રીજી મેચ ગુરુવાર (૧૦મી જુલાઈ)થી લંડનના લોર્ડ્સ મેદાન પર રમાઈ રહી છે. અહીં પહેલા જ દિવસે યજમાન ટીમના અનુભવી બેટર જો રૂટ શાનદાર લયમાં જોવા મળ્યા. પહેલા દિવસે સ્ટમ્પ્સ જાહેર થયા ત્યાં સુધી તે ૫૧.૮૩ની સ્ટ્રાઈક રેટથી ૧૯૧ બોલમાં ૯૯ રન બનાવીને અણનમ છે. આ દરમિયાન તેમણે ૪ ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યા છે.

ઈંગ્લેન્ડ ટીમના સ્ટાર બેટર જો રૂટ ભારત સામે ટેસ્ટ ક્રિકેટમાં ૩૦૦૦ રનનો આંકડો પાર કરનાર વિશ્વનો પહેલો બેટર બન્યા છે. તેમણે ભારત સામે ૫૮.૨ની સરેરાશથી ૩૦૨૫ રન બનાવ્યા છે. આ પહેલા ભારત સામે ટેસ્ટમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ પૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટન રિકી પોન્ટિંગના નામે નોંધાયેલો છે. જેમણે ૫૪.૪ ની સરેરાશથી ૨૫૫૫ રન બનાવ્યા છે.

સૌથી વધુ ટેસ્ટ રન બનાવનાર વિશ્વનો પહેલો બેટર બન્યો છે. તેમણે પૂર્વ ક્રિકેટર ગ્રેહામ ગુચને પાછળ છોડી દીધા છે. ગ્રેહામ ગુચે લોર્ડ્સમાં ૨૫૧૩ રન બનાવ્યા હતા, જ્યારે જો રૂટના રનની સંખ્યા ૨૫૨૬ થઈ ગઈ છે.

ભારત સામે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ અડધી સદી ફટકારનાર જો રૂટ વિશ્વનો ચોથો બેટર છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગ પહેલા સ્થાને છે. તેમણે ૩૬ અડધી સદી ફટકારી છે. તેમના પછી શ્રીલંકાના પૂર્વ કેપ્ટન મહેલા જયવર્ધને ૩૫ અડધી સદી સાથે બીજા સ્થાને છે. જયવર્ધનેના પૂર્વ સાથી કુમાર સંગાકારા ત્રીજા સ્થાને છે. તેમણે ૩૪ અડધી સદી ફટકારી છે. જો રૂટ હવે ૩૦ અડધી સદી સાથે ચોથા સ્થાને આવી ગયો છે. તેમણે વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ બેટ્સમેન શિવનારાયણ ચંદ્રપોલ (૨૯) ને પાછળ છોડી દીધા છે.જો રૂટ લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર સૌથી વધુ ૫૦થી વધુ ઈનિંગ્સ રમનાર વિશ્વનો પહેલો ટેસ્ટ ક્રિકેટર બન્યો છે. તેમના પહેલા આ સિદ્ધિ એલિસ્ટર કૂક (૧૭) ના નામે નોંધાયેલી હતી. પરંતુ હવે રૂટનો સૌથી વધુ ૫૦થી વધુ ઈનિંગ્સ રમનાર નંબર ૧૮ થઈ ગયો છે.



# સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સીલ દ્વારા સેમિનાર યોજાયો

## એન્વાયર નિષ્ણાંતોએ સેમિનારમાં વિસ્તૃત રજૂઆત કરી

સુરત, તા.૧૧

સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલ તરફથી નેશનલ પ્રોડક્ટિવિટી કાઉન્સિલ સાથે મળીને બોઈલર્સ માટે એનર્જી એફિશિયનસી અને કન્ઝર્વેશન પર સચિન ઈન્ફ્રા એન્વાયરમેન્ટ લિમિટેડના કોન્ફરન્સ હોલ ખાતે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિડો - યુનાઈટેડ નેશન ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન ના ભારત ખાતેના પ્રોજેક્ટ કોઓર્ડીનેટર શ્રી દેબાજીત દાસ અને નેશનલ પ્રોડક્ટિવિટી ન્યુ દિલ્હી ખાતેથી એન્વાયરમેન્ટ અને એનર્જી એફિશીએન્સી ને લગતા નિષ્ણાતો શ્રી એ .કે. અસ્થાના, આસિ. ડાય. આનંદ વર્મા, ડે. ડાય. પ્રશાંત શ્રીવાસ્તવ, નિમ્સ ના પ્રોફેસર જિગ્નેશ દવે, તથા NPC - ગાંધીનગર ના ડાય. રાહુલ કિરકીરે બોઈલર્સ નો ઉપયોગ કરવામાં ઈંધણ ની બચત અને કાર્યક્ષમતા કેવી રીતે વધારી શકાય છે તેની સમજણ આપવા આવ્યા હતા. યુનાઈટેડ નેશન્સ સાથે મળી ભારત સરકાર તરફથી બોઈલર્સ ની એનર્જી કેપેસિટી અને તેની એફિશિયન્સી વધારવા માટે કઈ કઈ સહાય આપવામાં આવે છે, બેંકો તરફથી એમાં શું મદદ થઈ શકે છે અને એના દ્વારા એનર્જીનો ઉપયોગ સારામાં સારી રીતે થઈ શકે અને વધુમાં જેટલું ઈનપુટ અપાય છે એનાથી કેવી રીતે સારામાં સારો આઉટપુટ મેળવી શકાય એના પર વિશેષ છણાવટ કરવામાં આવી હતી. બોઈલર્સના અપગ્રેડેશન માટે એમાં ફેરફાર કરવા કે નવા બોઈલર્સ લેવા માટે ભારત સરકાર તરફથી મળતી સહાય અને એને લગતી લોન ની માહિતી આપવામાં આવી હતી. નેશનલ પ્રોડક્ટિવિટી કાઉન્સિલ લોન લેવા માટે મુખ્ય રીતે ભાગ ભજવશે. ભારત ખાતે અલગ અલગ સેક્ટરના છ ક્લસ્ટર્સ નક્કી કરવામાં આવ્યા છે, જેમાં સુરત અને અંકલેશ્વર બે મેઈન ક્લસ્ટર્સ છે, અને એના પર આજે કામ ચાલી રહ્યું છે અને જેમણે પણ આ બદલાવ અપનાવ્યા છે તેમને બહુ સારા રિઝલ્ટ મળી રહ્યા છે એવું પણ જાણવા મળ્યું છે. ત્યારબાદ સવાલ જવાબ રાઉન્ડ થયો હતા અને ખૂબ જ સુંદર પ્રતિસાદ મળ્યો હતો. સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલ, નેશનલ પ્રોડક્ટિવિટી કાઉન્સિલના અધિકારીઓ અને બીજા મહેમાનો નો સુંદર માહિતી આપવા બદલ આભારમાને છે. વિશેષ ગાંધીનગર ખાતે નેશનલ પ્રોડક્ટિવિટી કાઉન્સિલના ડાયરેક્ટર શ્રી રાહુલ કિરકીરે સાહેબનો આભાર માને છે સાથે જ દિલ્હીથી અને હૈદરાબાદ આવેલા સહુનો દિલથી આભાર માનીએ છીએ. સચિન ઈન્ફ્રા એંવાયરોમેંટ લી. ના પ્રમુખ બિનય અગરવાલ, મિતુલ મહેતા, કિશોર પટેલ અને પદાધિકારીઓ નો સહકાર બદલ આભાર વ્યક્ત કરીએ છીએ.



# જમનાબા ગોવિંદજી માવાણી સ્કૂલમાં ગુરૂપૂર્ણિમા દિવસની ઉજવણી કરાઈ

સુરત, તા.૧૧

જમનાબા ગોવિંદજી માવાણી હાઈસ્કૂલમાં ગુરુપૂર્ણિમા પર્વની ગરિમાપૂર્ણ રીતે ઉજવણી શહેરના જાણીતી નાટ્ય ફિલ્મ કલાકાર દિલીપ વી ઘાસવાળા ના પ્રમુખ પદે કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય મકવાણા ગોવિંદભાઈ મકવાણાના માર્ગદર્શન હેઠળ, કરવામાં આવ્યું હતું. આ ગરિમાપૂર્ણ કાર્યક્રમની વિશેષતા એ હતી કે વિદ્યાર્થીઓએ સૌ શિક્ષક મિત્રોનું કુમકુમ તિલક કરી સ્મૃતિભેટ આપીને સન્માન કર્યું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સુરત શહેરના જાણીતા,નાટ્ય ફિલ્મ કલાકાર, અને શિક્ષક એવા દિલીપભાઈ ઘાસવાલા ઉપસ્થિત રહ્યા હતા. એમણે વિદ્યાર્થીઓને ગુરુપૂર્ણિમાના પાવન અવસર પર પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પરમાર હેમંતભાઈ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે સેજલબેન,ચંન્દ્રીકાબેન, પ્રતીક્ષાબેન, હેતલબેન અને ચેતનભાઈ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

# અંકલેશ્વરમાં મહાત્મા ગાંધીજી સાથે જોડાયેલું સ્મારક નામશેષ

## દાંડી યાત્રા વખતે મહાત્મા ગાંધીએ રાત્રી રોકાણ કર્યુ હતુ તે ધર્મશાળા ઉતારી પડાઈ



અંકલેશ્વર, તા.૧૧

દેશની આઝાદી સાથે જોડાયેલ અને ખાસ કરીને મીઠાના કાયદાનો ભંગ માટે યોજાયેલ દાંડી યાત્રા સાથે અંકલેશ્વરનું નામ જોડાયેલું હતું.જે હવે મટી જવા પામ્યું છે

અંકલેશ્વર શહેરમાં એક માત્ર ગાંધીજી જોડે જોડાયેલ સ્મારક નામશેષ થઈ ગયું છે. જ્યોતિ સિનેમા પાસે આવેલ માળી ધર્મશાળા માં દાંડી યાત્રા દરમિયાન ગાંધીજીએ રોકાણ કર્યું હતું.ધર્મશાળા જર્જરિત થતા તેના માલિકો દ્વારા ઉતારી લીધી હતી.દીવાલ પર લાગેલી ગાંધીજી યાદની તકતી પણ તોડી પાડતા હવે દાંડી યાત્રાના કોઈ અવશેષ રહ્યા નહતા. સ્થાનિક નેતાગીરી અને તંત્રની અનદેખીના કારણે ગાંધી વિચારધારાનો અંત આવ્યો હતો.

દેશની આઝાદી સાથે જોડાયેલ અને ખાસ કરીને મીઠાના કાયદાનો ભંગ માટે યોજાયેલ દાંડી યાત્રા સાથે અંકલેશ્વરનું નામ જોડાયેલું હતું.જે હવે મટી જવા પામ્યું છે.દાંડી યાત્રા દરમિયાન ગાંધીજી જે માળી ધર્મશાળા માં રોકાયા હતા તે પોળ હવે જમીનદોસ્ત થઈ જવા પામી છે. અહી માળી ની ધર્મશાળા જર્જરિત બનતા ભયજનક સ્થિતિમાં મુકાઈ હતી. જે અંગે પાલિકા દ્વારા સમારકામ કે તેને સત્વરે ઉતારી લેવાની તાકીદ કરતી નોટિસ પોળ સંચાલકોને ફટકારી હતી. ત્યારબાદ માળીની ધર્મશાળા ના સંચાલકો દ્વારા અચાનક આખા શ્રીમાળી પોળ સંકુલને ઉતારી લેવાનો નિર્ણય કરી તેને જમીનદોસ્ત કરી દેવામાં આવી છે.

આ માળીની ધર્મશાળા ની દીવાલ પર ગાંધીજી દાંડી યાત્રા રોકાણ કર્યું હતું તેની તકતી તંત્ર દ્વારા લગાવી હતી. જોકે તંત્ર પણ તકતી લગાવી ભૂલી ગયું હતું. અને માળી ની ધર્મશાળા ત્યારબાદ સંચાલક પણ આ તકતીને તકતી તરીકે ન જોઈને તેને પણ તોડી પાડી હતી. જેને લઈ હવે દાંડી યાત્રા સ્મારક રૂપે રહેલ એક ઓળખ જમીનદોસ્ત થઈ ગઈ હતી.જેને લઈ ગાંધીજી અને તેમની વિચારધારા સાથે જોડાયેલ અંકલેશ્વર શહેરનું એક માત્ર સ્મારક પણ નષ્ટ થઈ જવા પામ્યું છે.

## સુરત જિલ્લામાં વરસાદના વિરામ

# માર્ગ અને મકાન વિભાગ દ્વારા ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું પેચ વર્કનું કામ પુર ઝડપમાં

## માંડવીથી શેરૂલાના અતિ વ્યસ્ત ૧૪ કિ.મી. રોડ પર પેચવર્ક કરાયું

સુરત, તા.૧૧

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના માર્ગોની પ્રવર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજી સંબંધિત વિભાગોના અધિકારીઓને વરસાદથી નુકસાનગ્રસ્ત બનેલા માર્ગો-પુલોની મરામત માટે પેચવર્ક કરવા માટેનો આદેશ આપ્યો હતો. જેના ભાગરૂપે માર્ગ અને મકાન વિભાગ-૨ના કાર્યપાલક ઈજનેરશ્રી એન.એન.પટેલની નિગરાની હેઠળ માંડવી થી શેરૂલાના ૧૪ કિ.મી.ના અતિ વ્યસ્ત રોડ પર ક્ષતિગ્રસ્ત રસ્તાઓના પેચવર્કનું કામ પ્રગતિમાં છે. માર્ગ અને મકાન વિભાગ-૨ના આસિસ્ટન્ટ ઈજનેર રવિન્દ્રભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી થયેલા ભારે વરસાદને કારણે માંડવી થી શેરૂલાનો વચ્ચેના ૧૪ કિ.મી લાંબા સ્ટેટ હાઈવે પર ખાડા પડી ગયા હતા. વરસાદમાં વિરામ બાદ તાત્કાલિક પેચ વર્કની કામગીરી હાથ ધરતા વાહન વ્યવહાર સરળ અને સુગમ બન્યો છે. માંડવી, ઉકાઈ અને તાપીને જોડતો આ હાઈવે એટલા માટે મહત્વનો છે કે આ હાઈવે પર ઈકો ટુરિઝમ આવેલા છે, જેના કારણે વાહનોની અવરજવર સતત રહે છે. ઉપરાંત, મહારાષ્ટ્રથી ટ્રાન્સપોર્ટ માટેના મોટા વાહનની પણ અવરજવર રહે છે, મેટલ પેચ વર્ક, ડામર પેચ વર્ક અને ટ્રાયલ બેસ ઉપર કૉન્ક્રીટ પેચ વર્કની કામગીરી કરવામાં આવી છે. આ કામગીરીથી રસ્તા ઉપયોગ કરતા લોકોને હવે ભારે રાહત અનુભવાશે. જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીના માર્ગદર્શનમાં માર્ગ અને મકાન વિભાગનું તંત્ર વરસાદી સિઝનમાં માર્ગ વ્યવસ્થાપન સુનિશ્ચિત બનાવવા સંપૂર્ણ સતર્કતા સાથે કામગીરી કરી રહ્યું છે.

## યૂનિયન એજ્યુકેશન સોસાયટીની સામાન્ય સભા

સુરત, તા.૧૧

યૂનિયન એજયુકેશન સોસાયટી,સુરતની ૯૭મી વાર્ષિક સાધારણ સભા સોસાયટીની કચેરી ન.મો.ઝવેરી યૂનિયન હાઈસ્કુલ, રાણીતળાવ, લાલગેટ, સુરતમાં બપોરે ૦૩:૩૦ કલાકે યોજવામાં આવી છે.

# ઓલપાડમાં ધરતી આબા જનજાતિય ઉત્કર્ષ અભિયાન

## કારેલી ગ્રામ પંચાયત ખાતે યોજાયેલા કેમ્પમાં ૬૭૪ લોકોને લાભ

સુરત, તા.૧૧

વડાપ્રધાનશ્રી દ્વારા આદિજાતિ સમુદાયના લોકોને પાયાની માળખાકીય તથા વ્યકિતલક્ષી યોજનાઓના લાભો ઘરબેઠા મળી રહે તે માટે દેશ-રાજયવ્યાપી 'ધરતી આબા જનજાતિય ઉત્કર્ષ' અભિયાન શરૂ કરાયું છે. જે અંતર્ગત સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાની કારેલી ગ્રામ પંચાયત ખાતે યોજાયેલા કેમ્પનો કુલ ૬૭૪ લોકોએ લાભ લીધો હતો. કારેલી પ્રા.શાળા ખાતે યોજાયેલા કેમ્પમાં ગ્રામજનોએ ૩૦ જાતિના દાખલા, ૮૫ આધાર કાર્ડ, ૨૦૩ કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, ૦૧ મનરેગા, ૨૮ પોષણ અભિયાન, ૧૨૩ સિકલ સેલ ટેસ્ટિંગ, ૧૫૬ આયુષમાન ભારત કાર્ડ, ૪૨ રાશન કાર્ડ, ૦૩ પીએમ ઉજ્જવલા યોજના, ૩ ડોમિસાઈલ સર્ટિફિકેટ, સહિતની યોજનાઓના લાભો લીધા હતા. આ પ્રસંગે તા.વિ.અ.શ્રી હાર્દિકભાઈ ગઢવી, તા.પં.પ્ર.શ્રી નિતાબેન પટેલ, સરપંચશ્રી રાકેશભાઈ રાઠોડ, તલાટી કમ મંત્રીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

# પંચાયત વિભાગ દ્વારા ૭૧.૨૦ કિ.મી. રસ્તાઓના મરામતની કામગીરી પૂર્ણ

## મરામત મટે ૭૧૨ ઘ.મી. મેટલ, ૪૮.૫૦ મે.ટન કોલ્ડ મીક્ષ તથા કુલ ૪૫ ચો.મી. પેવર બ્લોકનો ઉપયોગ

સુરત, તા.૧૧

સુરત જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા ચોમાસા દરમિયાન વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત રસ્તાઓની મરામતની કામગીરી યુદ્ધના ધોરણે તાત્કાલિક અસરથી હાથ ધરવામાં આવી છે. પંચાયતના કાર્યપાલક ઈજનેરશ્રી કે.કે. પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૮૫ રસ્તાઓ ઓવરટોપ થયા હતા, જે પૈકી કુલ ૮૨ રસ્તાઓ પુર્વવત કરવામાં આવ્યા છે. ૮૫ રસ્તાઓ પૈકી કુલ ૧૨ કોઝવે ઓવરટોપ થયા હતા. જેની સાફ-સફાઈની તથા નુકસાન થયેલ ફ્લડગેજને પુર્વવત કરવાની કામગીરી પુર્ણ કરવામાં આવી હતી. આ સિવાય જીલ્લામાં કુલ ૧૫૦.૫૮ કી.મી. લંબાઈમાં મરામતની જરૂરીયાત હતી, તે પૈકી કુલ ૭૧.૨૦ કી.મી. લંબાઈમાં મરામતની કામગીરી પુર્ણ કરવામાં આવી છે. આ રસ્તાઓની મરામત માટે કુલ ૭૧૨ ઘ.મી. મેટલ, કુલ ૪૮.૫૦ મે.ટન કોલ્ડ મીક્ષ તથા કુલ ૪૫ ચો.મી. પેવર બ્લોકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ટુંક સમયમાં સિમેન્ટ કોન્ક્રીટ મટીરીયલનો ઉપયોગ કરીને પણ પેચવર્ક કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેના લીધે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં પરીવહન વ્યસ્થામાં સુગમતા થવા પામશે તથા ખૂબ જ ટૂંકા સમયમાં બાકી રહેલી કામગીરી વિભાગ દ્વારા પૂર્ણ કરવા માટેનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

**ઓપરેશન સિંદુરમાં**

**પહેલા પાનાનું ચાલુ**

ઓપરેશન પછી ૧૩ પાકિસ્તાની એરબેઝને નુકસાન થયું હતું. "એવી કોઈ છબી નથી જે ભારતીય બાજુ કોઈ નુકસાન દર્શાવે છે," તેમણે કહ્યું.

**પાંચ મહિના પછી**

**પહેલા પાનાનું ચાલુ**

મહિના દરમિયાન રૂ.૨૭,૨૬૯ કરોડનો ઈનફ્લો જોવા મળ્યો હતો, જે મે મહિનામાં રૂ.૨૬,૬૮૮ કરોડ હતો. ઈક્વિટી-લિન્ક્ડ સેવિંગ્સ સ્કીમ્સ એકમાત્ર એવી કેટેગરી હતી જેમાં રૂ.૫૫૬ કરોડનો ચોખ્ખો આઉટફ્લો જોવા મળ્યો હતો.

એકંદરે, મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં જૂનમાં રૂ. ૪૯,૦૦૦ કરોડથી વધુનો પ્રવાહ જોવા મળ્યો હતો, જે મે મહિનામાં રૂ. ૨૯,૦૦૦ કરોડ હતો. આ રોકાણથી, ઉદ્યોગની એસેટ્સ અંડર મેનેજમેન્ટ (એયુએમ) જૂન સુધીમાં વધીને રેકોર્ડ ૭૪.૪ ટ્રિલિયન રૂપિયા થઈ ગઈ છે.

**વર્ષ ૨૦૬૧**

**પહેલા પાનાનું ચાલુ**

અબજ છે તે વધતી રહેશે અને ૨૦૬૧ સુધી લગભગ ૧.૭ અબજ પર પહોંચશે.

ત્યારબાદ ધીરે ધીરે ઘટીને ૨૧૦૦ સુધી ફરીથી ૧.૫ અબજની આસપાસ થઈ જશે. જ્યારે ચીનની વસ્તીમાં ઘટાડો શરૂ થઈ ચુકયો છે. અનુમાન છે કે ૨૧૦૦ સુધીમાં ચીનની વસ્તી ઘટીને માત્ર ૬૩.૩ કરોડ રહી જશે.અમેરિકાની વસ્તી ૨૧૦૦ સુધીમાં ૪૨.૧ કરોડ થઈ જશે. ૨૧૦૦ સુધીમાં ૬૦ ટકાથી વધુ વધારો માત્ર પાંચ દેશોથી થશે.તેમાં કોંગો, ઈથિયોપીયા, નાઈજીરીયા, પાકિસ્તાન અને ટાન્ઝાનિયા છે.આવનારા સમયમાં દુનિયાની વસ્તી સરેરાશ વૃદ્ધ થઈ જશે. દુનિયાની મધ્યમ વય ૧૯૫૦ માં ૨૨ વર્ષ હતી આજે લગભગ ૩૧ વર્ષ છે. ૨૧૦૦ સુધીમાં તે વધીને ૪૨ વર્ષ થઈ જશે. ૨૧૦૦ સુધીમાં ૬૫ વર્ષ અને તેથી વધુ વયનાં લોકોની સંખ્યા વધીને લગભગ ૨.૪ અબજ થઈ જશે.આજે આ સંખ્યા લગભગ ૮૫.૭ કરોડ છે. એટલે વડીલોની સંખ્યા બેગણીથી વધુ થઈ જશે. આ સાથે જ દુનિયાની કુલ વસ્તીમાં આ વડીલોનો હિસ્સો ૧૦ ટકાથી વધીને ૨૪ ટકા થઈ જશે.મધ્યમ વયનો અર્થ છે કે જો આપ કોઈ જગ્યાના બધા લોકોની વયને સૌથી નાનીથી સૌથી મોટી વય સુધી ક્રમમાં લગાવી દો તો વચ્ચે જે વય આવે તે મધ્યમ વય કહેવાશે.

**અમેરિકાના**

**પહેલા પાનાનું ચાલુ**

પણ વધુ ટેરીફ વસુલશું એટલુ જ નહીં કોઈ ત્રીજા દેશમાંથી થતી કેનેડીયન આયાતમાં પણ આ ટેરીફ વસુલાશે. સાથોસાથ ટ્રમ્પે કેનેડીયન કંપનીઓને અમેરીકામાં તેમના યુનીટ લગાવવા ઓફર કરી છે.

**ભાજપના રાષ્ટ્ર**

**પહેલા પાનાનું ચાલુ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પાટીદાર સમુદાયના હોવાથી પ્રદેશ પ્રમુખ પાટીદાર નહીં હોય તેવું માનવામાં આવે છે પણ રાજયમાં જે રીતે હવે અચાનક જ સમીકરણો બદલવા લાગ્યા છે તેથી ભાજપને તેના પ્રદેશ પ્રમુખને જાતી નિશ્ચિત કરવામાં સમય લાગી રહ્યો છે.

પક્ષને ઓબીસી જોઈએ છે કે, આદીવાસી અથવા તો અન્ય સમાજ. તે માટે પણ નકકી કરવું અઘરૂ થઈ પડયું છે. ઉતરપ્રદેશમાં યોગી આદીત્યનાથ લોકપ્રિય છે અને કેન્દ્રીય નિર્ણયોમાં પણ તેમની મજબૂત પકડ છે પરંતુ અહી ભાજપ યોગીને તમામ તાકાત આપી દેવા માંગતા નથી અને તેથી જ એવા પ્રદેશ પ્રમુખ નિમવા માગે છે કે જે તેના માટે યોગીનો વિકલ્પ બની શકે પણ યોગી પોતાનું વર્ચસ્વ છોડવા માંગતા નથી.

ભાજપ તેને સહેલાઈથી નજર અંદાજ પણ કરી શકે તેમ નથી. હરીયાણામાં ભાજપ પૂર્વ મુખ્યમંત્રી મનહરલાલ ખટરને રાષ્ટ્રીય સ્તરે લઈ જવા માગે છે પરંતુ હરીયાણામાં ખુદમાં આંતરીક જુથવાદના કારણે નવા પ્રદેશ પ્રમુખ નિમવામાં પ્રશ્ન છે.

વર્તમાન મુખ્યમંત્રી નાયબસિંહ સૈની પોતાની ઈનીંગ્ઝ લાંબી રહે તે માટે પોતાના નજીકના વ્યકિતને પ્રદેશ પ્રમુખ બનાવવા માગે છે. જયારે ખટર કેમ્પ અન્ય કોઈને આ પ્રકારે ગાદી સોપવા માંગે છે.

દિલ્હીમાં પણ આવો જ મામલો છે. તમામ સાત લોકસભા બેઠકો અને દિલ્હી વિધાનસભા પણ જીત્યા બાદ વર્તમાન પ્રદેશ અધ્યક્ષ વિરેન્દ્ર સચદેવા મુખ્યમંત્રી પદના દાવેદાર હતા પણ ભાજપે તેમના સ્થાને રેખા ગુપ્તાને મુખ્યમંત્રી બનાવ્યા હવે સચદેવા પોતે અથવા પોતાના વફાદારને પ્રદેશ પ્રમુખ બનાવવા માગે છે.

કર્ણાટકમાં પણ ભાજપ માટે મુશ્કેલ સ્થિતિ છે. લીંગાયત સમુદાયનું નેતૃત્વ પૂર્વ મુખ્યમંત્રી એસ. યદુયીરપ્પા કરે છે તેઓ પોતાના પુત્રને વધુ મજબુત રાજકીય નેતા બનાવવા માટે છે.

જયારે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી બી.એલ. સંતોષ વિરોધી કેમ્પના ગણાય છે અને તેથી જ યદુયીરપ્પાના પુત્ર વિજયેન્દ્રને આગળ વધવાની તક મળતી નથી. ભાજપ મોવડીમંડળ તેથી સમીકરણો ફીટ બેસે તે જોવા માગે છે.

**કાંતિલાલ**

**પહેલા પાનાનું ચાલુ**

અધ્યક્ષ પાસે જઈશ અને ગોપાલભાઈ પણ ત્યાં પોતાનું રાજીનામુ મુકવા માટે આવી જાય.ત્યાર બાદ મોરબીમાં ચૂંટણી આવે એટલે બંને મોરબીમાં આપણે બંને ચૂંટણી લડીશું અને હું જીભાનનો પાકો છુ ૧૯૯૮ માં યાર્ડની જમીન માટે બોલે લો તે કરી બતાવ્યુ છે માટે હવે જો ચૂંટણી લડવામાં તમે પાછા પડ્યા તો તમારા અને હું પાછો પડું તો મારા બાપમાં ફેર છે.હાલમાં ગોપાલભાઈના નામે ગુજરાતમાં ધમકી આપે, લોકોને ઉશકેરે વિગેરે જેવુ કામ કરવામાં આવી રહ્યું છે તે બંધ કરવાની જરૂર છે. અને મને ભાજપના સાનિષ્ઠ કાર્યક્રરો, મોરબીના વેપારીઓ અને ઉદ્યોગકારો ઉપર પૂરે પૂરો ભરોશો છે.જો કે, મોરબીની ચુંટણીમાં હું હારીશ તો ગોપાલભાઈને બે કરોડ રૂપિયા હું આપીશ. અને તેના માટે મારી પૂરેપુરી તૈયારી છે. ગોપાલ ઈટાલિયાએ આ ચેલેન્જ સ્વીકારી એમ પણ કહ્યું છે કે, પાટીલજીને પૂછયા વગર કે અન્ય કોઈ બહાના વગર રાજીનામુ આપી દેજો. તેઓ બધી તૈયારીમાં છે! તો સાત ચૂંટણી લડી ચૂકેલા અમૃતિયાએ પોતે બધી રીતે તૈયાર હોવાનો મેસેજ આપતા ગરમી વધી ગઈ છે.

**ગંભીરા બ્રિજ**

**પહેલા પાનાનું ચાલુ**

કોર્પોરેશન વિસ્તારોનાં બ્રિજ ચકાસવાનાં પણ આદેશ કરવામાં આવ્યા હતા. દુર્ઘટનાગ્રસ્ત બ્રિજનાં કારણો વિશે પ્રાથમીક રિપોર્ટ મંગાવ્યો હતો અને તેના આધારે એકશન શરૂ કરાયા હતા.

પ્રાથમિક રિપોર્ટના આધારે માર્ગ-મકાન વિભાગનાં ચાર અધિકારીઓને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવાનો આદેશ કરાયો હતો. આ અધિકારીઓમાં એકઝીકયુટીવ એન્જીનીયર એન.એન.નાયકાવાલા, ડેપ્યુટી એન્જીનીયર યુ.સી.પટેલ, આર.ટી.પટેલ તથા આસી. એન્જીનીયર જે.વી.શાહનો સમાવેશ થાય છે.

સુત્રોએ કહ્યું કે, છ સભ્યોની નિષ્ણાંત ટીમને વિગતવાર રીપોર્ટ આપવા કહેવાયું ચે. ૩૦ દિવસમાં રીપોર્ટ મળ્યા બાદ વધુ કેટલાંક અધિકારીઓ પર ગાજ વરસવાનાં એંધાણ છે.

**રેલ્વે**

**પહેલા પાનાનું ચાલુ**

હવામાન વિભાગે આજે હરિયાણાના ૯ જિલ્લામાં વરસાદની ચેતવણી જારી કરી છે. ચરખી દાદરી, ભિવાની, ઝજ્જર, રોહતક, ગુરુગ્રામ, રેવાડી, મહેન્દ્રગઢ, નૂહ, હિસારમાં ભારે પવન સાથે વરસાદ પડી શકે છે.

રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. આના કારણે તાપમાનમાં ૪.૪ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થયો છે.

**ચેમ્બર દ્વારા**

**પેજ-૨ પાનાનું ચાલુ**

હોય છે અને સમયસર સારવારથી તેઓ સંપૂર્ણપણે સાજા થઈ શકે છે. સ્ક્રીનિંગ પ્રક્રિયાની સરળતા અને ઉપલબ્ધ વિવિધ ટેકનોલોજી અને તેની સારવાર અંગે પણ તેમણે વિસ્તૃત માહિતી આપી હતી. ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની પબ્લીક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલ વડગામાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. પબ્લીક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડો. રાજન દેસાઈએ સેશનનું સંચાલન કર્યું હતું. કમિટીના સભ્ય શ્રી નિખિલ વઘાસિયાએ વકતાનો પરિચય આપ્યો હતો. જ્યારે કો-ચેરમેન ડો. જગદીશ વઘાસિયાએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માની સેશનનું સમાપન કર્યું હતું.

**તીર્થધામ બોચાસણ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

પ્રવચનો – પ્રસંગ કથન – વિડીયો દર્શન – નૃત્યો ના સંયોજનથી ગુંથાયેલ સમગ્ર કાર્યક્રમ સૌ શ્રોતાઓ માટે રોચક રહ્યો હતો. વિદ્વાન સંતો અને સદગુરુ સંતોના મનન -ચિંતન સભર પ્રવચનો દ્વારા આજના ઉત્સવનો મર્મ તેમજ આધ્યાત્મિક સાધના માર્ગ સૌ માટે સુલભ થયો હતો. આધ્યાત્મિક માર્ગમાં અક્ષરબ્રહ્મ સ્વરૂપ ગુરુની પ્રાપ્તિ દુર્લભ છે, પરંતુ તે પ્રાપ્તિ થયા પછી આ માર્ગે આગળ વધવા જે સાધના કરવાની છે, તેનું ઉચિત માર્ગદર્શન ઉત્સવ સભાના પ્રત્યેક ચરણે પ્રાપ્ત થતું હતું. વિદ્વાન સંતો પૂજય બ્રહ્મવિહારી સ્વામી, પૂજ્ય આદર્શજીવન સ્વામી, પૂજ્ય આનંદ સ્વરૂપ સ્વામી અને સદગુરુ સંતો પૂજ્ય કોઠારી સ્વામી (ભક્તિપ્રિય સ્વામી), પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામી, પૂજ્ય ઘનશ્યામચરણ સ્વામી, પૂજ્ય વિવેકસાગર સ્વામી, વગેરે સંતોના ચિંતન સભર, અનુભવગમ્ય અને મનનીય પ્રવચનો આ પ્રસંગે પ્રસ્તુત થયા હતા. આ પ્રસંગે નૂતન પ્રકાશનો વિમોચન થયા હતા જે અંતર્ગત "BAPS સત્સંગ ગુજરાતી" યુટ્યુબ ચેનલ, "BAPS સ્વામિનારાયણ પ્રકાશ" મોબાઈલ એપ્લિકેશનનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સૌના પ્રાણ પ્યારા ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વાદ આપતા જણાવ્યુ હતું કે "ગુરુમાં નિર્દોષ બુદ્ધિ સહિત સેવા કરવી. ગુરુને રાજી કરવાનો ખપ રાખવો. અંતર્દષ્ટિ કરી, ઊંડા ઉતરી અંતરનો કચરો સાફ કરીએ તો પરિણામ આવે. સમર્થ ગુરુવર્યો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખ સ્વામી મહારાજ મળ્યા છે પરંતુ આપણે અંતર્દષ્ટિ કરી, તૈયારી દાખવીએ તો કામ થઈ જાય."

કાર્યક્રમના અંતે સૌ વતી પૂજ્ય સદગુરુ સંતો તેમજ વરિષ્ઠ સંતોએ સ્વામીશ્રીને પુષ્પહારથી વધાવ્યા હતા. અંતમાં સૌ સંતો – હરિભક્તોએ ઠાકોરજી અને તમામ ગુણાતીત ગુરુવર્યોની સ્મૃતિ સાથે મંચ ઉપર બિરાજિત પ્રત્યક્ષ ગુણાતીત ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સમક્ષ મંત્ર પુષ્પાંજલી અર્પણ કરીને ગુરુવંદના કરી હતી.

આ પાવન પ્રસંગે મોટી સંખ્યામાં સંતો, આણંદ - સાંસદ શ્રી મિતેશભાઈ, ધારાસભ્યો શ્રી રમણભાઈ સોલંકી, શ્રી કમલેશભાઈ, અર્જુનસિંહ વગેરે મહાનુભાવો પધાર્યા હતા તેમનું પુષ્પહાર થી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૭૦ હજારથી વધારે હરિભક્તો – ભાવિકોએ આ ઉત્સવનો લાભ લીધો હતો. સૌ માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર બોચાસણના મહંત સદગુરુ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીના માર્ગદર્શન હેઠળ કોઠારી પૂજ્ય વેદજ્ઞ સ્વામી અને "ગુરુપૂર્ણિમા ઉત્સવ"ની વ્યવસ્થામાં સામેલ તમામ સંતો, ચરોતર ઝોનના કાર્યકરો અને ૩૫૦૦ ઉપરાંત સ્વયંસેવકોએ નોંધપાત્ર સેવા કરીને ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

**ગટુ વિદ્યાલય**

**પેજ-૨ પાનાનું ચાલુ**

મુજબ STEM Education દ્વારા ફાઉન્ડેશનલ વર્ષના વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ શરૂઆતથી મેળવી શકાય તે માટે ની ચર્ચા થઈ હતી તથા આ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ ને પ્રદર્શન અને અન્ય પ્રવૃત્તિ માં સાંકળી શકાય તેમજ ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમમાં પણ આ પ્રવૃત્તિ ને સાંકળી શકાય એવી અગત્યની બાબતો પર ચર્ચા કરવામાં આવી આ કાર્યશાળા માં અંકલેશ્વર તેમજ ભરૂચ ની CBSE શાળાના આચાર્ય શ્રીઓ એ આ પ્રોજેક્ટને શાળામાં હાથ ધરવા માટેનો ઉત્સાહ દાખવ્યો હતો. આ પ્રોજેક્ટને કેવી રીતે લીડ કરી શકાય તેનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. અને આ પ્રવૃત્તિના વિવિધ પાસાને સમજાવવામાં આવ્યા હતા

**નર્મદ દક્ષિણ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

શીખે છે. વાંચન-લેખન અને સફળ થવા ઉપરાંત સમાજ પ્રત્યે પણ પોતાની ફરજ નિભાવો. ભારતમાં સફળ થવાનો અર્થ માત્ર પોતાના માટે જીવવું નહીં, પરંતુ સમાજની પણ ચિંતા કરવી. તેમણે વિદ્યાર્થીઓને અપીલ કરી કે તેઓ વિકસિત ભારતના સપનાને સાકાર કરવામાં યોગદાન આપે. ભારતમાં સર્વે ભવન્તુ સુખિનઃ નો વિચાર સર્વોચ્ચ છે, એટલે ભારતને શિરમોર બનાવવું છે. વિશ્વમાં આનંદ અને શાંતિ વ્યાપી રહે તે માટે ભારતને પહેલું સ્થાન મેળવવું જરૂરી છે. કાર્યક્રમમાં અશોક પટેલ, હિમાંશુ ભટ્ટ, નરેશ કાપડિયા, વિરેન પારેખ, ડૉ. મનોજ પટેલ, નિલય પુરાણિક, વૈભવ શુક્લ સહિત શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન વિભાગના સાંસ્કૃતિક ક્લબના વિદ્યાર્થીઓએ કર્યું હતું.

**પ્રોસેસ ફૂડ્સ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

હતો, જ્યારે સમગ્ર વિશ્વમાં આ માર્કેટનું મૂલ્ય ૩૭૭ બિલિયન ડોલરથી વધુ છે અને તે દર વર્ષે ૫%ના દરે વૃદ્ધિ પામે છે. આ આંકડા પ્રોસેસ્ડ ફૂડ ક્ષેત્રે ઝંપલાવવા માટેની તકો દર્શાવે છે. યુરોપિયન યુનિયન પણ ફૂડ ઈમ્પોર્ટના મામલે સમૃદ્ધ બજાર છે, આથી સુરત સહિત દક્ષિણ ગુજરાતના ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીની સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકોને વૈશ્વિક સ્તરે ખાસ કરીને યુએસ અને યુરોપિયન યુનિયનના બજારોમાં એક્ષ્પોર્ટ કરવા માટે ઘણી તકો છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, વિશ્વ બજારમાં ભારતના ફૂડ પ્રોડકટસ માટે બહુ મોટી તકો ઉપલબ્ધ છે, ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ફૂડ પ્રોસેસિંગની મજબૂત ક્ષમતા, કૃષિ આધારિત ઉત્પાદન અને વેપારી જાગૃતિ આ તકોને સાકાર કરવા માટે યોગ્ય છે. જો ઉદ્યોગ સાહસિકો આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર કોમ્પ્લાયન્સ અને સર્ટિફિકેશન તરફ ધ્યાન આપે, તો ગ્લોબલ માર્કેટમાં તેઓ સ્પર્ધાત્મક થઈ શકે તેમ છે.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં કાયદાકીય અને ગુણવત્તા સંબંધિત કોમ્પ્લાયન્સ જરૂરી બની ગયું છે. જો નિકાસકર્તાઓ અને ઉત્પાદકો યોગ્ય રીતે

આભાર - નિહારીકા રવિયા કોમ્પ્લાયન્સિસનું પાલન નહીં કરે તો તેમને આંતરરાષ્ટ્રીય માર્કેટ સુધી પ્રવેશ મેળવવો મુશ્કેલ બની શકે છે, આથી તેમણે ઉદ્યોગ સાહસિકોને યોગ્ય કોમ્પ્લાયન્સિસ કરવા અનુરોધ કર્યો હતો.

SGCCI ગ્લોબલ કનેકટના સીઈઓ શ્રી પરેશ ભટ્ટે કાર્યક્રમનું સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. નિષ્ણાત વકતાએ ફૂડ પ્રોસેસિંગ સેકટરની સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકોની એક્ષ્પોર્ટ સંબંધિત મુંઝવણો દૂર કરી હતી અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.

**સુરતના વિવિંગ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

મશીનરીમાં રૂપિયા ૪૦ હજાર કરોડનું રોકાણ તેમજ ૪ લાખ હાઈસ્પીડ વિવિંગ મશીનની જરૂર છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઈલ મશીનરીનું ઉત્પાદન કરતી વિદેશી કંપનીઓ ભારતમાં રોકાણ કરે અને ભારતમાં જ ટેક્ષ્ટાઈલ મશીનરીનું ઉત્પાદન થઈ શકે છે. જોઈન્ટ વેન્ચરની સાથે ભારતમાં ટેક્ષ્ટાઈલ મશીનરીનું ઉત્પાદન કરી શકાય તેમ છે. ટેક્ષ્ટાઈલ મશીનના ઘણા કોમ્પોનન્ટ ભારતમાં બનતા નથી, આથી તેની આયાત કરીએ ત્યારે એના પર ઈમ્પોર્ટ ડયૂટી લાગે છે ત્યારે ભારતના ટેક્ષ્ટાઈલ મશીનરી ઉત્પાદકો ઈમ્પોર્ટ ડયૂટી વગર કોમ્પોનન્ટ આયાત કરી ભારતમાં જ એસેમ્બલ કરે તો ભારતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગની માંગને પહોંચી વળી શકાય તેમ છે તેવી ચર્ચા થઈ હતી.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઈલ મશીનરી મેન્યુફેકચરીંગ માટે સ્પેશિયલ પીએલઆઈ સ્કીમ માટે કેન્દ્ર સરકારને રજૂઆત કરી શકાય તેવી પણ મિટીંગમાં ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત ઈન્વર્ટેડ ડયૂટી સ્ટ્રકચરમાં સંશોધન કરી તેનું નિરાકરણ લાવવામાં આવે અને એને રેશનલાઈઝ કરવામાં આવે તેવી ચર્ચા થઈ હતી. ઈપીસીજી (એક્ષ્પોર્ટ પ્રમોશન કેપિટલ ગુડ્સ) સ્કીમ અને મુવર્સ સ્કીમ વચ્ચેના તફાવતને દૂર કરવામાં આવે તેમજ ટેક્ષ્ટાઈલ મશીનરી ઉત્પાદકોને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ માટે સ્પેશિયલ સ્કીમ મળી રહે તે અંગે પણ ચર્ચા થઈ હતી. ડિમાન્ડ અને સપ્લાયનો અભ્યાસ કરવા સંદર્ભે પણ ચર્ચા થઈ હતી. તદુપરાંત, ટેક્ષ્ટાઈલ મશીનરી મેન્યુફેકચરીંગ માટે અલગથી પાર્કની માંગ કરવામાં આવે તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૩૦ સુધીમાં ટેક્ષ્ટાઈલ ઉદ્યોગની માર્કેટ સાઈઝ ૩૫૦ બિલિયન ડોલર સુધી કરવાના લક્ષ્યાંકને પહોંચી વળવા માટે ૪ લાખ હાઈસ્પીડ વિવિંગ મશીનરીની જે જરૂરિયાત છે એ જરૂરિયાત પૂર્ણ કરવા માટે ડોમેસ્ટીક મશીન મેન્યુફેકચરર્સની ક્ષમતા શું છે? એનો વિગતવાર રિપોર્ટ ટેક્ષ્ટાઈલ મશીનરી મેન્યુફેકચરર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયા પાસે માંગવામાં આવ્યો હતો. મિટીંગમાં થયેલી ઉપરોકત ચર્ચા વિચારણા બાદ હવે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) અને ટેક્ષ્ટાઈલ મશીનરી મેન્યુફેકચરર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયા (TMMAI) સાથે મળીને બધા મુદ્દાઓ પર કામ કરશે અને સાથે મળીને જ કેન્દ્ર તથા રાજય સરકારને વિવિધ મુદ્દાઓ પર રજૂઆત પણ કરશે. જયાં સુધી ડોમેસ્ટીક મેન્યુફેકચરર્સની પ્રોડકટની પરફોર્મન્સ વેલિડીટી નહીં થાય ત્યાં સુધી આયાતી મશીનરી પર કોઈ રોક લગાવવી જોઈએ નહીં તેમ પણ આ મિટીંગમાં નકકી કરવામાં આવ્યું હતું.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ

શુક્રવાર, તા.૧૧ જુલાઈ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

# ભાઠા ગામે જનરેટરના ધુમાડાથી ગુંગળામણથી ત્રણનાં મોત

## ■ એક જ પરિવારના બે મહિલા સહિત ત્રણ આધેડના મોતથી ચકચાર

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૧**

શહેરના પાલ રોડ ભાઠા ગામ ખાતે આવેલા એક મકાનમાં જનરટેર ચાલુ રહી જતા ગુંગળામણથી એક જ પરિવારના ત્રણ આધેડ વયના સભ્યોના મોત થયા હોવાનો બનાવ બન્યો છે. કમકમાટી ભર્યા આ બનાવની જાણ પાલ પોલીસને થતા પોલીસે સ્થળ તપાસ કરી મૃતદેહનો પોસ્ટ મોર્ટમ માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડી આ સમગ્ર બનાવની તપાસ હાથ ધરી હતી. રૂમમાં રાત્રિના સમયે જનરેટર ચાલુ રહી જવાથી મોત થયા હોવાનું પ્રાથમિક કારણ હાલ બહાર આવ્યું છે ત્યારે બનાવ અંગે પાલ પોલીસે આગળની કાર્યવાહી શરૂ કરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર ભાઠા ગામમાં રહેતા બાલુભાઈ પટેલ ઉ.વ.૭૭, સીતાબેન પટેલ ઉ.વ.૫૬ અને વેદાબેન પટેલ ઉ.વ.૬૦ ગઈકાલે રાત્રિના સમયે રૂમમાં સુય ગયા હતા. જોકે તેઓ જે રૂમમાં સુતા હતા ત્યાંનું જનરેટર ચાલુ રહી ગયું હતું જેને પગલે ધુમાડો રૂમમાં ફેલાય ગયો હતો. ધુમાડાને કારણે



## ■ મૃતક પરિવાર ફાર્મ હાઉસ વીથ ક્રિકેટ ગ્રાઉન્ડની રખેવાળી કરતા હતા

ગુંગળામણ થતા ત્રણેય જણા ઉંઘમાં જ મોતને ભેટ્યા હતા. શ્વાસ રૂંધાવાથી મોત થવાની આ અરેરાટીપુર્ણ ઘટનાની જાણ સવારના સમયે સ્થાનિકોને થઈ હતી. તેમણે પોલીસને જાણ કરી હતી.

દરમિયાન પાલ પોલીસનો સ્ટાફ સ્થળ ઉપર પહોંચી ગયો હતો. મૃતદેહને રૂમમાંથી બહાર કાઢી એમ્બ્યુલન્સ મારફતે નવી સિવિલ હોસ્પિટલ રવાના કર્યા હતા. હાલ નવી સિવિલ હોસ્પિટલમાં ત્રણેય મૃતકોના પોસ્ટમોર્ટમની તજવીજ શરૂ કરવામાં આવી છે. વધુમાં પોલીસે મૃતકોના પરિવારજનો અને સ્થાનિકોના નિવેદનો પણ લીધા હતા.

વધુમાં પાલ વિસ્તારમાં આવેલા ક્રિકેટ ગ્રાઉન્ડની દેખરેખ માટે રાખવાાં આવેલા ત્રણ સભ્યોના મોત બાદ પોલીસ દોડતી થઈ ગઈ હતી. રાત્રિના સમયે આધેડ વયના ત્રણ સભ્યો ભરનીંદ્રામાં હતા આ સમયે જનરેટર ચાલુ જ હોય તેનો ધુમાડો રૂમમાં પ્રસરી ગયો હતો. જેના કારણે ગુંગળામણ થતા ત્રણેય જણા મૃત્યુને ભેટ્યા હતા.

# અડાજણ પ્રાઈમ આર્કેડ પાસેની સાંઈ ગણેશ પાઉભાજીની દુકાનમાં આગ

## શોર્ટસર્કિટને કારણે આગ લાગી હતી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૧**

આજે સવારે અડાજણ ખાતે સાંઈ ગણેશ પાવભાજીની બંધ દુકાનમાં આગ લાગતા અફરા તફરી સર્જાઈ હતું અડાજણ ફાયર બ્રિગેડની ટીમે ઘટના સ્થળે પહોંચી આગ ઓલવી હતી. જોકે કોઈ જાનહાન થઈ ન હતી પરંતુ દુકાનની વસ્તુઓ બળીને ખાક થઈ ગઈ હતી.

ફાયર ઓફિસર સંપત સુથારે જણાવ્યું હતું કે અડાજણ પાલનપુર રોડ દિન દયાળ સોસાયટીમાં તેજેન્દ્ર પાર્ક એપાર્ટમેન્ટમાં રહેતા મહેન્દ્ર નામજી પટેલ અડાજણ પ્રાઈમ આર્કેડની સામે સાઈ ગણેશ પાવભાજીના નામે ફાસ્ડ ફૂડનો ધંધો કરે છે. તેઓ સાંજે દુકાન ચાલુ કરે છે. દરમિયાન આજે સવારે તેમની દુકાનમાં અચાનક શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી, જોકે તે સમયે દુકાન બંધ હતી.પરંતુ દુકાનમાંથી ધુમાડા સાથે દુર્ગંધ આવતા ફાયરને આગ લાગી હોવાની જાણ કરાઈ હતી.

જેથી અડાજન ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર સંપત સુથાર તેમની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને શટલ ખોલીને આગ ઓલવી હતી. આ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું હતું

# ગ્રામ્ય એસઓજીએ બોગસ ડોક્ટરની ધરપકડ કરી

## પલસાણાના જોલવા ગામે પોલીસના દરોડા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૧**

પલસાણા ના જોલવા ગામમાંથી એસઓજી પોલીસે એક જોલા છાપ ડોક્ટર ની ધરપકડ કરી હતી જેમાં આરાધના ગ્રીનલેન્ડ માં મા કિલની ક્લિનિક માં ચિન મોય તીનાથ બિસ્વાસ ને પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી પાસેથી મળેલા મેડિકલ સાધનો અને દવાઓ સાથે કુલ રૂપિયા ૧૮,૦૦૦ નો મુદ્દા માલ જપ્ત કરવામાં આવ્યો હતો. જોલવા માં ગેરકાયદેસર ડોક્ટરી પ્રેક્ટિસ કરતો એક બોગર ડોક્ટર પકડાયો છે જોલવા ગામ ના માં કીલની ક્લિનિક માં ડોક્ટરી પ્રેક્ટિસ ચલાવતા ચિન મોય તીનાથ બિસ્વાસ ઢોલવા એસ્સાર પેટ્રોલ પંપ ની પાછળ આરાધના ગ્રીન લેન્ડ ઘર નંબર ૧૧૦ ગામ જોલવા મોર રહે પશ્ચિમ બંગાળ પકડાયો હતો તેની પાસે ગુજરાત મેડિકલ કાઉન્સિલ ના રજીસ્ટ્રેશન નું પ્રમાણપત્ર ન હોવા છતાં ડોક્ટરી પ્રેક્ટિસ કરતો હતો એસઓજી પોલીસે તપાસ દરમિયાન મુદ્દા માલ તરીકે મેડિકલ સાધનો અને દવાઓ મળી કુલ ૧૮૫૧૪.૮૪ નો મુદ્દા માલ જપ્ત કર્યો હતો આ એક આરોપીએ માનવ જીવન સાથે ચેડા કરતા ગેરફાયદેસર પ્રવૃત્તિ માં સંડોવાયેલ હોવાનો ગુનો કર્યો હતો આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ ચાલી રહી છે

# નાનાબાવા પરિવારના યુવકનું પારિવારિક સંબંધીએ ૪૭.૭૬ લાખનું કરી નાંખ્યું

## આરોપી યાહ્યા શેખ, પત્ની સાયમા અને સસરા યુસુફ શેખે ફરિયાદીના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરી લીધો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૧**

ભાગળ પીરછડી રોડ ખાતે રહેતા નાનાબાવા પરિવારના યુવક સાથેના પારીવારીક સંબાંધોનો લાભ લઈ શેખ દંપતિ સહિત ત્રણ જણાએ ધંધાકીય કામ માટે યુવકનો ક્રેડીટ કાર્ડ લઈ તેમાંથી વીજ બીલ, ગેસબીલ તેમજ મોબાઈલ બીલો ભરી જુલાઈ ૨૦૨૪થી ઓગષ્ટ ૨૦૨૪ સુધીમાં કુલ રૂ.૪૭.૭૬ લાખ ક્રેડીટ કાર્ડમાંથી વાપરી પેનેલ્ટી સહિત કુલ રૂ.૫૩.૭૬ લાખ નહીં ચુકવી વિશ્વાસઘાત કર્યો હોવાની ફરીયાદ મહીધરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

મહીધરપુરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર ભાગળ પીરછડી રોડ અય્યુબ મંઝીલમાં રહેતા અસ્ફાક અનવર નાનાબાવા ઉ.વ.૪૩ વેપારી છે. દરમિયાન તેના પારીવારિક સંબંધી યાહ્યા યુસુફ શેખ, યુસુફ શેખ અને યાહ્યાની પત્ની સાયમા શેખ (રહે. પનાવાળા એપાર્ટમેન્ટ, મોટી મસ્જીદની પાછળ) એ જુલાઈ ૨૦૨૪ થી મોબાઈલના વેપાર ધંધા માટે અસ્ફાક નાનાબાવા પાસે રૂપીયાની માંગણી કરી હતી. જોકે અસ્ફાક નાનાબાવાએ રૂપીયા આપવાની ના પાડતા તેમનો ક્રેડીટ કાર્ટ ઉપયોગમાં લેવાનું જણાવી પિતા યુસુફ શેખ તથા પુત્ર યાહ્યા અને પુત્રવધુ સાયમાએ રૂપીયા પરત કરી દેવાની જવાબદારી સ્વીકારી વિશ્વાસ કેળવી લીધો હતો.

ત્યારબાદ આ ત્રણેય જણાએ અસ્ફાક નાનાબાવાના ક્રેડીટ કાર્ડ નંબર અને ઓટીપી મેળવી લઈ કાર્ડમાંથી મોબાઈલ ફોન, ગેસબીલ, લાઈટ બીલ તેમજ વેરાબીલ ભર્યા હતા. કુલ રૂ.૪૭.૭૬ લાખ ક્રેડીટ કાર્ટમાંથી વાપરી ઉપાડી લઈ પેનલ્ટી મળી ૫૬ લાખ રૂપીયા અસ્ફાક નાનાબાવાને ચુકવ્યા ન હતા. આ મામલે ગઈકાલે મહીધરપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

# ઉત્રાણ હળપતિવાસમાં SMC પોલીસના દરોડા

## રૂા.3 લાખનો વિદેશી દારૂ જપ્ત કરાયો, એકની ધરપકડ જ્યારે મુખ્ય સૂત્રધાર સંજય ફરાર

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૧**

ઉતરાણ હળપતિ વાસ ખાતે ચાલતા દારૂના અડ્ડા ઉપર ગઈ કાલે સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડા પાડી ૩ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી એક આરોપીની ધરપકડ કરી હતી જયારે મુખ્ય આરોપી સહિત બેને વોન્ટેડ જાહેર કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા તાજેતરમાં અલથાણમાં પણ રેડ કરીને દારૂનો મોટો જથ્થો કબજે લેવાયો હતો ત્યારે શહેરના અન્ય વિસ્તારોમાં પણ ચાલતા દારૂના સ્ટેન્ડો ઉપર તવાઈ આવે તો નવાઈ નહીં.

ગુજરાત સ્ટેટ મોનિટરિંગ સેલ ને બાતમી મળી હતી કે ઉતરાણિપતિ વાસ રામપત ખાતે જયેશ ઉર્ફે પિંકો મહેશ પટેલ અને સંજય માલ્યા દારૂનો વેચાણ કરે છે આ બાતમીના આધારે ગઈકાલે સાંજ પછી સ્ટેટ મોનિટરિંગ સેલે બનાવના સ્થળે રેડ પાડી હતી આ રેડમાં પોલીસે વિપુલ રતિલાલ વસાવા, (રહે.ગાયત્રીનગર, ઉતરાણ) ની ધરપકડ કરી હતી.

પોલીસે અહીંથી ૨.૯૩ લાખથી વધુનો દારૂ કબજે કર્યો હતો તેમ જ એક વાહન પણ કબજે કર્યો હતો. જ્યારે ધંધો કરતા જયેશ ઉર્ફે પિન્કો મહેશ પટેલ અને મુખ્ય આરોપી સંજય ઉર્ફે માલ્યો પોલીસ પકડથી દૂર રહ્યો હતો. પોલીસે તેઓને વોન્ટેડ જાહેર કર્યા હતા. આ રેડ સ્ટેટ મોનિટરિંગ સેલના પી.એસ.આઈ આર.જી વસાવાની સુપર વિઝનમાં થઈ હતી

# વરસાદના વિરામ સાથે સુરતનું મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રીને આંબી ગયું

## તાપમાનમાં વધારો થતા ફરીથી ગરમીનો અનુભવ કરતા સુરતીજનો : લઘુત્તમ તાપમાન આજે પણ ૨૭ ડિગ્રી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૧**

વરસાદની આગાહી વચ્ચે વિતેલા ત્રણ દિવસથી સુરત શહેર જિલ્લામાં અને દ.ગુજરાતમાં ઉઘાડ નિકળ્યો છે. ૧૫ જુલાઈ સુધી હવામાન વિભાગે અતિભારે વરસાદની આગાહી કરી છે. જોકે શહેરમાં વરસાદે વિરામ લેવા સાથે તાપમાનનો પારો વધી રહ્યો છે. આજે સવારે શહેરનું લઘુત્તમ તાપમાન ૨૭.૧ સેલ્સિયસ ડિગ્રી નોંધાયુ છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૩૧ સેલ્સિયસ ડિગ્રી ઉપર પહોંચતા બફારાનો સામનો કરવો પડ્યો હતો. બે દિવસથી શહેરમાં ગરમીનું પ્રમાણ વધતું જોવા મળી રહ્યું છે. હવામાં ભેજનું પ્રમાણ ૯૧ ટકા રહ્યું હતું.

સુરત હવામાન વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર આજે સવાનું લઘુત્તમ તાપમાન ૨૭ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. હવામાન ખાતાએ આગામી ૧૫ જુલાઈ સુધીમાં સુરત, નવસારી, વલસાડ સહિત દ.ગુજરતમાં ભારે વરસાદની આગાહી કરી હતી જોકે વાતાવરણમાં ગરમાટો જોવા મળ્યો છે. આજે સવારે સુર્યનારાયણ નિકળવા સાથે બપોર થતા મહત્તમ તાપમામનો પારો ૩૦ ડિગ્રી ઉપર પહોંચી ગયો હતો. સુરત શહેર અને જિલ્લામાં વિતેલા ૨૪ કલાકમાં વરસાદ નોંધાયો નથી. ઉઘાડ નિકળતા જ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં વધારો થતા ગરમી પડી રહી છે.

# ચેક રિટર્ન કેસમાં વેપારીને એક વર્ષની સજા ફટકારતી કોર્ટ

## મિત્રે મિત્રને ધંધામાંથી રૂા.૪૭ હજાર ઉછીના આપ્યાં હતા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૧**

રૂ.૪૭ હજારના ચેક રિટર્ન કેસમાં ડિંડોલીના અધીદ્રવીદર ચીન્નથામબીને સુરત કોર્ટે ૧ વર્ષની કેદની સજા ફટકારી હતી.ડિંડોલી હર્ષ બંગ્લો સામે મીલેનીયમ પાર્કમાં રહેતા અધીદ્રવીદર શનમુગમ ચીન્નથામબીને ટેક્સટાઈલનો વેપાર શરૂ કરવો હતો. જેથી વર્ષ ૨૦૨૧માં અધીદ્રવીદરે મિત્ર આશિષ રમેશ ત્રિપાઠી(રહે.આરાધના સોસા.,ડિંડોલી) પાસેથી મિત્રતામાં ઉછીના નાણા માગ્યા હતા. જેથી આશિષે રૂ.૫૦ હજાર હાથ ઉછીના આપી તેની મદદ કરી હતી. ત્યારબાદ વાયદા પ્રમાણે આશિષે અધીદ્રવીદર પાસે પૈસાની માગણી કરી હતી. અધીદ્રવીદરે રૂ.૪૭ હજારનો ચેક આશિષ ત્રિપાઠીને આપ્યો હતો. જે ચેક રિટર્ન થતા સીનીયર વકીલ વિનય શુકલા મારફતે અધીદ્રવીદર વિરૂદ્ધ કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. આ કેસ ફરિયાદ પક્ષ પુરવાર કરવામાં સફળ રહ્યો હતો. કોર્ટે અધીદ્રવીદરને ૧ વર્ષની સજા અને ચેકની રકમ વળતર તરીકે ચુકવી આપવા આદેશ કર્યો હતો.

# બલેશ્વર ગામે જુગારધામ પર ક્રાઈમ બ્રાંચના દરોડા

## જુગાર રમતા છ જણાની ધરપકડ

**(પ્રતાપ પ્રતિનિધિ), કડોદરા,,તા.૧૧**

બલેશ્વર ગામે ખાડી ફળિયામાં મોહમ્મદ રહે માં ભાઈ મલેક ના ઘરની બાજુમાં આવેલ પતરાના ખુલ્લા સેડ માં ચાલતા જુગાર ધામ ઉપર સુરત ગ્રામ્ય એલસીબી પોલીસે દરોદો પાડી જુગાર રમતા છ જનાની ધરપકડ કરી હતી પોલીસે સ્થળ ઉપરથી વાહન સહિત કુલ રૂપિયા ૯૯૯૦૦ નો મુદ્દા માલ જપ્ત કર્યો હતો સુરત જિલ્લા એલસીબી પોલીસને મળેલી બાતમી ના આધારે આ દરોડા પાડવામાં આવ્યા હતા એલસીબી પોલીસે જુગાર રમતા ઈમ્તિયાઝ મોહમ્મદ મલેક સંજય ભાઈ હરિભાઈ પટેલ ગુણવંતભાઈ નાનુભાઈ રાઠોડ પરેશ ભાઈ દલપટભાઈ ઓડ ગૌતમ ભાઈ સંભાજી ભાઈ બેસાને ઝહીર સતાર શેખ ની ધરપકડ કરી હતી એલસીબી પોલીસે ઘટના સ્થળ પરથી રોકડા રૂપિયા ૩૯૯૦૦ તથા મોબાઈલ નંગ ચાર કિંમત રૂપિયા ૨૦,૦૦૦ તથા વાહન નંગ એક કિંમત રૂપિયા ૪૦ હજાર મળી કુલ રૂપિયા ૯૯ ૯૦૦ નો મુદ્દા માલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# વરાછાની સગીરાને ફાર્મ હાઉસ પર લઈ જઈ વારંવાર દુષ્કર્મ આચરાયું

## આરોપી હાર્દિક કાછડે લગ્નની લાલચ આપી કેફી દ્રવ્ય પીવડાવી સંબંધ બાંધી ફોટા પાડી લીધા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૧**

વરાછા વિસ્તારમાં રહેતી સગીરાને લગ્ન કરવાની લાલચ આપી અલગ-અલગ જગ્યાએ ફાર્મમાં લઈ જઈ નશીલા પદાર્થો પીવડાવી દુષ્કર્મ ગુજારાયું હતું. ત્યારબાદ સગીરાના ફોટા અને વિડીયો ઉતારી લઈ તેને વાયરલ કરવાની ધમકી આપવામાં આવતી હતી. પોલીસને પણ કંઈ કહેશે તો જાનથી મારવાની ધમકી આપવામાં આવી હોય આ મામલે વરાછા પોલીસ મથકમાં દુષ્કર્મ ગુજારનાર આરોપી અને ધમકી આપનારા તેના મિત્ર સામે પણ ગુનો નોંધાયો હતો.

વરાછા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર વરાછા સીતાનગર પાસે ઈશ્વર નગર સોસાયટીમાં રહેતા હાર્દીક ઘુસાભાઈ કાછડે એક સગીરાને લગ્ન કરવાની લાલચ આપી તેની સાથે સંબંધો કેળવ્યા હતા. સગીરાનો ભોળાપણાનો ગેરલાભ લઈ તેને સને ૨૦૨૪થી અલગ-અલગ ફાર્મમાં લઈ જઈ દુષ્કર્મ ગુજાર્યું હતું. નશીલા પદાર્થો પીવડાવી શરીર સંબંધ બાંધ્યા બાદ તેના ફોટા પાડી લેવાયા હતા. જેને આધારે બદનામ કરવાની ધમકી આપી શરીર સંબંધ રાખવા દબાણ કરાતું હતું. વધુમાં આરોપી હાર્દીક ઘુસા કાછડનો મિત્ર શની પણ સગીરાને જો પોલીસમાં જાણ કરશે તો મારવાની ધમકી આપતો હોય આ મામલે પરિવારજનોને જાણ થઈ જતા ગઈકાલે વરાછા પોલીસ મથકમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

# લીંબાયતના રિક્ષાચાલકે સલાબતપુરાની કોલેજીયન યુવતીનો પીછો કરતા ફરિયાદ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૧**

લિંબાયતમાં રહેતા રીક્ષા ચાલકે સલાબતપુરા વિસ્તારમાં રહેતી કોલેજીયન યુવતી અને તેની બહેનપણીનો પીછો કરી ઈશારા કરી મોબાઈલ નંબરની માંગણી કરી જો નંબર નહીં આપે તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપતા આ મામલે રીક્ષા ચાલક ગુલામ જાફર શેખ સામે સલાબતપુરા પોલીસ મથકે કોલેજીયન યુવતીએ છેડતીનો ગુનો નોંધાવ્યો હતો.

સલાબતપુરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર લિંબાયત ગોવિંદનગર પાસે તાજ પેલેસ ખાતે રહેતો ગુલામ જાફર શેખ રીક્ષા ડ્રાઈવર છે. ગઈ તા.૯ જુલાઈના રોજ ગુલામ શેખે સાંજના સમયે કોલેજીથી પરત જતી કોલેજીયન યુવતીનો કમેલા દરવાજા પાસેથી પીછો કર્યો હતો. બસમાં જતી યુવતીને ઈશારા કરી મોબાઈલ નંબરની માંગણી કરી હતી.

ત્યારબાદ બીજા દિવસે યુવતીના ઘરના ગેટ સુધી પહોંચી જઈ મોબાઈલ નંબરની બળજબરી માંગણી કરી જો નંબર નહીં આપે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

## ગુલામ શેખ ઘર સુધી પીછો કરી મોબાઈલ ફોન નંબર માંગી ધમકી આપી

# ડીંડોલીમાં યુવતીને પ્રેમજાળમાં ફસાવી કારમાં બળાત્કાર કર્યો

## લગ્ન નહી કરી માત્ર શરીર સંબંધ રાખવા દબાણ કરતા યુવતીએ પ્રેમી વિરૂદ્ધ ફરિયાદ કરી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૧**

ડિંડોલી વિસ્તારમાં રહેતી યુવતી સાથે પ્રેમ સંબંધ કેળવી તેને લગ્ન કરવાની લાલચ આપી અલગ અલગ હોટલમાં તેમજ કારમાં લઈ જઈ બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. અંગત પળોના ફોટા અને વિડીયો વાયરલ કરવાનું ધમકી આપી યુવતી સાથે લગ્ન નહીં કરી શરીર સંબંધ રાખવા દબાણ કરાતું હોય આ મામલે ગઈકાલે ભોગબનનાર યુવતીએ ડિંડોલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો.

ડિંડોલી પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર લીંબાયત નીલગીરી પાસે શ્રીનાથજી સોસાયટીમાં રહેતા સુનીલ ઘનશ્યામ સોલંકી વિરૂધ્ધ એક યુવતીએ બળાત્કારનો ગુનો નોંધાવ્યો છે.

ફરીયાદમાં જણાવ્યા અનુસાર સુનીલ સોલંકીએ એક યુવતીને લગ્નની લાલચ આપી તેની સાથે સંપર્કો કેળવ્યા હતા. લલચાવી ફોસલાવીને યુવતીને સુનીલ સોલંકી અલગ-અલગ હોટલમાં લઈ જતો હતો. સને ૨૦૨૩થી યુવતીના સંપર્કમાં આવેલા સુનીલે યુવતી સાથે શરીર સંબંધ બાંધી લગ્ન કર્યા ન હતા તેમજ અંગતપળોના ફોટો અને વિડીયો વાયરલ કરવાની પણ ધમકી આપી હતી. સમાજમાં બદનામ કરવાની અને જાનથી મારી નાંખવાની ધમકી આપતા આખરે સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.